કુમાર

સંસ્થાપક · સ્વ. રવિશંકર મ. રાવળ
આદ્યતંત્રી · સ્વ. બચુભાઈ રાવત




આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૫૯ · અંક ૭–૮ · જુલાઈ-ઑગસ્ટ '૮૨

સળંગ અંક
૭૦૩–૭૦૪

તંત્રી · બિહારીલાલ ટાંક

અમદાવાદના એક નિવૃત્ત આચાર્ય અને સાહિત્ય તથા કલાના વ્યાસંગી
કૃષ્ણવદન ક. ટલ્લાએ બનાવેલી 'કુમાર'ના નામાક્ષરો સાથેની કાગળકટાઈની એક ભાત





વગડાનું સૌંદર્ય

(કલાકાર : હિંમતલાલ શાહ)

સૌંદર્ય ભાવનાગત છે. એને ખોળવા સાગર કે સરવર-સરિતા સુધી યા ગિરિ-ગહ્વર કે વનરાજી સુધી જવાની, અથવા ઉષા-સંધ્યા કે ચંદ્ર-જ્યોત્સ્નાની રાહ જોવાની જરૂર નથી. સાચી રસદૃષ્ટિ તો નિર્જન વગડામાં બળતા બપોરે થૂવરના કાંટાળા ઝાંખરામાં યે સૌંદર્ય માણી શકે છે. એ જ રીતે વસંતમાં ખીલતાં પુષ્પોમાં જ નહિ, ઉનાળે મહોરતા વગડાઉ ફૂલોની રમણા પણ માણી શકાય. અહીં સૂના વગડે તપતા તડકામાં પર્ણહીન ડાળો પર ભભકતાં વનફૂલોનું સૌંદર્ય ચિત્રકારને સ્પર્શી ગયું લાગે છે, અને એ જ રીતે એ ગામડાની શ્યામાસુંદરીને તથા અજંપ ફૂલચકલીઓને પણ સંડેલા સુંદરતાના એકેક અંશે ચિત્રમાં પ્રાણ પુરાઈ તે જીવંત લાગે છે.

કુમાર

જુલાઇ-ઑગસ્ટ ૧૯૮૨

સળંગ અંક ૭૭૩-૭૭૪

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ : રૂ. ૩૦-૦૦; પરદેશ : રૂ. ૬૦-૦૦ અથવા પાઉન્ડ ૪ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ : રૂ. ૩-૦૦

તારકદ્યુતિ / રાજેન્દ્ર શાહ

· ગાન ·

દૂર દૂરની તારકદ્યુતિ મુજ નયનમહીં ઝળહળતી
અરવ તિમિર :—
તવ દુકૂલ – સ્પર્શન – હૂંફ અનર્ગળ કળતી.

પાંપણ જાય સહજ ઢળી
ભીતર જોઉં અવર નહિ કાંઈ.
તનિક બિંદુ સમ ભર્ગ
સકલ પણ એમાં રહ્યું સમાઈ.
અંગઅંગને પુલક નાદમય લહર લહર સળવળતી.

નયન હવે મુજ શ્રવણ,
શ્રવણ પણ લોચન હવાં પ્રમાણું;
અરધ રાત્રિને અવસર
મારે ઉદિત સુમંગલ વ્હાણું.
હું કેવળ ટહુકો થઈને આ હવા મહીં રહી ભળતી.

અનુભૂતિ / ભગવતીકુમાર શર્મા

શિખરિણી - સૉનેટ

હવે મૃત્યુ આવે, લગરીક નથી શોક અમને;
વિશાળા વિશ્વે આ હૃદયથી ચહે કોક અમને.
અટૂલા, એકાકી, ચિરવિરહી જેવા ભટકતા
હતા સ્હેરે સ્હેરે મીટ કરી દગોની અટકતા;
મળી જાયે આછું સ્મિત અસ્ફુટ ખૂણે અધરના,
જરા ઝીણા તારા મળી-ભળી રહે કો' નજરના;
પ્રતીક્ષાનો દીવો હળુહળુ જલે કો'ક ઉંબરે;
સ્મરીને હૂંફાળા, અલસમય કો' શ્વાસ જ ભરે.
કદી પત્રોમાંથી તરવરી ઊઠે સૌરભ મધુ,
વળોટી શબ્દોને સ્વરવી રહે લાગણી વધુ.
ટક્યા જેવાતેવા વ્રણ દદડતી છાતી લઈને;
ચિતાની જ્વાળા શી હૃદયક્ષિતિજે રાતી લઈને.
તમારો ત્યાં લાધ્યો પ્રણય, પ્રતીતિ પંડની થતી;
નથી વિશ્વે પ્રીતિ સમ અવર કોઈ અનુભૂતિ.

કોઈ જીવતા જાળામાં હોવાની અનુભૂતિ / ઉશનસ્

વસંત-મૃદંગ - સૉનેટ

બ્રહ્માંડ આ અખિલ એકમ એક પૂર્ણ,
જીવંત ને પરમ સંકુલ તંત્રવંતું,
આ આખું એક તન ચેતનમાત્ર; તંતુ-
કંપેથી જાળ અનુભાવ્ય, અદીઠ ઊર્ણ!
પાતાળના અતલથી અતિઊર્ધ્વ શૃંગે
આકાશની અલખ ટોચ લગીની વિસ્તૃતિ
આ સ્પંદની અનુભવું સરકંત ઝંકૃતિ
મારી તનુતમ રગેથી ય રક્ત રંગે..
હું ક્યાંક કોઈ અતિ સંકુલ વિશ્વદેહની
ઝીણી શિરાધમનીઓસ્રજી સૂક્ષ્મ જાળમાં
આવી ગયો છું, મુજમાંથી જ આરપારમાં
થાતી પસાર–લહું છું–ખળકો ય સ્નેહની.
આ તો મઝા: સ્ખલત ક્યાંકથી સ્પંદ આ રગે;
હું એ ધકેલું ધમી ફેફસું છેક તારકે!

ચોમાસાનો જુલ્મ એટલે... / દેવેન્દ્ર દવે

· ગાન ·

ફળિયું ધીંગું થઈ રણશિંગું નળિયું ઝૂક્યું નીચે,
દડબડ દડબડ પડે ડાબલા, કો'ક ભુરાયું હીંચે!
જંગલ જંગલ ન્હાય ઝૂમતાં ગુલાંટ અવળી ખાય,
ધરતી કેરા થાનોલેથી શ્વેત ઝરણ રેલાય!
જોબન ભીંજ્યું કમખે ચીખે : મયૂર લાજ ન રાખે,
પ્રહરો–વરસો ગણતાં ડેલી પંડિત ભઈ પલાખે!
વેંત વેંત કૈં તળાવ કૂદે દાદૂરના ઠેકામાં,
કો'ક બ્હાવરું સ્હેજ નાચતાં અઠંગ નાખે ધામા!
ટોળેટોળાં લપાય ઓથે મચાવતાં કલશોર,
'કોણ અલ્યો છે?' સૂરજ જો ને સંતાયો છે ચોર!
રાતદિવસનો ભેદ રહ્યો ના કાળા ભમ્મર વાને,
છબછબિયાંની દુનિયા છલકે ચડસભર્યાં તોફાને!
ગુંદરિયો મ્હેમાન આંગણે વરસે આઠે પ્હોર
થાક્યાં તોબા! હાઉં કરો લ્યો, 'ગાજો' ખીજે દોર!

વરસાદ / શિલ્પીન થાનકી


· ગઝલ ·

કદી ધારા, કદી ઝરમર બની વરસાદ આવે છે,
નભેતર નભ મહીંથી સંચરી વરસાદ આવે છે.

શતાબ્દીઓ લગી કણ-કણ ધરા તડપે, તપે, તરસે,
યુગોના આભ-ગોરમ્ભા પછી વરસાદ આવે છે.

મૃદંગી મેઘ-તાલે નાચતી વિદ્યુત્પરી બે પલ,
સમેટી સ્વેદ એનો બે ઘડી વરસાદ આવે છે.

ગુફામાનવસમૂહો! બ્હાર આવો, મુક્ત મન પલળો,
સિમેન્ટી આંગણાં ભરતો હજી વરસાદ આવે છે.



ફોટો • આર. આર. ભારદ્વાજ

અમે યુવાન હતા ત્યારે

મને લાગે છે કે અમારી પેઢીનો યુવાકાળ કોઇને પણ અદેખાઇ આવે એવો હતો. યુવાકાળ શું — અમારો જીવનકાળ જ એક રીતે વિશિષ્ટ હતો. ભારતના લાંબા અને ભાતીગળ ઇતિહાસમાં વિરલ ગણાય એવા, એક સ્વપ્ન જેવી રાજ કરીને ચાલી ગએલી પરદેશી સત્તાના અમલના મધ્યાહ્ન અને અસ્ત અમે જોયા. ગણીએ છીએ ત્યારે નવાઈ લાગે છે કે સાતસાત રાજ્ય-અમલ અમે જોયા. જગતભરમાં ફેલાઈ રહેલા મહાન બ્રિટિશ સામ્રાજ્યનો સૂર્ય જ્યારે સોળે કળાએ તપતો હતો એવા, મહારાણી વિક્ટોરિયાના અમલમાં અમે જન્મ્યા; પછી એડવર્ડ સાતમા, જ્યૉર્જ પાંચમા, એડવર્ડ આઠમા, જ્યૉર્જ છઠ્ઠા અને રાણી ઇલિઝાબેથ બીજા — એમ બીજા પાંચ અમલના વિવિધરંગી તડકાછાંયા જોયા પછી સાતમો, અને જીવનને ધન્ય બનાવતો સ્વરાજ્યનો અમલ પણ અમે ભોગવ્યો. ધન્ય તે કેવો ! ઇતિહાસમાં કદી નહોતા એવા આસેતુ-હિમાલય સંપૂર્ણ સ્વતંત્ર ભારતનું લોકરાજ્ય અમે માણી રહ્યા છીએ. આ ધન્યતાનું અમને ગૌરવ છે.

કિશોરકાળ વટાવીને અમે જ્યારે તારુણ્યમાં પ્રવેશ કર્યો ત્યારે સત્તાવનના વિપ્લવ પછીના 'સુખી' અંગ્રેજ અમલના ધારણ પછીની નવજાગૃતિ-નવનિર્માણની હવા બધે પ્રસરી ગઈ હતી. સ્વામી વિવેકાનંદનો 'ઉત્તિષ્ઠત જાગ્રત'નું વેદાન્ત પ્રબોધતો, દેશના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ઉત્થાનનો તથા દરિદ્રનારાયણની સેવાનો પ્રેરક મંત્ર હવામાં ગાજતો હતો. અને એ જ રીતે એની બેસન્ટે થીઑસૉફીની સાત્ત્વિક ધર્મવિચારણાના પ્રવાહને દેશભક્તિનો વેગ આપીને હોમરૂલની વિશાળ જાગૃતિમાં પલટાવી નાખ્યો હતો. વિદેશોમાં પણ બ્રિટિશ સામ્રાજ્યના તપતા સૂરજ સામે અમેરિકા સમૃદ્ધિ અને સત્તાના સોપાન ચડતું હતું અને વિશાળકાય રશિયાને હરાવનાર ટચૂકડું જાપાન વિકાસની ફાળો ભરતું હતું. એમનાં ઉદાહરણ આપીઆપીને અગ્રણીઓ આ દેશને એવી કોટિએ પહોંચાડવાની તાકાત કેળવવાના કોડ અમારામાં જગાડતા હતા. આવી ભૂમિકાએ અમને ગૌરવનું ભાતું બાંધી આપ્યું.

આ પ્રોત્સાહક વાતાવરણ એકેએક જાગ્રત જુવાનમાં દેશને માટે કાંઈક કરી છૂટવાની તમન્ના પ્રેરી રહ્યું હતું. અને તેને લાયક થવા માટે તેઓ જાતઘડતર અને આત્મસુધારણા અર્થે અવનવા સંકલ્પો લેતા હતા; જેમાં ચા-કૉફી નહિ પીવાથી માંડીને સ્વદેશીવ્રત સુધીની પ્રતિજ્ઞાઓ રહેતી. બેન્જામિન ફ્રાંકલિન જેવી જાતકેળવણીની અંગત ડાયરીઓ, સ્વાધ્યાય અને સેવાનાં નાનાંનાનાં મંડળો અને તેને માટે ચલાવાતાં હસ્તલિખિત માસિકોની હવા અમારામાં જામી હતી.

બરાબર આ જ ગાળામાં હું મૅટ્રિક પાસ થયો ત્યારે, મારા જીવનને વિષમ વળાંક આપતો એક આઘાત આવ્યો. પિતા જ્યાં નોકર હતા એ દેશી રાજ્ય ગોંડલના વતનીઓ માટે પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં મફત શિક્ષણ અને છાત્રાવાસની સોઈ હતી. છતાં કૌટુંબિક પરિસ્થિતિને કારણે આગળ અભ્યાસનો મારો એ ઉમંગ છૂંદાઈ ગયો અને સ્થાનિક હાઈસ્કૂલમાં માસ્તરગીરીથી જીવનની શરૂઆત કરવી પડી. એ હતાશાની પળોમાં ઉપર કહી તે નવજાગૃતિની હવાએ આશ્વાસક ભાગ ભજવ્યો. અભ્યાસકાળ દરમિયાન એક શિક્ષકે કહેલું અને ડાયરીમાં નોંધી રાખેલું એક પ્રેરક વાક્ય ત્યારે મદદે આવ્યું. એ વાક્ય તે આ : **Every man can not be a great man, but every man can be a gentleman** — બધાનાં નસીબમાં શિવાજી કે નેપોલીઅન જેવા મહાન થવાનું ભલે ન લખાયું હોય, પણ સંસ્કારસંપન્ન સજ્જન તો સૌ કોઈ આપબળે થઈ શકે, એવી પ્રેરણા એક વાર વર્ગમાં એ શિક્ષકે સીંચેલી. ત્યારના, ચિત્તમાં ચોંટી રહેલા એ સૂત્રબળે સંકલ્પ કર્યો, કે કૉલેજમાં જવાનું ભલે ન બન્યું, પણ પ્રયત્ન અને પુરુષાર્થ ખેડીને ગ્રેજ્યુએટ જેટલાં જ્ઞાન અને સંસ્કારની સજ્જતા તો હાંસલ કરવી જ.

સદ્‌ભાગ્યે ગામની તથા શાળાની લાયબ્રેરીઓ પુસ્તકે અને સામયિકે સમૃદ્ધ હતી. કુટુંબનો હું એકમાત્ર પુત્ર હોવા છતાં ઉગ્રશાસન પિતાની ધાક તળે ઘરના કિસમકિસમનાં કામ મારે નિવેડવાનાં રહેતાં. એમાંથી બચતો સમય વાચન, ડાયરીનોંધો અને ત્યાંના તાલુકા હેડમાસ્તર કવિ 'વિહારી'ના સાન્નિધ્યમાં કવિતા અને સાહિત્યના પરિશીલનમાં ગાળતો. પિતા અશ્વશાળાના ઉપરી હોઈ, નજીકમાં આવેલા મહારાજાના બંગલેથી તથા પડોશમાં રહેતા અંગ્રેજ અમલદારોને ત્યાંથી ઈંગ્લૅન્ડનાં લંડન ન્યૂઝ, સ્ફીઅર, ગ્રાફિક, સ્કેચ, બુકમૅન વગેરે સંખ્યાબંધ સચિત્ર સામયિકો જોવા લાવતા, તેમાંથી વિદેશી સાહિત્ય અને કળાનો રસ પોષાતો ગયો. કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓ ટૅનિસ રમી શકતા એ ઊણપ, ગામના શ્રીમંત મેમણ યુવાનોની કલબ તરફથી ખેલાતી ફૂટબૉલની રમતમાં રોજ સાંજે જોડાઇને પૂરતો. બીજી બાજુ રાજ્યની ચિત્રશાળાના સવારસાંજના વર્ગો ભરી તે વખતે ચાલતી ચિત્રકળાની ત્રણે કક્ષાની પરીક્ષાઓ મોખરે રહીને પસાર કરી, અને તે પછી એ શાળામાં સંઘરાએલાં કળાનાં પુસ્તકો તથા સામયિકોના સંપર્કથી ઉચ્ચ ને પ્રશિષ્ટ કળાઓની વિવિધ શૈલીઓની સમજ કેળવી.

ચિત્રકાર રવિશંકર પંડિત તો છેક પ્રાથમિક શાળાથી મારા સહા-

સ્થાયી રહેલા. કળાની નૈસર્ગિક શક્તિ હોઈ એ છેક બાળવર્ગમાં સ્લેટમાં ચિત્રો દોરવાથી માંડીને હાઈસ્કૂલમાં ઘરની ભીંત પર બજારુ રંગોથી સરસ્વતી આદિનાં સુંદર ચિત્રો—કોઈ પણ ચિત્રશાળામાં તાલીમ લીધા વિના - આલેખતા. એમના સંપર્કમાં જે ક્લારસ છેક નાનપણથી મારામાં વિકસતો રહેલો તે હવે પરિપુષ્ટ થતો ગયો. તેઓ કૉલેજમાંથી વૅકેશનમાં ગોંડલ આવે ત્યારે એમની પાસેથી એમના અભ્યાસના સાહિત્યગ્રંથો, ત્યાંના વિદ્વાન પ્રોફેસરો અને વિદ્યાપોષક વાતાવરણની વાતો ચાતકના કંઠે હું પીતો. આમ, સાહિત્ય અને કળા એમ બંને ક્ષેત્રોમાં સરખા ઉત્સાહ અને જોમથી હું દીક્ષિત થતો જતો હતો. ત્યારે મન ઘણી વાર દ્વિધામાં પડતું કે ભવિષ્યમાં એ બેમાંથી કઈ દિશા પકડવી. વળી, એવી કલ્પના પણ આવતી કે એ બંનેના સમન્વય જેવો સચિત્ર પત્રકારત્વનો વ્યવસાય ખેડવાનું મળે તો કેવું સારું ! શાળાની લાયબ્રેરીમાંનાં સ્ટ્રૅન્ડ, પીઅર્સન, પોલમૉલ, વિન્ડસર, આઈડલર આદિ ઈંગ્લૅન્ડનાં સચિત્ર સામયિકોની ફાઈલોએ એ સૃષ્ટિની અજબ મોહિની લગાડી હતી. આ મંથન ચાલતું હતું એવામાં ગુજરાતી સામયિકોમાં નવું જ સીમાચિહ્ન આંકતું સચિત્ર માસિક, 'વીસમી સદી' બહાર પડયું અને મને સચિત્ર પત્રકારત્વની ભાવિ કેડી લાધી ગઈ. લાગલા જ હસ્તલિખિત માસિક રૂપે મેં એના અવનવા પ્રયોગો શરૂ કર્યા. એ પછીનાં તુરતનાં વર્ષોમાં દેશળજી પરમાર અને ગૌરીશંકર જોશી-'ધૂમકેતુ' ગોંડલમાં શિક્ષકો થઈને આવ્યા એમની સાથે મૈત્રી થઈ. એથી મારી સાહિત્ય-વિભાવના પુષ્ટ થઈ અને અમારી ચાર મિત્રોની એ મંડળીએ ત્યારે જે ભાવનાસૃષ્ટિ રચેલી એનો ઘણોખરો ભાગ તો ગુજરાતે સાકાર થએલો પણ જોયો છે.

બીજી બાજુ, એ વખતના પીઢ અને પ્રભાવી સાપ્તાહિક 'ગુજરાતી'ના દિવાળીના અંકો તેમ જ 'વસંત' અને 'સાહિત્ય', 'જ્ઞાનસુધા' અને 'બુદ્ધિપ્રકાશ' આદિ સામયિકોમાં રણજિતરામ આદિના ગુજરાતના ઇતિહાસ અને સંસ્કૃતિ વિષયક આવતા લેખોના વાચનથી કાઠિયાવાડની સૃષ્ટિની સીમા વિસ્તરીને માતૃભૂમિ ગુજરાતના વિશાળ એકમ રૂપે મનોભૂમિ પર અંકાવા લાગી; અને રણજિતરામ ગુજરી ગયા ત્યારે એમને અપાએલી અંજલિઓ પરથી, ગુજરાતના એ સમર્થ સપૂતે પરદા પાછળ રહીને પોતાના ઊંડા અભ્યાસ અને અશ્રાંત પરિશ્રમ વડે કેટકેટલા તેજસ્વી જુવાનોને પ્રેરી. ગુજરાતી સાહિત્ય, ઇતિહાસ, શિક્ષણ, રાજકારણ આદિ વિવિધ ક્ષેત્રોના અંકોડાને એકઠા કરી 'ગુજરાતી સાહિત્ય પરિષદ', 'ગુજરાત કેળવણી મંડળ', 'ગુજરાત રાજકીય સભા' આદિ પાયાની સંસ્થાઓ સ્થાપીને સૌના દિલમાં ગુજરાતની અસ્મિતાનો જે અગ્નિ પ્રકટાવ્યો હતો તેની જાણ થઈ. એ અગ્નિનો તણખો કાઠિયાવાડના એ નાનકડા ગોંડલ ગામના આ તરુણને પણ લાગી ગયો હતો. ગુજરાતમાં ચાલી રહેલા સાંસ્કૃતિક ઉત્થાનના એ મહાયજ્ઞમાં એક અદના વરુણી થવાના અભિલાષ જાગ્યા.

અને સુભાગ્યે, બરાબર આ જ ગાળામાં, મારા યૌવનની ફફડતી પાંખોને સૌરાષ્ટ્રના સાંકડા સીમાડા વટાવીને વતન અમદાવાદના બહોળા આકાશમાં વિહરવાનો યોગ લાધ્યો. બન્યું એવું કે સ્વામી અખંડાનંદ ત્યારે અમુક સંજોગોથી કંટાળીને પોતાની સંસ્થા 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય' સંકેલી લઈ હિમાલય ચાલ્યા જવાની ઘડભાંજમાં પડ્યા હતા. એક વાર ગિરનાર જતાં, એ રસ્તામાં આવતા ગોંડલમાં, પોતાના જૂના પરિચિત અને ત્યાંના વિદ્યાધિકારી ચંદુલાલ પટેલ પાસે પોતાનાં એ મંથનની ચર્ચા કરવા ઊતર્યા. અને ચર્ચાને અંતે, કોઈ યોગ્ય કાર્યકર મળે તો એ સંસ્થાને ચાલુ રાખવાનો નિર્ણય લીધો. એ ચંદુભાઈ તે મારા સાહિત્યગુરુ 'વિહારી'ના પુત્ર એ મારી સાહિત્ય-કળાની પ્રવૃત્તિ અને મારા અભિલાષ જાણતા હતા. એમણે મારું નામ સૂચવ્યું અને સ્વામીજીએ મને અમદાવાદ બોલાવીને, સંકેલવાની અણી પર ઊભેલી એ સંસ્થાના સુકાનને પડખે બેસાડી દીધો. ત્યારે ત્યાં હિસાબો અને પ્રકાશનો આદિનું બધું કામ સ્થગિત હતું.

ગોંડલમાં શિક્ષક હતો ત્યારે સાહિત્ય અને કળાના અભ્યાસ ઉપરાંત બપોરની રજામાં હાઈસ્કૂલના કારકુનને હિસાબી તથા વહીવટી કાર્યમાં મદદ કરવાનું કામ પણ, નવુંનવું શીખવાના ઉમંગથી હું કરતો. અહીં 'સસ્તું સાહિત્ય'માં અનુભવ ખપ લાગ્યો. સાહિત્ય-પ્રકાશનના યજ્ઞકાર્ય જેવું કામ કરતી સંસ્થામાં જોડાવાની જીવનની મનમાની તક મળવાથી મારામાં અનેરી ધગશ પ્રકટી, અને છ છ માસના ચડેલા રોજમેળ તથા ખાતાવહી ઉપરાંત પ્રૂફરીડિંગ, પત્રવ્યવહાર અને સંપાદનથી માંડી સાડા છ હજાર ગ્રાહકોનાં સરનામાં કરવાનું, પોણો પોણો શેરનાં પુસ્તકોનાં આંગળાં દુખાડનારાં પૅકેટ બાંધવાનું, અને તે કોથળામાં ખભે નાખી નજીકની પોસ્ટ ઑફિસે પોસ્ટ કરવા જવા સુધીનું કામ હોંશેહોંશે હું કરતો. એમાં પ્રકાશનક્ષેત્રની પાયાની સર્વાંગી તાલીમ મેળવવાનું સદ્ભાગ્ય મને સાંપડયું.

રણજિતરામના જીવન પરથી એક પ્રેરણા ગાંઠે બાંધી હતી; કોઈ પણ પ્રવૃત્તિ કે સંસ્થાને પાંગરતી કરવા માટે તેના પાયામાં અંધારખૂણે બેસીને મજબૂત ચણતર કામ કરવાની જરૂર હોય છે. ખરું મહત્ત્વ મંદિરના શિખર ઉપર કળશ લઈ બેસનારનું નહિ. પણ પાયામાં મજબૂત પથ્થર જેટલી સઘન કાર્યશીલતા અને અંધારે ખૂણે દટાઈ જવાની ત્યાગભાવનાની આ દેશને જરૂર છે. 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય'ની કામગીરી કરતાંકરતાં આ ભાવનાને દઢાવીને મેં ગુજરાતના જીવનમાં પ્રવેશ કર્યો, પાછળથી શ્રી દેશળજી પરમારે એના પરથી પોતાના એક વિખ્યાત કાવ્ય 'અમર ઇતિહાસે'માં એને ઉતારી : 'પુરાતા પાયાના ચણતર મહીં પથ્થર થવું...'

કેટલીક વાર સદ્ભાગ્યોની પરંપરા સરજાય છે. 'સસ્તું સાહિત્ય'માં હતો એ જ ગાળામાં જીવનનો એક બીજો મહાયોગ પણ પ્રાપ્ત થયો. 'વીસમી સદી' માસિકમાં જેમનાં ચિત્રો જોઈ અમે મુગ્ધ થતા એ કલાકાર શ્રી રવિશંકર રાવળનો પણ, એક વાર ગોંડલમાં, મારા ચિત્રકાર મિત્ર રવિશંકર પંડિતને ત્યાં પરિચય થએલો. એ શ્રી રવિભાઈ હવે અમદાવાદમાં સ્થાયી થયા હોઈ એ પરિચય અહીં ગાઢ થતો ગયો ને એમણે અહીં શરૂ કરેલી જીવનયાત્રાનાં ઘણાં સ્વપ્નોના સાક્ષી તથા સાથીદાર થવાના શ્રી ગણેશ પણ આ જ કાળથી મંડાયા.

ગોંડલમાં સાધનાકાળે સાહિત્યનાં અન્ય સામયિકોની સાથે 'શ્રેયઃ સાધક અધિકારી વર્ગ'નાં સામયિકો 'પ્રાતઃકાલ' અને 'મહાકાલ'નાં વાચન પણ કરેલાં. થીઑસૉફિકલ સોસાએટીની પેઠે, પણ જુદી દિશામાં કામ કરતી એ સંસ્થાએ પ્રજાના શિક્ષિત વર્ગમાં અધ્યાત્મ-વિચારણાને નવા અને વિશદ સ્વરૂપે રજૂ કરીને બે પેઢીનું પાવક કાર્ય કર્યું છે. તેનાં ઉપર્યુક્ત સામયિકોના વાચનથી તપઃપૂત અને સત્ત્વશીલ જીવન જીવવાની અભિપ્સા જાગી હતી, તો અમદાવાદમાં આવ્યા પછી જાતઘડતરનું એક બીજું તત્ત્વ ઉમેરાયું. ગુજરાતમાં ત્યારે પ્રચ્છન્ન ક્રાંતિકારી પુરાણીબંધુઓના વ્યાયામના અખાડાઓમાં શરીર-મનની તાલીમ દ્વારા ગુજરાતી યુવાનીને ઓપ આપવાનું કાર્ય ગામેગામ ચાલતું હતું. વસંતપંચમી અને હુતાશનીના દિવસોમાં એ અખાડાના તેજસ્વી ને તરવરતા કિશોરોની ઘેર નીકળતી, અને વસંત ઋતુને નવ-જાગૃતિનું સ્વરૂપ આપીને, પોળો તથા ચૉક-ચોકઠામાં કવિ નર્મદનાં ઉદ્બોધક ગીતો ગાતી ગુલાલ ઉડાડતી ફરતી. એ ઘેર-મંડળોનાં ગીતગુલાલ તથા ત્યારના એમના લકડી-પટ્ટા અને લેજિમના પ્રયોગો ગામેગામના કુમાર-કિશોરોમાં જાગૃતિની જે ઝણઝણાટી પ્રકટાવતા તેણે ગુજરાતમાં એક આખી પેઢીના નવનિર્માણનું કાર્ય કર્યું છે. મેં કાઠિયાવાડમાં કરેલી

હેતનો અંતઃસ્રોત

પરિચય વિના જેમનું વ્યક્તિત્વ સ્પર્શી ગયેલું એ સદ્ગત બચુભાઇને મેં પ્રથમ લેખ મોકલ્યો તેના સ્વીકારપત્રમાં તેમણે લખેલું : 'તમારી લખાવટ સારી છે, અને જોડણીનું બરાબર ધ્યાન રાખો તો સોનામાં સુગંધ ભળે. શુભેચ્છા.' જાણે યુનિવર્સિટીની કોઈ ડિગ્રી મળી હોય તેવો આનંદ થયેલો એ પત્ર વાંચીને. પુનઃપુનઃ વાંચેલો એ પત્ર. પોરસ ચડેલું, કેફ રહેલો. સતત લાગ્યા કરતું કે ભાગ્યે જ એ માણસ ચાહવા જેવો છે. જે શિક્ષકે મને 'કુમાર' વાંચતો કરેલો એ શ્રી નિરંજન શાહને મેં પત્ર વંચાવેલો. એમણે જે પ્રતિભાવ દર્શાવ્યો તેથી મુ. બચુભાઈ પ્રત્યે વિશેષ અહોભાવ જાગ્યો. એ પછી પણ પત્રોથી મળવાનું થતું રહ્યું. પરન્તુ એક વાર પ્રત્યક્ષ કુમાર કાર્યાલય પર મળવાનું થયું, ત્યારે એમની સઘળી પૃચ્છામાં એમનું મારા પ્રત્યેનું હેત ઉભરાતું લાગ્યું. નાનામાં નાની વિગત પૂછેલી. બીજી વાર મળવાનું થયું ત્યારે યે હેતની માત્રામાં તફાવત ન જણાયો. મને લાગેલું કે એમનું હેત સતત અંદર વહેતું હતું, દેખાડો બહુ નહીં. એમની પૌત્રીના લગ્ન-પ્રસંગે પણ સહુની વચ્ચે એટલા જ હેતથી મને બોલાવેલો. એ હેત એક ઊગતા સર્જક-લેખક પ્રત્યેનું હતું. ગુજરાતી ભાષાના સર્જકો માટે એમનું હેત સતત એકધારું વહ્યું છે. મારે મન તો બચુભાઇ એટલે હેતનો ધોધ. પરંતુ એ જેટલો શાબ્દિક ન્હોતો, એટલો આંતરિક હતો. અંતરમાં વહેતો એ ધોધ હતો. જે જોઈ ન શકાય; માણી શકાય–અનુભવી શકાય. આથી જ કહેવાનું મન થાય છે કે બચુભાઈ એટલે 'હેતનો અંતઃસ્રોત.'

પ્રફુલ્લ રાવલ

કસરતો અને ખેલેલા ફૂટબૉલ દ્વારા શરીર કસવાનો જે ઉમંગ ખીલતો રાખેલો તે અહીં ઉત્તેજિત થયો, અને રોજ ઘેર નિયમિત દંડ-બેઠક તથા પિતાના સમયનાં પાંચપાંચ શેરનાં મગદળ વડે મેં શરીરને સુ-ગઠિત કરવા માંડ્યું.

એ કાળે ગાંધીજીએ અમદાવાદમાં આશ્રમ સ્થાપીને શરૂ કરેલી રાષ્ટ્રીય પ્રવૃત્તિ વેગ પકડતી જતી હતી અને ગુજરાતમાં તો તેનો જુવાળ ચડતો હતો. એમનાં બંને સાપ્તાહિકો – 'નવજીવન' અને 'યંગ ઇન્ડિયા'ના ત્યારે બબ્બે વધારા અઠવાડિયામાં નીકળતા અને છાપ-ખાનું રાત ને દિવસ ચાલતું. એના સંચાલક સ્વામી આનંદ સાથે રવિભાઈ દ્વારા થયેલા પરિચયે હું ત્યાં સવાર-સાંજ-રાત સ્વયંસેવા આપવા જતો, ત્યારે તંત્રીમંડળના મહાદેવભાઈ, કાકાસાહેબ કાલેલકર આદિની છાયામાં કામ કરવાના લહાવ અને લાભ બંને મળતા. 'સસ્તું સાહિત્ય'માં કરેલા સંપાદન કાર્યના અનુસંધાનમાં અહીં જે તાલીમ મળી તે, આગળ જતાં, એ નવજીવનનું જ પ્રકાશન મંદિર સ્થપાતાં તેના એક નિયમિત સેવક તરીકે જોડાયો ત્યારે પૂર્ણ કક્ષાએ પહોંચી.

દરમિયાનમાં રવિભાઈ સાથેની સ્વપ્નોની સાથીદારી મહોરતી જતી હતી. વચ્ચે, એમના આયોજનથી, 'વીસમી સદી' માસિકમાં એના તંત્રી હાજી મહમ્મદના મદદનીશ તરીકે જવાનું ગોઠવાયું હતું, પણ એ તક હાજીમહમ્મદના અવસાનથી વિલાઈ ગઈ, અને તેને કાજે 'સસ્તું સાહિત્ય'માંથી છૂટા થયાની મારી ચિંતા રવિભાઇને સાહસ કરીને કાઢવા નિરધારેલા 'હાજીમહમ્મદ સ્મારકગ્રંથ'ના પ્રકાશન સાથે ઉપાડી લીધી. તે પછી એના અનુસંધાનમાં એમણે 'વીસમી સદી'ની જ દિશા-માં આવતી કાલની પ્રજાને ઘડનારું એક સચિત્ર સામયિક શરૂ કરીને અમારી મહોરતી સ્વપ્ન મંજરીઓને ફૂલવતી કરી–અને 'કુમાર'નો ઉદય થયો. કેવા કેવા કોડ હતા ત્યારે અમને! જગત પ્રગતિની જે હરણફાળ ભરતું હતું અને દુનિયામાં જ્ઞાનના જે ભંડાર ભર્યા પડ્યા હતા એ બધાથી અનભિજ્ઞ એવી આવતી પેઢી આગળ એ દિશાનાં દ્વાર ખોલી નાખવા અમે જાણે અધીર બન્યા હતા. અહોહો ! કેટકેટલી દિશામાં કેટલું બધું કામ કરવાનું પડ્યું હતું! એ કરવા કમ્મર બાંધીને અમે ત્યારે જે બેસી ગયા, તે આજની ઘડી ને કાલનો દહાડો! પચાસ વર્ષ થવા આવ્યાં એ વાતને, પણ હજી એ ખૂટતું નથી—ઊલટું વધતું જાય છે, અને તેમતેમ રંગ ચડતો જાય છે. વચ્ચે જ્યારે સ્વરાજની લડત ચાલતી હતી તે વેળા કટોકટીના દિવસોમાં બીજું બધું બાજુએ મૂકીને એક જ ધ્યેય પાછળ ઝંપલાવવાનો ગુજરાતના જુવાનોમાં જુવાળ આવ્યો હતો, ત્યારે આ અખંડ યજ્ઞ ચલાવતાં ચલાવતાં ઘડી-ભર અમને પણ દ્વિધા થઈ હતી. પણ મન વાળી લીધું. પેલું સૂત્ર છે ને? **Those also serve who work and wait**, એમ, શાન્ત દિશામાં એક ખૂણે થતું અદૃશ્ય કામ પણ પોતાની રીતે મહત્ત્વનું હતું.

આજથી પચાસેક વર્ષ પહેલાંની આ બધી વાતો. શો જમાનો હતો એ! અને કેવાં હતાં ત્યારનાં તમન્ના અને તરવરાટ! એ જમાના-ની જુવાનીનું બીજું એક લક્ષણ તે ધ્યેયભક્તિ. દેશ પરાધીન છે, તેને મુક્ત કરવો છે, તેનાં સુષુપ્ત અને શિથિલ અંગોમાં જાગૃતિ અને પ્રાણ પૂરવાં છે, એવી ત્યારે દિલમાં તમન્ના રહેતી. એ માટે જીવનનું કોઇ ને કોઈ ધ્યેય નક્કી કરીને, તેની પાછળ ધગશ અને નિષ્ઠાથી ધૂણી ધખા-વીને બેસી જવાની ભાવનાથી અનેકાનેક યુવકો ત્યારે પોતે નક્કી કરેલા ક્ષેત્રમાં દટાઈ જતા. 'તપ વિના સિદ્ધિ નહિ' એ ત્યારે સર્વમાન્ય સૂત્ર હતું, અને તપઃપૂત સત્ત્વશાળી જીવન જીવવાના ત્યારે અમને ઓરતા થતા. દરેક મહિનાના પ્રારંભે એકએક નવો સંકલ્પ ડાયરીમાં લખતા અને આખો માસ તેના પર ધ્યાન કેન્દ્રિત કરતા. એ જ રીતે, રોજ દિવસને અંતે જાત પાસે જવાબ માગતા, અને દિવસ દરમિયાન કરેલી ભૂલો તથા રહી ગએલી ક્ષતિઓની કેફિયત નિખાલસપણે ડાયરીમાં લખી તે સુધારવા સંકલ્પ કરતા. મારા એક મિત્રની એવી ડાયરીનું નામ હતું, 'સૂતાં પહેલાં સાત લીટી'.

એ દિવસોમાં જીવવું–અને તેમાં યે જુવાન હોવું એ તો જીવનની એક મોટી ધન્યતા હતી. સાંસ્કૃતિક જાગૃતિનો અરુણોદય થયા પછી દેશની ચેતનાનો સૂર્ય હવે મધ્યાકાશે ચડતો જતો હતો. જલિયાંવાલા, અસહકાર, દાંડીકૂચ, સત્યાગ્રહ અને છેવટે 'હિંદ છોડો'ના નિનાદથી ગગન ગાજી ઊઠ્યું હતું અને દેશની જુવાની રમણે ચડી હતી. ખભે ખાંપણ ભેરવીને નીકળી પડતા, સ્વપ્નશીલ આંખો અને યજ્ઞેચ્છાની આભાથી ઓપતા ચહેરાવાળા યુવાનોની ત્યારે ભરતી ચડી હતી.

એને પડછે, આજે – અઢી ત્રણ દાયકા પછી શું જોઉં છું? પાતળિયા દેહ, લચકાતી કમ્મરો અને માથે લાંબાં ગંદાં ઝટિયાંવાળા બેંશા-ભડકામણા પોશાકો પહેરેલા, નિષ્ક્રિય ને નિરુદ્દેશ જુવાનોને શેરીને નાકે કે શહેરના ચૌટા-ચોકઠામાં, એકબીજાના ગળામાં હાથ નાખી હાહાઠીઠી કરતા જોઉં છું ત્યારે મન ગ્લાનિથી ભરાઈ જાય છે. થોડા વખત પહેલાં, એવા એક જુવાન સાથે મેં ઉપર કહી તેવી વાતો કરતો હતો. એ સાંભળીને એણે કહ્યુ : 'તમારે તો સ્વરાજ લાવવું હતું માટે એ બધું કર્યું, હવે અમારે એવી શી જરૂર?'

બિચ્ચારો! એને ક્યાં ભાન છે, કે સ્વરાજ્ય મેળવવું જેટલું કપરું હતું એ કરતાં એને જોગવવું ને જીરવવું એ વધારે દુષ્કર છે! આ પેઢી એ કરી શકશે? મને પતીજ તો પડતી નથી, પણ હું હમેશાં આશાવાદી રહ્યો છું. ભારતના ભાવિ અને તેની શક્તિમાં રહેલી આપણી શ્રદ્ધા ફળો. □

(કલકત્તામાં 'કેસૂડાં' વાર્ષિકના ઈ. ૧૯૭૩ના અંકમાં બચુભાઇનો આ લેખ પ્રકટ થએલો. 'કુમાર'માં ઉતારવા માટે તે મેળવી આપવા બદલ અમે શ્રી રમણિક મેઘાણી તથા 'કેસૂડાં'ના આભારી છીએ. —સં.)

બચુભાઈ

મારા વડીલ મિત્ર

લેફ. કર્નલ બલવન્ત ભટ્ટ

સન ૧૯૩૯ના મે માસમાં અમે, એટલે કે બચુભાઈ અને હું ચાણોદ-ગરુડેશ્વર થઈ ત્યાંથી હોડીમાં શિનોર ગયા હતા. સામાન્યરીતે ઉનાળાની મારી રજાઓમાં આ અવકાશે થોડા દિવસ અમે આમ અમદાવાદ બહાર કોઈ સ્થળે પ્રવાસ-પર્યટને નીકળી પડતા. જો કે 'કુમાર'નાં કામોમાંથી બચુભાઇને બહુ ઓછો સમય મળતો. લગભગ આખો દિવસ અને ઘણી વાર તો એથી યે મોડે સુધી તેઓ કાર્યાલયમાં રહેતા. કવિ-લેખકો, 'કુમાર'ના ચાહકો, ગ્રાહકો, વિદ્યાર્થીઓ એમ અનેકાનેક મુલાકાતીઓનો એ દરમિયાન પ્રવાહ ચાલતો રહેતો આથી ઘણી વાર એમનું કામ પણ ખોરંભાતું. એનો લેશ પણ રંજ કળાવા દીધા વિના બચુભાઈ એ સૌ સાથે એકસરખી સલૂકાઈથી વાતો કરતા. કોઇને કંઈ માર્ગદર્શન આપતા, કોઇને લખવા પ્રેરતા, કોઇને કોઇ નવી દિશા સૂચવતા. :આમ, એ દોર લગભગ દિવસભર ચાલતો રહેતો, અને એમાં વચ્ચેવચ્ચે થઈ શકે તેવું નાનુંમોટું કામ પણ એ પતાવતા જતા. બપોરે એકથી ત્રણ એ ઘેર જમવા જાય એ જ, બાકી સાંજે— અથવા યોગ્ય રીતે કહું તો રાતે એમના ભોજનનો સમય નિશ્ચિત નહિ. ક્યારેક કોઈ મિત્ર મહેમાન હોય તો તેમને પણ સાથે ઘેર લઈ જઈ જમાડે. અનેક વાર આ લાભ મને પણ મળ્યો છે.

હું કંઈ બચુભાઇનો સમવયસ્ક નહોતો. બચુભાઈ અમદાવાદમાં સ્થાયી થયા ત્યારથી મારે અને એમને પરિચય થએલો. મારી વય ત્યારે માંડ ચૌદ-પંદરની હશે. પણ એમના બહુવિધ જ્ઞાનનું મને બહુ મોટું આકર્ષણ હતું. શાળાના અભ્યાસ ઉપરાંત, અનેકાનેક બાબતોમાં એ મારા ગુરુ હતા. શ્રી રવિભાઇના ઘેરથી આરંભાએલો અમારો આ સંબંધ આગળ જતાં વધુ ને વધુ આત્મીય બનતો જઈ એ મારા વડીલ મિત્ર બની રહેલા. મને એમણે પોતાના નાના ભાઇની જેવો જ ગણેલો. અને એ અધિકારે ઘણી વાર હું એમને એમની સતત કાર્યરતતામાંથી વિરામ લેવા આગ્રહપૂર્વક ક્યાંક ને ક્યાંક બહાર ખેંચી જતો. આગળ જતાં નોકરી અંગે મારે જ્યાંજ્યાં રહેવાનું થયું ત્યાંત્યાં લગભગ બધે મેં એમની મહેમાનગતિ કરવાનો લાભ લીધો છે. પ્રવાસ-પર્યટનોનો એમને શૉખ હતો, પણ એ માટે એમને બહુ જ ઓછો અવકાશ મળતો, અને છતાં જ્યારે એવી તક મળે ત્યારે શક્ય હોય તો તેનો તેઓ અચૂક આનંદ માણતા. 'કુમાર'નાં આરંભનાં વર્ષોમાં આ રીતે અમે અનેક વાર નાનાનાના પ્રવાસોની મોજ માણી હતી. અને આવા પ્રવાસો દરમિયાન એમની પાસેથી મને ઘણુંઘણું શીખવા મળ્યું છે. મારા અનેક અંગત પ્રશ્નોના ઉકેલ માટે એ દરમિયાન મેં એમની પાસેથી માર્ગદર્શન મેળવ્યું છે. ફોટોગ્રાફી અંગેના મારા વિકાસમાં આવે વખતે એમણે મારી દૃષ્ટિ વધુ ખીલવી છે. અનેક સૌંદર્ય-



ઉત્તર ગુજરાતના પ્રવાસમાં સર્વશ્રી બલવન્ત ભટ્ટ, બચુભાઈ અને હરિનારાયણ આચાર્ય

સ્થાનો તરફ મારું લક્ષ દોરીને ફોટોગ્રાફીની દૃષ્ટિએ તેનું મહત્ત્વ, તેની કલામયતા, ભાવાત્મકતા વગેરે વગેરેનું એમણે મને જ્ઞાન આપ્યું છે. ફોટોગ્રાફી–ચિત્રાત્મક ફોટોગ્રાફીની મારી સમજ અને પ્રગતિના પાયામાં બચુભાઇએ આપેલી સમજનો ઘણો મોટો હિસ્સો છે.

અલબત્ત, રવિભાઇનો પણ તેમાં ઘણો હિસ્સો હતો જ. ફોટોગ્રાફીનો કક્કો તો મને એમણે જ શીખવેલો. મુંબઈથી 'કૉડાક'નો બ્રાઉની ઝીરો બૉક્સ કૅમેરા લાવીને એમણે મને ભેટ આપેલો. તેના પર પહેલો ફિલ્મ રોલ એક્સપોઝ કરતી વખતે તેઓ સાઈકલ પર મારી સાથે અમદાવાદમાં વિવિધ સ્થળે ઘૂમેલા, અને ફોટો લેવા જેવાં સ્થાનો ને પાત્રો તરફ મારું લક્ષ દોરી ક્યાં કેમ ફોટો લેવો તે બધું સમજાવેલું. એ કાળે રાયપુર ચકલામાં ઘોડાગાડી માટે સ્ટૅન્ડ હતું ને તેની પાછળ એક હવાડો હતો. ત્યાં પાણી પીતા ઘોડાનો એક ફોટો, તે પછી હાથલારી ખેંચી જતાં મારવાડી સ્ત્રી-પુરુષ, આસ્ટોડિયા દરવાજા પાસે રાણી સિપ્રીની મસ્જિદ વગેરેના તે દિવસે અમે ફોટો લીધેલા, અને એ જ રાતે, પોતાને ઘેર લાલ ફાનસના અજવાળે એ ફિલ્મ-રોલ કેમ ડેવલપ કરવો તે, તથા બીજે દિવસે તડકામાં તેના પરથી કેમ પ્રિન્ટ કાઢવા તેનું તેમણે મને પ્રત્યક્ષ જ્ઞાન આપેલું, એ આજે યે મને યાદ છે. આ પછી જેમજેમ હું ફોટો લેતો ગયો તે હું બચુભાઇને પણ બતાવતો. મારા ચિત્ર-સંયોજનોને મળતાં પણ વધુ ઉમદા ફોટોચિત્રો જો એમણે ક્યાંય જોયાં હોય તો એ બતાવીને મને તેઓ એની ખૂબીઓ સમજાવતા. મને ઉપયોગી એવાં સામયિકો જોવા-વાંચવા આપતા અને અનેક નવાનવા ચિત્રવિષયો પણ સૂચવતા. છેક ૧૯૨૯માં બચુભાઇએ મને રંગીન ફોટોગ્રાફી કરવા પ્રેર્યો હતો. એ માટે પરદેશી સામયિકોમાંનું કેટલુંક સાહિત્ય પણ મને બતાવ્યું હતું. અને એથી પ્રેરાઇને એ વખતે ગુજરાત કૉલેજના ઉત્તર તરફના ભાગની મેં એક રંગીન પ્લૅટ ઉતારી હતી. આમ, લ્યૂમિનેર પ્રૉસેસ ને જર્મનીની આગ્ફાક્રૉમ પ્રોસેસની સૌપ્રથમ સમજ મને બચુભાઈ દ્વારા મળી હતી. એ પછી નર્મદાકિનારાના પ્રવાસમાં મેં આગ્ફાક્રૉમની પણ સફળ અજમાએશ કરેલી.

નર્મદાના એ પ્રવાસનું મારા માટે બીજી રીતે યે મહત્ત્વ હતું. કૉલેજ પૂરી કરી આરંભેલી વકાલત છોડી મેં ન્યાયાધીશ તરીકે સરકારી નોકરીમાં જોડાવા વિચાર્યું હતું. બચુભાઇ સાથે આ અંગે મેં ચર્ચા કરેલી. ભાગ્યવશાત્ અને અમુક રાજકીય પ્રત્યાઘાતોને લીધે મને એ સ્થાન મળતાંમળતાં રહી ગએલું. પણ પછી પ્રાંતીય સ્વરાજના બીજા તબક્કામાં ફરી એ માટે પ્રસ્તાવ આવ્યો અને અમે પ્રવાસ કરતાં શિનોર પહોંચ્યા ત્યાં એની જાણ કરતો મારા પિતાશ્રીનો પત્ર મળ્યો. બચુભાઇએ આગળનો પ્રવાસ અટકાવીને અમદાવાદ પહોંચી જવા સૂચવ્યું, અને અમે પાછા ફર્યા.

આમ, મારા ઘડતરમાં અને વિકાસમાં બચુભાઇએ ઊંડો રસ લીધો હતો. અમદાવાદ આવી એ 'સસ્તું સાહિત્ય'માં જોડાયા ત્યારથી હું એમના પરિચયમાં આવ્યો હતો. રવિભાઇને ત્યાં તો રોજ જતો-આવતો. એ પણ ત્યાં આવતા. બીજી પણ અનેક નામી-અનામી



મોઢેરાનાં મંદિરદ્વારમાં શ્રી બચુભાઈ (ફોટો · બલવન્ત ભટ્ટ)

વ્યક્તિઓનો ત્યાં મને પરિચય થતો રહેતો, પણ બચુભાઇ સાથેનો મારો પરિચય વધુ ગાઢ બનતો ગયો હતો. 'કુમાર'નું પ્રકાશન આરંભાયા પછી તો તેનું કાર્યાલય મારા, અને મારા જેવા બીજા ઘણા માટે જાણે કે ઘર જ બની ગયું હતું. કનુ દેસાઇ, કૃષ્ણલાલ ભટ્ટ અને બીજા ઘણા નવોદિત કલાકારો સહિત અમે લગભગ કાર્યાલયમાં જ પડ્યાપાથર્યા રહેતા. 'કુમાર'ના છપાએલા ફર્મા વાળવાથી માંડી ટપાલમાં અંક રવાના કરવા સુધીનાં અનેક નાનાંમોટાં કામોમાં અમે યે સાથ પુરાવતા અને સાથોસાથ અમારા રસના વિષયમાં નવુંનવું શીખતા જતા.

અહીં જ ૧૯૨૫ના અરસામાં રવિભાઇએ 'કુમાર કૅમેરા કલબ' સ્થાપેલી 'કુમાર પ્રૉસેસ સ્ટૂડિયો'નો ડાર્કરૂમ વાપરવાની પણ રવિભાઇએ અમને પૂરી છૂટ આપેલી. આ કલબમાં સભ્યોએ લીધેલા ફોટોગ્રાફ ઉપર ચર્ચાઓ થતી, ફોટોગ્રાફી વિષે અવનવું સાહિત્ય વંચાતું, અનુભવોની આપ-લે થતી. આગળ જતાં એમાંથી અમારું–નવોદિત અને થોડા અનુભવી ફોટોગ્રાફરોનું એક બીજું મંડળ રચાયું. બચુભાઇએ એને 'નિહારિકા' નામ આપ્યું. દર શુક્રવારે રાતે આઠ વાગ્યે 'કુમાર કાર્યાલય'માં જ અમારી નિયમિત બેઠક મળતી. આજે ગુજરાતની સીમાઓ વળોટીને દેશમાં અને વિદેશમાં સુધ્ધાં ખ્યાત બની ગએલી આ 'નિહારિકા કલબ'નો એ આરંભ હતો ને તેના પાયામાં બચુભાઇનો સક્રિય રસ હતો. કાવ્યક્ષેત્રે બચુભાઇની 'બુધસભા'એ જે કામ કર્યું છે, એવું જ કામ ગુજરાતમાં ફોટોગ્રાફીનો ફેલાવો કરવામાં અને અનેક ઉમદા ફોટોકલાકારો સરજવામાં 'નિહારિકા'નું રહ્યું છે. અને આ બંનેના મૂળમાં બચુભાઇનાં જ પ્રેરણા અને રસ રહ્યાં છે. જેમ કવિઓનો તેમ અનેક ફોટોગ્રાફરોનો પ્રથમ પરિચય પણ બચુભાઇએ ગુજરાતને કરાવ્યો છે. લગભગ તેર વર્ષ સુધી તેઓ 'નિહારિકા' સાથે સંકળાએલા રહ્યા હતા.

જો કે બચુભાઈની આવી પ્રવૃત્તિઓ તો ઓછાવત્તા અંશે સુવિદિત છે. અહીં એ આડવાત જેવી લાગશે. પરંતુ મારા જેવા બીજા ઘણાના જીવનમાં અંગત રસ રાખીને બચુભાઇએ અમારા ઘડતરમાં જે ભાગ ભજવ્યો છે એનું મૂલ્ય ઘણું ઊંચું ગણાશે.

ઈ. ૧૯૨૪ની વાત છે. મારે મારા વતન ભાવનગર જવાનું થયું. વડીલોએ મારા વેવિશાળ માટે ત્યારે વિચારી રાખેલું એ તો ત્યાં ગયા પછી મને ખબર પડી. પણ આપણા સામાજિક રિવાજો, કન્યાની પસંદગી, લગ્ન અને તે પછીની જવાબદારી તથા માણસની પ્રગતિ ને પ્રવૃત્તિઓ વગેરે અંગે બચુભાઈ સાથે અગાઉ અનેક વાર ચર્ચાઓ કર્યાથી લગ્નજીવન અને કન્યાની પસંદગી અંગે મારા કેટલાક નિશ્ચિત ખયાલો બંધાયા હતા. પણ ભાવનગરમાં મારી રીસ, ગુસ્સો કે દલીલોની કોઈ કારી ફાવી નહિ, વડીલોએ પોતાનું ધાર્યું જ કર્યું અને રીસથી ધૂંધવાતો હું પાછો ફર્યો. બચુભાઇને બધી જાણ કરી અને મેં મારા ખયાલો ને અપેક્ષાઓ એમને જણાવ્યા. રવિભાઇ સાથે તો અમારે કૌટુંબિક નાતો હતો અને કદાચ એટલે તેઓએ મને અનુમોદન આપ્યું નહિ, પરંતુ બચુભાઇએ મારી વાત દિલસોજીથી સાંભળી ને તે પછી જે ચર્ચાઓ કરી તે પરથી મને લાગ્યું કે હું મારા વિચારોમાં ખોટે માર્ગે નહોતો જ. મારે મારું જે રીતે ઘડતર અને વિકાસ સાધવાં હતાં તેમાં એ કાળે લગ્નજીવનની જવાબદારીઓ બાધક નીવડે તેમ હતી. પોતાની પણ ઘણી અભિલાષાઓ આ જ રીતે અપૂર્ણ રહી ગયાનું જણાવી બચુભાઇએ મને હિંમત આપી હતી. છેક સુધી બચુભાઈ મારા પક્ષમાં રહેલા, પરંતુ એમણે કદી પોતાના વિચારો મારા પર લાદવાનો પ્રયાસ કર્યાનું મને સાંભરતું નથી. પોતાનો બિલકુલ તટસ્થ અભિપ્રાય એ વિગતવાર સમજાવતા ખરા, પણ છેવટનો નિર્ણય મારે જ લેવાનો રહેતો. આ બાબતમાં પણ મેં અંતે નિર્ણય કરી લીધો. ચારેક વર્ષ સુધી તો મેં ભાવનગર જવાનું પણ ટાળ્યું, અને અંતે મારી જીત થઈ.

પછી તો બીજાં દસ વર્ષ વીતી ગયાં. દરમિયાન અનેક પાત્રો સાથે જોડાવાનો યોગ પણ સાંપડતો રહ્યો. એ દરેક વખતે બચુભાઈ સાથે બહુ મુક્ત મને ચર્ચાઓ કરી અને અંતે ૧૯૩૯માં મને મારી પસંદગીનું યોગ્ય પાત્ર મળી ગયું. અલબત્ત, એ લગ્ન કરવામાં પણ કેટલીક મુશ્કેલીઓ તો નડી જ, પરંતુ એ વખતે બચુભાઈ અને રવિભાઇ બંનેએ મને પૂરતો સાથ આપેલો.

કોઈ પણ બાબતનો બધી બાજુથી વિચાર કરી જોવાની ને અંતે જાતે જ નિર્ણય લેવાની તથા જે યોગ્ય લાગે તે સ્પષ્ટ કહી દેવાની મારી ખાસિયત ઘડાઇ હતી. બચુભાઇના સંપર્કે કદાચ તેમાં વિશેષ બળ પૂર્યું હશે. આને કારણે ઘણી બાબતોમાં બચુભાઇ સાથે પણ વિચારભેદ થતો, એટલું જ નહિ, ક્યારેક મનઃદુખ પણ ઊભું થતું. પરંતુ અનુભવે મેં જોયું છે કે બચુભાઇએ પોતાની નિખાલસતા કદી ગુમાવી નહોતી, અને પરિણામે, કળ વળતાં અમારો વહેવાર પુનઃ પૂર્વવત્ બની રહેતો. પોતાના સંપર્કમાં આવનાર સૌની સાથેનો પરિચયસંબંધ જાળવી રાખવામાં માનતા. એમની આ ભાવના સગાંસંબંધી ને મિત્ર તેમજ 'કુમાર'ને કારણે પરિચયમાં આવનારા પૂરતી જ નહિ, સામાન્ય વ્યવહાર સુધી ફેલાએલી હતી. મને બરાબર યાદ છે કે રાયપુરમાં એક મોચી મગનલાલની દુકાને જ એ કાયમ પોતાના વાધરી વિનાના બૂટ બનાવરાવતા, અને છેક એ મગનલાલનું અવસાન થયું ત્યાં સુધી એમણે એ વહેવાર ચાલુ રાખ્યો હતો. આ પછી સારંગપુરમાં એમણે એક બીજા મગનલાલને ત્યાં બૂટ બનાવરાવવા માંડ્યા, તે એ મગનલાલે દુકાન સંકેલી લીધી ત્યાં સુધી એને ત્યાંથી જ બૂટ લીધા. આ જ રીતે વ્યવહારમાં એ વિવેક પણ એવો જ જાળવતા. પેલી જાડી પશીબાઇને ત્યાંથી સેવ ખરીદતા ત્યારે એ ભારે

(અનુસંધાન પૃષ્ઠ ૨૧૨)

સત્યજિત રાયની એક નવી રહસ્યકથા

અનુવાદક • સુકન્યા ઝવેરી

કાઠમંડુનો મહાકાંડ

'ગણેશમૂર્તિની ચોરી' વાર્તા યાદ છે? 'જય બાબા ફેલુનાથ' નામની ફિલ્મ પણ તેના પરથી બની છે. કથામાં વણાતા અને ઊકલતા રહસ્યના તાણાવાણા સાથે બનારસની અનેક લાક્ષણિકતાઓ વર્ણવતી સુંદર ગૂંથણી પણ તેમાં હતી. એ જ રીતે 'બાદશાહી અંગૂઠી'માં લખનૌ, તથા 'જેટ બહાદુર'માં મુંબઈ અને ત્યાંના ફિલ્મજગતની સહેલ વાચકને કરવા મળી હતી. સત્યજિત રાયની રહસ્યકથાઓની આ આગવી લાક્ષણિકતા છે. વળી, કોઈ 'સુપરમૅન' નહિ, પરંતુ આંખ-કાન સતત ખુલ્લાં રાખી પોતાની બુદ્ધિપ્રતિભા વડે રહસ્યો ઉકેલતા વ્યાસંગી સત્યાન્વેષી યુવાન પ્રદોષ મિત્તર – 'ફેલુદા'ની આ વાર્તાઓ તેના નાના પિતરાઈ ભાઈ તપેશના મુખે કહેવરાવીને સત્યજિતે તેને કિશોર-કુમારોને ગમ્ય એટલી સરળ બનાવી છે. કેવળ ભેદી ઘટનાઓ ને સનસનાટીમાં જકડી ન રાખતાં તેઓ વાચકને દરેક વાર્તામાં એક સ્થળ વિશેષની લાક્ષણિકતાઓનો પણ અચ્છો પરિચય કરાવે છે. એટલે આ કથાઓનો ઉદ્દેશ ગમ્મત સાથે જ્ઞાનના જેવો છે. રહસ્યમય ઘટનાઓ દ્વારા એક પ્રકારનું તીવ્ર કુતૂહલ પ્રકટાવવા સાથે સ્થળવર્ણન ઉપરાંત થોડું સાહસ, કંઈક કટાક્ષો, થોડી રમૂજ, ક્વચિત્ ભાષાચાતુરીની ગમ્મત તથા વિધવિધ માનસનો પરિચય આપી એ સીધી કે આડકતરી રીતે વાર્તા ઉપરાંત પણ ઘણું કહે – શીખવે છે. એ જ એનું મુખ્ય આકર્ષણ છે, આગવું લક્ષણ છે. પ્રસ્તુત કથા કલકત્તાથી આરંભાઇને હિમાલયની ગિરિમાળા વળોટી નેપાળમાં કાઠમંડુ સુધીની સફર સાથે એક નવા જ કૌભાંડનો પરિચય કરાવે છે.

રહસ્ય-રોમાંચભરી નવલકથાઓના લેખક લાલમોહન ગાંગુલી ઉર્ફે 'જટાયુ'ના મત પ્રમાણે હૉગસાહેબના બજાર જેવું બજાર આખા ભારતમાં નહિ હોય. જેમને ખબર નથી તેમને માટે ખુલાસો કરી દઉં કે હૉગસાહેબનું બજાર એ કલકત્તાના ન્યૂ માર્કેટનું જૂનું નામ છે.

'દિલ્હી, મુંબઈ, જોધપુર, જયપુર, સિમલા, કાશી આ બધું જોયું, અને એ પણ તમારી સાથે જ, પણ અંડર ધ સેમ રૂફ આવું એકેય બજાર તમે ક્યાંય જોયું છે, કહો ?' જટાયુએ અમને પૂછ્યું.

જો કે આ વાતમાં તો હું અને ફેલુદા બંને લાલમોહનબાબુ સાથે સહમત છીએ. વચ્ચે એક વાર સાંભળ્યું કે આ માર્કેટને તોડી પાડી તે સ્થળે એક બહુમાળી સુપર-માર્કેટ બને છે. ફેલુદા તો એ સાંભળી આગઆગ થઈ ગએલા. કહે, 'અરે એવું કરે તો પછી કલકત્તાનું કલકત્તીપણું જ ન રહે એટલું યે આ લોકો કેમ નહિ સમજતા હોય! પબ્લિકે આની સામે સત્યાગ્રહ કરીને, અથવા જરૂર પડે તો અનશન પર ઊતરીને પણ એમ થતું રોકવું જોઇએ.'

અમે ત્રણેએ 'ગ્લોબ'માં 'એપ ઍન્ડ સુપર-એપ'નો મૅટિની શો જોઈ આ ન્યૂ માર્કેટ જવાનું નક્કી કર્યું હતું. લાલમોહનબાબુને ટૉર્ચ માટે પાવર અને ડૉટ-પેન (બૉલપેન)ની રીફીલ ખરીદવાની છે, અને ફેલુદાને કલિમુદ્દીની દુકાનેથી દાલમોઠ. એમ તો ઘરમાં હજી પડી છે, પણ એ જરા હવાઈ ગઈ છે; અને ચા સાથે એને દાલમોઠ તો જોઈએ જ જોઇએ. વળી, લાલમોહનબાબુને એક વાર આ માર્કેટમાં ચક્કર મારીને તેને સારી પેઠે જોઈ લેવી છે, કારણ આવી માર્કેટને કેન્દ્રમાં રાખીને એક પ્રેતકથાનો પ્લૉટ એમના ભેજામાં હાલ ઘુમરાઈ રહ્યો છે.

ટ્રાફિકમાં પ્રાઇવેટ ગાડીઓ તથા ટૅક્સીની હાર વચ્ચેથી રસ્તો ક્રૉસ કરી આગળ જતાં એમણે મને આ પ્લૉટનો ખયાલ આપતાં કહ્યુ : 'એક માણસ રાતના માર્કેટ બંધ થઈ ગયા પછી જુએ છે કે પોતે તો અંદર પુરાઈ ગયો છે... એ એક રીટાયર્ડ જજ છે... ઘણાને એણે ફાંસીની સજા ફરમાવી હતી. તું વિચાર કર તપેશ, આ વિશાળ હૉગ માર્કેટ, એની બધી દુકાનો બંધ, બધી બત્તીઓ બંધ, કેવળ લિન્ડસે સ્ટ્રીટ તરફના કૉલેપ્સિબલ ગેટમાંથી રસ્તા પરનો જે આછો પ્રકાશ માર્કેટની અંદર આવે એટલું જ. આ બધી ગલીકૂચીઓ પણ સૂનકાર, અને તેમાં એક બાજુએ માત્ર એક જ દુકાન—એક ક્યુરીઓ શૉપ ખુલ્લી હોય, ને તેમાં યે બહુ ઝાંખી બત્તી હોય... એકાએક એ દુકાનમાંથી એક હાડપિંજર બહાર આવે...પેલા જજે જે એક ખૂનીને ફાંસીએ લટકાવ્યો હતો તેનું એ હાડપિંજર હોય...તેનાથી ભય પામી જજ કોઈ પણ બાજુ નાસે, સામે એ હાડપિંજર ઊભું જ દેખાય, હાથમાં છરો, ડ્રિપિંગ વિથ બ્લડ !...'

હું કશું બોલ્યો નહિ, પણ મને મનમાં થયું કે પ્લૉટ તો ઠીક છે, પણ ફેલુદાની મદદ વિના વાર્તા બરાબર જામશે નહિ. જજસાહેબ માર્કેટમાં કેવી રીતે પુરાઈ ગયા તેનું ગળે ઊતરે એવું કોઈ કારણ જટાયુના ભેજામાંથી શોધ્યું જડશે નહિ.

સામે 'મોહન્સ'ની કાપડની દુકાનની જમણી બાજુથી દાખલ થઈ ડાબે વળી ગુલાબ ઘડિયાળીની દુકાન વટાવી જમણી તરફ આગળ વધતાં એક ત્રિભેટાના વળાંક પર ઇલેક્ટ્રિકલ ગુડ્સની દુકાન છે. ત્યાં બૅટરીસેલ મળશે, અને એની બરાબર સામેથી રીફીલ મળશે. 'દ ઇલેક્ટ્રિકલ્સ'ના માલિક ફેલુદાના ભક્ત છે. અમને જોતાં જ હસીને એણે ફેલુદાને નમસ્કાર કરી આવકાર્યા. અમારી સાથોસાથ બીજા એક જણ પણ દુકાનમાં દાખલ થયા. જે ઘટનાની હું આ વાત કહું છું તેમાં એમની ખાસ્સી એવી ભૂમિકા છે, તેથી એમનું વર્ણન કરી દઉં. એમની ઉંમર હશે ચાળીસની આસપાસ. મધ્યમ ઊંચાઈ, ગૌરવર્ણ, માથે આછા વાળ, દાઢીમૂછ સફાચટ, સફેદ બુશશર્ટ, કાળું પેન્ટ અને હાથમાં પ્લાસ્ટિકની એક બૅગ.

'તમે જ મિસ્ટર મિટરા ?' ફેલુદાને જોઈ એણે સ્મિત કરતાં પૂછ્યું.

'જી.' ફેલુદાએ એ અજાણ્યા માણસને જોઈ ટૂંકમાં જ ઉત્તર આપ્યો.

'હાઉ સ્ટ્રેંજ! બે દિવસથી હું તમારા જ વિચાર કરતો હતો.' ભાષા જરા જુદી લાગતી હતી. પણ ગામગામની બોલીમાં ફર્ક તો પડે.

'કેમ ? શું કારણ હતું મને યાદ કરવાનું?' ફેલુદાએ પૂછ્યું.

'એ હું તમને મળીશ ત્યારે કહીશ. તમે કાલે મળી શકશો ?'

'સાંજના પાંચ પછી ઘેર જ હોઈશ.'

'તો પછી મને તમારું ઍડ્રેસ...' કહેતાં એણે ખિસ્સામાંથી એક ડાયરી અને ફાઉન્ટનપેન કાઢી ફેલુદાના હાથમાં આપ્યાં. ફેલુદાએ અમારું સરનામું લખી આપ્યું.

'સૉરી.' પેલા માણસે ડાયરી ને પેન પાછી લેતાં એટલા માટે કહ્યું કે તેની પેનમાંથી શાહી લિક થતી હોઈ ફેલુદાની આંગળીઓ બગડી હતી. ફેલુદાને જૂની જાતની ફાઉન્ટનપેનો જ ગમે છે તે હું જાણું છું. એ કહે છે કે એનાથી અક્ષરો સારા લખાય છે. પણ એવી પેનોની આ એક તકલીફ, ક્યારેક શાહી ગળે, એટલે હાલ તો એ પોતે યે ડૉટપેન જ વાપરે છે.

'મારું નામ બાટરા.' પેન અને ડાયરી ખિસ્સામાં મૂકતાં પેલા માણસે કહ્યું, 'મારા ગ્રાન્ડ ફાધર સેવન્ટી ફાઈવ યર્સ પહેલાં કલકત્તા આવીને વસ્યા હતા.'

'આઈ સી !' ફેલુદાએ જવાબ આપ્યો. એ જ વખતે સામેની દુકાનેથી રીફીલ ખરીદીને લાલમોહનબાબુ આવી પહોંચ્યા. હવે દાલ-



આકડો તો બહુ જાણીતી વનસ્પતિ છે. ગામને પાદર પડતર જમીનમાં ને વગડામાં એ ઠેરઠેર જોવા મળે છે. ઉપરાંત, ખંડિયેર ઈમારતોનાં ભીંતડાંમાં, જૂના કૂવાઓ પાસે, વાડી-ખેતરોની વાડમાં, દરિયાકાંઠા પાસે રેતીના ઢૂવાઓમાં, રેલમાર્ગ અને રસ્તાઓનાં પડખાંમાં એમ લગભગ બધે એ ઓછાવધતા પ્રમાણમાં ઊગ્યો જ હોય છે.

આકડાને અંગ્રેજીમાં **Swallow wort** કહે છે. એનું શાસ્ત્રીય નામ છે **Calotropis procera (Ait) R. Br..** હિન્દીમાં આક, લાલ આક, મંદાર, લાલ મંદાર; મરાઠીમાં લાલ રુઈ, લાલ આકરા અને સંસ્કૃતમાં રક્તાર્ક કે અર્ક નામે ઓળખાય છે.

એની લાંબી સીધી ડાળીઓ સારી પેઠે ઊંચે સુધી વધે છે અને ફેલાવો ઘટ્ટ હોઈ વાડમાં એ પૂરક આડશ તરીકે કામ લાગે છે. આકડાના આખા છોડમાંથી એક અણગમતી આછી વાસ આવે છે, અને છોડનો કોઇ પણ ભાગ તોડતાં તેમાંથી શ્વેત ઘટ્ટ રસ – દૂધ નીકળે છે.

આકડાનાં પાન ૭ થી ૨૫ સે.મી. લાંબા અને ૭ થી ૨૮ સે.મી. પહોળાં તથા છેડેથી અણિયાળાં હોય છે. ડાળી ઉપર સામસામાં ઊગતાં આ પાન આકારમાં વડનાં પાન જેવાં, પણ બંને બાજુ દેખાતી જાડી નસોવાળાં, રંગે ભૂખરાં લીલાં અને કૂમળાં હોય ત્યારે બંને તરફ સફેદ રુંવાટીવાળાં હોય છે. પાન પાકતાં આ રુંવાટી ઘટતી જાય છે. એનાં વાસ અને સ્વાદ પણ અણગમતાં લાગે છે, પણ પાન પાકતાં સ્વાદ જરા ગળચટો ને તેલિયો લાગે છે.

આ પાનનાં મૂળ પાસેથી ફૂલના તોરા ઊગે છે. ફૂલની દોઢથી બે સે.મી. લાંબી ને પાંચેક સે.મી. પહોળી પાંચ અણિયાળી પાંખડી મૂળમાં સહેજ લીલાશ પડતી સફેદ અને અર્ધેથી છેડા સુધી જાંબુડા રંગની ઝાંયવાળી હોય છે.

આકડાનાં ફળ ૭થી ૧૨ સે.મી. લાંબાં અને ૨.૫ થી ૫ સે.મી. પહોળાં, કેરી જેવા આકારનાં લાગે છે. બબ્બેની જોડમાં એ સામસામાં ઊગે છે. એની બહારની બાજુ એક નીક ને તેમાં નસ હોય છે, જે દીંટિયાથી માંડી છેડા સુધી લંબાએલી હોય છે. આ ફળને આકડાની ડોડી પણ કહે છે.

આકડો વગડાઉ વનસ્પતિ છે અને એના અનેક ઔષધીય ગુણો છે: થોડા ચિકિત્સા-પ્રયોગ અહીં આપ્યા છે:

૧) દમ (**Asthma**) કે શ્વાસ: કાચા પાપડની એક બાજુ પર આકડાનું દૂધ ચોપડી તેને સુકાવા દેવું. એ પછી આ પાપડ શેકીને ખાવાથી છાતીમાં જામી ગએલો કફ સહેલાઈથી દૂર થઇ શ્વસનમાર્ગની શુદ્ધિ થશે, રોજ સવારે આવો એક પાપડ ખાવો.

કબજિયાત રહેતી હોય તો સવારે ખાલી પેટે સૂંઠના ઉકાળામાં ૧૦-૧૫ ગ્રામ દિવેલ મેળવીને પીવું. શ્વાસ બેસી જઈ આરામ જણાય એટલે પાપડનો પ્રયોગ બંધ કરવો, પણ આ પ્રયોગ સાત દિવસથી વધુ લંબાવવો નહિ.

૨) ચહેરાની કાળાશ: આકડાનું દૂધ એકઠું કરી તેમાં હળદરની ભૂકી ભેળવીને લસોટવું, અને રોજ રાતે સૂતાં પહેલાં ચહેરા પરના કાળા ડાઘ ઉપર થોડા પાણી સાથે ભેળવીને આ લેપ લગાડવો.

૩) ટાઢિયો તાવ: દર ત્રીજે દિવસે ટાઢિયો તાવ (તૃતીયક જ્વર) આવતો હોય તો આકડાની ડાળી પરથી છેક ટોચ તથા છેક નીચેનું નહિ પણ વચ્ચેનું મધ્યમ કદનું એક પાન લાવી તેને સ્વચ્છ કરી તેના પરની નસો કાઢી નાખીને તેને ચાવી જવું. પાન ચાવતાં કોઈને ઊલટી થઇ જાય છે, કોઇને નથી થતી. ઊલટી થાય તો તાવ જશે, ઊલટી થઇ જાય તો બીજા દિવસે ફરી પાન લેવું. આ પ્રયોગથી એક જ વારમાં લાભ થાય છે. આમ તો આ પ્રયોગ

મોઠ ખરીદવાની રહી. એ માટે અમે ત્રણે આગળ ચાલ્યા. જટાયુ પોતાની લાલ ડાયરીમાં વારંવાર કંઈ નોંધ કરતા જતા હતા, એટલે કેટલીક વાર અમારાથી પાછળ રહી જતા હતા, પણ પછી દોડીને અમારી સાથે થઈ જતા. ગયા અઠવાડિયે પણ અહીં આવવાનું થયેલું. ત્યારે લોડશેડિંગ હતું. વીજળીની કમીના કારણે આખી માર્કેટ પર જાણે કોઈ મનહૂસ ઓળો ઊતરી આવ્યો હોય તેવું લાગતું હતું. પણ આજે તો વીજળી ચાલુ હોઈ માર્કેટની રોનક જ બદલાઈ ગઈ હતી. 'આશુનમોશાય,' 'ક્યા ચાહીએ સા'બ', 'ફરમાઇએ જનાબ.' એમ દુકાને-દુકાનેથી અવારનવાર વેપારીઓના આવકારબોલ સંભળાતા હતા. ભીડથી બચતા આડાઅવળા થઈ અમે આગળ વધતા હતા. લાલમોહનબાબુ નોંધનીય કંઇ જોવા ચારે તરફ નજર ફેંકવા જતાં અવારનવાર કોઈની સાથે અથડાતા, કોઈના ધક્કા ખાતા આવતા હતા. એમને આખી ગરદન ફેરવવી પડતી, જ્યારે ફેલુદા ભલે આડુંઅવળું જોયા વિના ચાલ્યા જાય; પરંતુ એમની ચકોર આંખો બધી બાજુ ફરી વળતી, અને એ પળભરમાં તો કંઈ કેટલુંય જોવાઈ જાય ને મગજમાં સવિગત નોંધાઈ પણ જાય. મને એમની આ લાક્ષણિકતાની ખબર છે.

લાલમોહનબાબુ ભલે બધું નોંધતા જાય, પરંતુ એવું કેટલુંય હશે જે એમના લક્ષમાં આવ્યું જ નહિ હોય, જ્યારે ફેલુદાની નજરે તે બરાબર નોંધી લીધું હશે. પૂજાના દિવસો બહુ દૂર નથી એટલે લોકોની ભીડ પણ બહુ હતી. સૌને કંઈ ને કંઈ ખરીદવાનું હતું જ. લાગે છે આજકાલ લોકોનાં ખિસ્સાં પણ ગરમ હશે.

લાલમોહનબાબુ સાહેબી અદાથી 'કૉસ્મોપોલિટન' શબ્દ બોલ્યા એ જ વખતે અમે કલિમુદ્દીની દુકાન સામે જઈ ઊભા. 'સલામ બાબુજી, આઇએ.' કલિમુદ્દી અમને ત્રણેને ઓળખે છે. ફેલુદાના દાલમોઠના શૉખની એને ખબર છે. ફેલુદા માટે એણે જાતે જ પડીકું તૈયાર કર્યું. કલિમુદ્દી પડીકામાં જે રીતે ઉછાળીને દાલમોઠ ભેળવે તે જોવાની મને તો બહુ મજા પડે, અને એ વેળા તેની તાજી મસાલેદાર સોડમ નાકમાં પેસતાં મોંમાં તો પાણી છૂટે!

કલિમુદ્દીએ આપેલું પડીકું હાથમાં લેતાં મેં જોયું કે પૈસા આપવા માટે ફેલુદાએ કાઢેલું પાકીટ તેના હાથમાં એમ ને એમ જ પકડાઈ રહ્યું હતું. એવું તો એણે શું જોયું કે આમ એકાએક થંભી ગયા? જે તરફ એમની નજર હતી તે તરફ મેં જોયું. જટાયુનું પણ એ પ્રતિ લક્ષ દોરાયું

ઔષધીય વનસ્પતિ-૨

આકડો

પવનકુમાર જૈન

તૃતીયક જ્વર (એકાંતરે દિવસે આવતા તાવ) માટેનો છે, પણ કોઇ પણ જાતના વારંવાર આવતા ટાઢિયા તાવ—વિષમ જ્વર, મૅલેરિયા વગેરે માટે યે તે અજમાવી શકાય છે.

૪) વીંછીનું ઝેર: ગુજરાતમાં ૧૨મી સદીમાં થઇ ગએલા વૈદ્ય શોઢલે આ માટે આકડાનો પ્રયોગ દર્શાવ્યો છે. વીંછી ડંખ મારે ત્યારે એ ડંખનો ભાગ થોડો કોરી કાઢી તેના ઉપર આકડાનું દૂધ લગાડવું. આ પ્રયોગ અકસીર હોવાનો શોઢલનો મત છે. ડંખ ખોતરવા માટે બિલકુલ કાટ ન લાગ્યો હોય તેવું જ સાધન વાપરવું. બાકી આ પ્રયોગ નિર્દોષ છે અને તાત્કાલીક કામમાં આવે તેવો છે.

૫) ઊંદરી-ખોડો : માથામાં વચ્ચેવચ્ચે વાળ ખરી જઈ ગોળ, લીસી, ચકરડા જેવી ટાલ પડી જાય છે. સંસ્કૃતમાં આ રોગને 'ઇન્દ્રલુપ્ત' કહે છે, જેના પરથી લોકભાષામાં તે ઊંદરી નામે ઓળખાય છે. ઊંદરીમાં અને ખોડામાં આકડાનું દૂધ લગાડવાથી લાભ થાય છે. આંખમાં આકડાનું દૂધ ન જાય તેની ખાસ કાળજી રાખવી, આ પ્રયોગ પણ શોઢલે બતાવેલો છે.

૬) ખસ: જ્યાંજ્યાં ખસ થઈ હોય ત્યાંત્યાં આકડાનું દૂધ રોજ ચોપડવાથી ફાયદો થાય છે.


૭) દાંતનું કળતર: દાંત, દાઢ, પેઢામાં કળતર કે દુખાવો થતો હોય તો ત્યાં આંગળી ઉપર આકડાનું દૂધ લગાડવું. દુખાવો મટી જશે.

૮) આફરો કે ચૂંક: પેટમાં વાયુ ભરાવાથી આફરો ચડ્યો હોય કે વાયુ રોકાવાથી પેટમાં ચૂંક આવતી હોય તો આકડાનું સહેજ પીળું પાકું પાન લઈ તેના પર દીવેલ ચોપડી એને ગરમ કરીને પેટ પર મૂકવું. આ પ્રયોગથી પેટનો વાયુ નીચે સરકીને આફરો બેસી જશે અને ચૂંક મટી જશે. □

વિશેષ નોંધ: સંસ્કૃત 'અર્ક' પરથી પ્રાકૃતમાં 'અક્ક' થઈ ગુજરાતીમાં 'આકડો' નામ બન્યું છે. આકડાની બે જાત છે: ધોળાં ફૂલવાળો તે આકડો, અને રાતાં ફૂલવાળો તે મંદાર. રાતો આકડો અર્ક, અર્કપર્ણ, વિકરણ, રક્તપુષ્પ, શુક્લફળ અને સ્ફોટ; તથા ધોળો આકડો અલર્ક, ગુણરૂપ, મંદાર, વસુક, શ્વેત પુષ્પ, સદાપુષ્પ, સબાલાર્ક અને પ્રતિયશ વગેરે નામથી સંસ્કૃતમાં ઉલ્લેખ પામે છે. હિન્દુ દેવદેવીઓમાંના અમુકની પૂજામાં અમુક જ ફૂલ વપરાતાં હોય છે, તે પ્રમાણે હનુમાનને આકડાનાં ફૂલ ચડાવાય છે એ તો વિદિત છે.

આકડાનાં ફળને ફાડતાં તેમાંથી નીકળતાં બીજની આસપાસ રૂ જોવા મળે છે, આ રૂને 'તૂર' કહે છે. આ તૂરના રેષા સુંવાળા અને મજબૂત હોઈ એક કાળે તેનું સૂતર કરી તેનાથી રેશમ જેવું કાપડ બનાવાતું જે સમૃદ્ધ લોકોમાં જ વપરાતું હતું. આ તૂરનો માવો કરી તેમાંથી ઊંચી જાતનો કાગળ પણ બનાવી શકાય. આકડાનાં પાન દળદાર ને પોચાં હોઈ તેના પર લખાણ કોતરાતું હોવાના ઉલ્લેખો પણ છે.

આકડો રેચક, ઉષ્ણ, કફ અને વાયુ મટાડનાર તથા લોહીને સુધારનાર મનાય છે. તેનું દૂધ પણ રેચક ગણાય છે. આકડાનાં મૂળને છાંયામાં સૂકવી, વાટીને ગોળ સાથે મેળવીને લેવાથી ટાઢિયો તાવ મટે છે. કૂતરું કરડયું હોય તો તેના ઘા ઉપર આકડાનું દૂધ, ગોળ અને તેલનો લેપ કરી શકાય છે. વીંછીના ડંખ ઉપર આકડાનું મૂળ ઘસીને ચોપડાય છે. આકડાનું દૂધ નેત્રોને હાનિકર હોઈ તેનો ઉપયોગ કરતી વેળા આંખથી દૂર રાખવું. પરંતુ આયુર્વેદે જણાવેલાં નવ ઉપવિષોમાં આકડાની પણ ગણના હોઈ તેના ઔષધીય પ્રયોગો સાવચેતીપૂર્વક કરવા યોગ્ય છે. આકડાની ઝેરી અસરના મારણ તરીકે આમલીનાં પાન વાટીને લેપ કરવામાં આવે છે. —સં.



આકડાનાં ફૂલ અને ફળ

હતું. સમજાઈ ગયું. અમારી પાસેથી જ અમને ઓળખતો જ ન હોય તેમ પસાર થનાર એ માણસ હતો થોડી વાર પહેલાં 'દે ઇલેક્ટ્રિક્સ'-માં મળેલો મિસ્ટર બાટરા. ના, એ બાટરા નહોતો, બાટરાનો ડુપ્લિકેટ લાગતો હતો.

'ટ્વિન્સ.' જટાયુ બોલી ઊઠયા. ખરેખર, જોડિયો ભાઈ ન હોય તો આવું આબેહૂબ સરખાપણું ન જ સંભવે. ફર્ક એટલો જ કે પેલાએ સફેદ શર્ટ પહેરેલું, જ્યારે આણે ડાર્ક બ્લ્યૂ. બહુ જ ધારીને નીરખીએ તો કદાચ બીજો પણ કંઈક તફાવત જોવા મળે, પણ તે યે સૂક્ષ્મ જ હોત. હા, એક મોટો ફેર પડતો હતો ખરો. પેલો બાટરા ફેલુદાને ઓળખતો હતો. જ્યારે આ એમને જરાય પહેચાનતો ન હોય તેમ અમારી બાજુમાંથી નીકળી ગયો હતો.

'એમાં નવાઈ જેવું કંઈ નથી'. પાછા ફરતાં ફેલુદાએ કહ્યું, 'બાટરાને જોડિયો ભાઈ હોય તો આવું બને ય ખરું પણ તેથી શો ફેર પડે છે?'

'તમે નીલગિરિ, વિન્ધ્ય, અરવલ્લી, વેસ્ટર્ન ઘાટ વગેરે જે કહેવું હોય તે કહો, પણ પહાડની ટોચ પર જો બરફ ન હોય તો એને હું પહાડ કહેવા તૈયાર જ નથી'. ફેલુદાએ કહ્યું.

આ વર્ષે પૂજાની રજાઓમાં પહાડ પર ફરવા જવાની વાત કેટલાક દિવસથી ચાલતી હતી. નવી નવલકથા પ્રકટ થઈ ગઈ છે એટલે હમણાં નવું કંઈ લખવાની ઉતાવળ કે ધમાલ ન હોઈ લાલમોહનબાબુ પોતાની સેકન્ડ-હૅન્ડ લીલી ઍમ્બેસેડર લઇને રોજ સાંજે ગપ્પાં મારવા અમારે ત્યાં આવે છે. અમે ત્રણેએ હજી કાશ્મીર જોયું નથી, પણ ઑક્ટોબરમાં તો ત્યાં અસહ્ય ઠંડી હોય એવું લાલમોહનબાબુ આપમેળે સમજી ગયા હશે એટલે એકાદ-બે વાર કાશ્...કાશ્...બોલીને જ અટકી ગયા હતા. ટેબલ પર દાલમોઠ અને ચાના કપની પાસે એક ઍટલાસ પણ પડ્યો હતો, તેમાંથી ભારતનો નકશો જોઇ જવાની ઇચ્છાથી એમણે હાથ લંબાવ્યો, એ જ વખતે કૉલબેલ રણક્યો.

શ્રીનામ અમારા ઘરમાં ચૌદ વર્ષથી કામ કરે છે એટલે મિ. બાટરા આવીને બેઠા કે તુરત વગર કહ્યે એમના માટે એ ચાનો એક કપ મૂકી ગયો.

'તમારે એકે જોડિયો ભાઇ છે?' બાટરા કપાળ પરનો પરસેવો લૂછી રૂમાલ ખિસ્સામાં મૂકતો હતો ત્યાં જ લાલમોહનબાબુએ એને પૂછ્યું. મિસ્ટર બાટરાનાં ભવાં કેટલાં ઊંચાં ચડી શકે અને નીચલો હોઠ કેટલો

નીચે ઊતરી શકે તે આ એક પ્રશ્ન પુછાતાં જ સમજાઈ ગયું.

'તમે...તમે એ શી રીતે...?'

'તમને મળ્યા પછી પાંચ-સાત મિનિટ બાદ અમે એને ન્યૂ માર્કેટ-માં જોયો હતો.' ફેલુદાએ કહ્યું.

'મિસ્ટર મિટરા,' ખુરશીમાં જ આગળ ઝૂકી હાથા પર જોરથી હાથ પછાડતાં મિ. બાટરા બોલ્યા, 'આઈ એમ ધી ઑન્લી ચાઇલ્ડ ઑવ માય પૅરેન્ટ્સ. મારે કોઈ ભાઇ-બહેન નથી.'

'તો પછી......?'

'એ માટે જ તો હું તમારી પાસે આવ્યો છું, મિ. મિટરા. એક વીકથી આ વ્યાપાર શરૂ થયો છે. ફ્રૅામ કાઠમંડુ. હું કાઠમંડુમાં એક ટ્રાવેલ ઍજન્સી–'સન ટ્રાવેલ્સ'માં કામ કરું છું. આઇ એમ ધ પી. આર. ઓ. ધેર. અવારનવાર મારે કામ માટે કલક્તા, મુંબઇ, દિલ્હી વગેરે સ્થળે જવું પડે છે. મારી ઑફિસ પાસે એક રેસ્ટોરાં છે– 'ઇન્દિરા'. ત્યાં હું રોજ લંચ લઉં છું. લાસ્ટ સનડે ગયો ત્યારે મને જોઇ વેઇટરે કહ્યું: સા'બ, તમે તો હમણાં અર્ધા કલાક પહેલાં જ જમી ગયા, અને આટલી વારમાં જ ફરી શું થયું? તમે જ વિચારો મિ. મિટરા! વેઈટરે જ નહિ, ત્યાં મને ઓળખતા બીજા બેત્રણ જણે પણ થોડી વાર પહેલાં જ મને રેસ્ટોરાંમાં જોયો હોવાનું કહ્યું, અને ત્યારે મારે કહેવું પડેલું કે હું હજી પહેલી વાર જ આવ્યો છું અને મેં હજી લંચ લીધું જ નથી. એ સાંભળી વેઇટર કહે કે એને ય થોડી શંકા તો પડી જ હતી, કારણ જે માણસ મારી પહેલાં આવેલો, હી હેડ એ ફૂલ લંચ વિથ રાઇસ ઍન્ડ એવરીથિંગ, અને હું તો ફક્ત સેન્ડવિચીઝ ઍન્ડ એ કપ ઑવ કૉફી જ લઉં છું.'

આટલું કહી મિ. બાટરા શ્વાસ ખાવા થંભ્યા. અમે ત્રણે ઉત્કર્ણ બની સાંભળતા હતા. લાલમોહનબાબુ જ્યારે ખૂબ ધ્યાનથી સાંભળે ત્યારે એમનું મોં ખૂલી જાય છે. અત્યારે એમની એ જ હાલત હતી. મિ. બાટરાએ ચાનો એક ઘૂંટ ભર્યો અને વાત આગળ ચલાવી: 'પરમ દિવસે હું કલકત્તા આવ્યો છું. ગઇ કાલ સવારે હોટેલમાંથી બહાર નીકળતો હતો – હું ગ્રાન્ડ હોટેલમાં ઊતર્યો છું – ટુ બાય સમ ઍસ્પિરિન; તમને કદાચ ખબર હશે કે એ હોટેલમાં જ એક ક્યુરીઓ શૉપ છે, ત્યાંથી હું પસાર થતો હતો કે અંદરથી મને કોઇએ બોલાવ્યો, મિ. બાટરા, પ્લીઝ કમ ફોર એ મૉમેન્ટ! કેમ, શું છે? કહેતો હું અંદર ગયો. સેલ્સમૅને સો રૂપિયાની એક નોટ બતાવી મને કહ્યું, મિ. બાટરા, તમે આપેલી આ નોટમાં વૉટર-માર્ક નથી, પ્લીઝ ચેઇન્જ ઇટ. આ સાંભળી હું તો હેબતાઇ જ ગયો, મિ. મિટરા. હું તો એ દુકાનમાં ક્યારે ય ગયો જ નહોતો, ઍન્ડ ધે ઇન્સિસ્ટેડ કે હું અર્ધોએક કલાક પહેલાં જ ત્યાં ગએલો, ઍન્ડ આઇ બોટ એ કુકરી, અને એ માટે પેલી સોની નોટ મેં એમને આપી હતી.'

'કુકરી? એટલે કે નેપાલી છરો?' લાલમોહનબાબુએ પૂછ્યું. મિ. બાટરાએ માથું હલાવી હા પાડી અને વાત આગળ ચલાવી: 'તમે જ વિચારો મિ. મિટરા. કાઠમંડુમાં જ તો હું રહું છું. અહીં કલકત્તાની એક હોટેલમાં આવેલી દુકાનમાંથી હું નેપાળની કોઇ પણ વસ્તુ શા માટે ખરીદું? નેપાળમાં તો એવી ચીજો મને અહીં કરતાં ઘણા ઓછા ભાવે મળે.'

'પછી પેલી સોની નોટ બદલી આપવી પડી?' ફેલુદાએ પૂછ્યું.

'મેં તેમને વારંવાર ભારપૂર્વક સમજાવ્યું કે આઇ એમ નૉટ ધ સેઇમ પર્સન. પણ અંતે એ મારી સામે એવી રીતે જોવા લાગ્યો કે જાણે હું આઇધર પાગલ ઑર ફોર ટ્વેન્ટી – ચારસો વીસ હોઉં. આ સ્થિતિમાં મારે બીજું કરવું યે શું?'

'હં...'હાથ લંબાવીને પોતાની ચારમિનાર પર બાઝેલી એકાદ ઇંચ જેટલી રાખ ઍશટ્રેમાં નાખતાં ફેલુદા બોલ્યા. 'તમે અસહાયતા અનુભવો એ સ્વાભાવિક છે.'

'મને રેગ્યુલર પેનિક થાય છે, મિ. મિટરા. આ માણસ ક્યારે શું કરે એની શી ખબર પડે?'

'તમારો આ અનુભવ અદ્ભુત છે.' ફેલુદાએ કહ્યું, 'જો અમે એ માણસને અમારી સગી આંખે જોયો ન હોત તો તમારી આ વાત કદાચ માન્યામાં પણ ન આવત. પણ એ બાબતમાં હું તમને શી રીતે મદદ કરી શકું એ મને સમજાતું નથી.'

'તમારી વાત પણ બરાબર છે.' મિ. બાટરાએ ચિંતિત ભાવે માથું હલાવતાં કહ્યું. 'ખેર, હું તો આવતી કાલે કાઠમંડુ પાછો જઉં છું. પણ જો એ માણસ મારી પાછળ ત્યાં પણ આવે અને ઇચ્છે તો મને હેરાન પણ કરી શકે ને? ભલે એને હું જોઇ નથી શકતો, પણ એ મારા પર નજર રાખી રહ્યો હશે, અને મને તો લાગે છે કે એ ડેલિબરેટલી મારી પાછળ પડ્યો છે. ધીસ ઇઝ એ ન્યૂ ટાઇપ ઑવ ક્રાઇમ, મિ. મિટરા. આ વખતે તો હંડ્રેડ રૂપીઝમાં જ પત્યું, પરંતુ હવે પછી શી ખબર શું યે થાય!'

બહારના માણસ સાથે વાત કરતી વખતે ફેલુદા સામાન્યત: પગ પર પગ ચઢાવીને બેસે છે. જ્યારે માને કે હવે વાત લંબાવવાની જરૂર નથી ત્યારે પગ એવી રીતે ઉતારી લે કે આવનાર વ્યક્તિ સમજી જાય કે વાત પૂરી થઇ. અત્યારે પણ ફેલુદાએ એમ જ કર્યું. મિ. બાટરા પણ ઊભા થયા. એમને વળાવતાં કદાચ સૌજન્ય દાખવવા ખાતર જ ફેલુદા બોલ્યા, 'આશા રાખું કે કાઠમંડુ પહોંચ્યા પછી તમે ફરી કોઇ મુશ્કેલીમાં ન આવી પડો.'

'લેટ અસ હોપ સો'. મિ. બાટરા બોલ્યા, 'એની વે, તમારી સાથે પરિચય તો થયો. તમારી બહુ પ્રશંસા સાંભળી હતી મિ. સર્વેશ્વર સહાય પાસેથી.'

સર્વેશ્વર સહાય ફેલુદાના એક ક્લાયન્ટ છે. કોડાર્મામાં રહે છે. હજારીબાગમાં એમનો એક બંગલો લગભગ હમેશાં ખાલી રહે છે. અમે એક વાર દસેક દિવસ માટે ત્યાં રહ્યા હતા.

'કાઠમંડુમાં જો કંઇ મુશ્કેલી ઊભી થાય તો તમે પોલીસમાં જાણ કરી દેજો.' ફેલુદાએ કહ્યું, 'આ પ્રકારના લોકોની પિટાઇ કરવાની જ જરૂર હોય છે.'

મિ. બાટરાના ગયા પછી લાલમોહનબાબુએ જ પહેલાં મોં ખોલ્યું: 'કમાલ છે! ફૉરિન કન્ટ્રી માનીને આ કાઠમંડુની વાત જ યાદ ન આવી. એ યે તે પહાડી પ્રદેશમાં જ છે ને?'

બીજા દિવસે જે બનાવ બન્યો ત્યારથી જ જાણે કે અમારું આ ઍડવેન્ચર શરૂ થઈ ગયું એમ કહી શકાય. પણ એની વાત કરતાં પહેલાં ગઈ કાલ રાતના ટેલિફોન વિષે કહી દઉં. કલકત્તામાં ઑક્ટોબર માસમાં પણ ક્યારેક વરસાદ આવી જાય છે. કાલે પણ એવું જ થયું. લાલમોહનબાબુ સાંજે આવે તો સાધારણ રીતે આઠ-સાડાઆઠ સુધી તો રોકાય જ. કાલે સાંજે સાતેક વાગ્યે વાદળોનો ગડગડાટ સાંભળી એ ઊભા થઈ ગયા. કહે, 'અત્યારે તો જઉં. કાલે સવારે આવું એ જ ઠીક પડશે, તપેશ. ન્યૂ માર્કેટવાળો પ્લૉટ થોડો આગળ વધ્યો છે, તારા ઑપિની-અનની એમાં જરૂર પડશે.' અને એ વહેલા જ ચાલ્યા ગયા. આઠેક વાગ્યે વરસાદ આવ્યો અને લગભગ પોણા નવે ફોન આવ્યો. ફેલુદાએ પોતાના રૂમમાંથી એક્સ્ટેન્શન પરથી વાત કરી હતી, પણ મેં બેઠક-ખંડની મેઈન લાઇન પરથી એ સાંભળી હતી.

'મિસ્ટર પ્રદોષ મિત્તિર?' ફોન કરનારે પૂછ્યું. (અનુ. પૃ. ૨૦૯)

અતીતનું પ્રત્યક્ષ દર્શન

છોટુભાઈ સુથાર

વીતેલી ઘટનાને પ્રત્યક્ષ કરી શકાતી નથી. પણ આ વાત પૃથ્વી પરના બનાવને અનુષંગતી છે.

આપણને થતું સૂર્યદર્શન તત્કાલીન સમયના હિસાબે પાંચસો સેકન્ડ પહેલાંની સૂર્યની સ્થિતિનું હોય છે, જ્યારે 'વ્યાધ' તારાનું દર્શન લગભગ સાડા આઠ વર્ષ પહેલાંની એની આકાશી ઉપસ્થિતિનું હોય છે, ધ્રુવતારાનું દર્શન એની ૬૫૦ વર્ષ પહેલાંની સ્થિતિ દાખવે છે: મતલબ કે ધ્રુવતારો તેની આજની પળે જેવો દેખાવો જોઈએ તે રૂપમાં આપણે તેને અવલોકતા નથી, પણ ૬૫૦ વર્ષ પહેલાંની તેની તારા-સ્થિતિનું દર્શન કરીએ છીએ.


આકાશી પદાર્થોનું દર્શન ભૂતકાળનું દર્શન છે. તે દ્વારા આપણે અતીતમાં ડોકિયું કરીએ છીએ. આપણી નજદીકના આકાશી પદાર્થો અલ્પ સમય પહેલાંની અતીતાવસ્થા દાખવે છે. જ્યારે દૂર સુદૂરના જ્યોતિઓ વર્ષો યા યુગો પહેલાંની તેમની સ્થિતિ દાખવે છે.

નરી આંખે ન જોઇ શકાતા આકાશી પદાર્થોને દૂરબીન દ્વારા પ્રત્યક્ષ કરાય છે. દૂરબીન જેમ વધુ શક્તિશાળી તેમ અવકાશના ઊંડાણમાં - વધુ વીતેલા ભૂતકાળમાં - તે ડોકિયું કરાવે છે.


પ્રત્યક્ષીકરણની દૂરબીન મર્યાદા કેટલી હશે?


આકાશમાં દૃષ્ટિગોચર થતા તારાઓ-જેમાં આકાશગંગામાં આવેલા તારા પણ સામેલ છે - પૈકી દૂરના દૂરવા તારા આપણાથી લગભગ ૮૫ હજાર પ્રકાશવર્ષ દૂર આવેલા છે. આપણા તારાવિશ્વની એ દૂરતમ હદ છે, સામાન્ય દૂરબીન દ્વારા એથી પણ વધુ દૂર આવેલાં (અને છતાં આપણી નજદીકનાં ગણાતાં) અન્ય તારાવિશ્વોને જોઈ શકાય છે. ૨૨ લાખ પ્રકાશવર્ષ દૂર આવેલા આપણી નજદીકના દેવયાની તારાવિશ્વથી માંડી અનેક કરોડ પ્રકાશવર્ષ દૂર આવેલાં તારાવિશ્વોને તેમ જ તેમના તારાઓને ઉત્તરોત્તર વધુ શક્તિશાળી દૂરબીનો વડે જોઈ શકાય છે. અને એ રીતે અતીતના વધુ ઊંડાણમાં ડોકિયું કરી શકાય છે.


આપણી દુનિયાનાં સૌથી મોટાં દૂરબીન અમેરિકાની પાલોમર



હાન્સ લિપરેશે નામના એક ડચ ચશ્માં બનાવનારે દૂરની વસ્તુ નજીક દેખાય એવું એક સાધન બનાવ્યાની ગૅલિલીઓને ખબર પડી અને તેણે પણ એ દિશામાં પ્રયોગો કરી. ઈ. ૧૬૦૯માં ચોથા પ્રયત્ને જે નમૂનો તૈયાર કર્યો તેના વડે દૂરની વસ્તુ ત્રીસ ગણી નજીક દેખાતી હતી. એના વડે એણે આકાશ તરફ મીટ માંડી અને તે દિવસથી ખગોળશાસ્ત્રની ક્ષિતિજો વિસ્તરી ગઈ. હર્વિલિયસે (૧૬૧૬-૧૬૮૭) ૧૫૦ ફૂટ લાંબા દૂરબીન વડે ચંદ્રનું અવલોકન કરી તેની સપાટીના નકશા બનાવેલા. ક્રિશ્ચિયન હાઇગેન્સે (૧૬૨૯-૧૬૯૫) ૨૧૦ ફૂટ લાંબું દૂરબીન વાપરી શનિની મેખલાઓ શોધી હતી. આજે યે દુનિયાભરમાં જે વિખ્યાત દૂરબીનો છે એ બધાં આકાશદર્શન માટે જ બનેલાં છે. પ્રકાશના વક્રીભવન પર આધારિત ગૅલિલીઓના એ દૂરબીન જેવાં દૂરબીનોની શક્તિ વધારવી હોય તો એને ગંજાવર કદનાં બનાવવાં પડે. આ એક મોટો અવરોધ હતો, જેનો ન્યૂટને તોડ આણ્યો. એણે અંતર્ગોળ દર્પણની સહાયથી પ્રકાશના પરાવર્તનના સિદ્ધાંત પર 'રિફ્લેક્ટિંગ' દૂરબીન બનાવ્યું. જોકે એ અગાઉ કાસે ગ્રેઈન અને ગ્રેગરીએ પણ આવા પ્રયોગ કરેલા, પણ ન્યૂટનનો નમૂનો વધુ ચોકસ અને કાર્યક્ષમ હતો. એ સિદ્ધાંત પર રચાએલું દુનિયાનું મોટામાં મોટું દૂરબીન કૅલિફોર્નિયામાં માઉન્ટ પાલોમર પરનું હેલ દૂરબીન છે. ઈ. ૧૯૩૪માં હેડને તેની યોજના વિચારી, સરકારી મદદ અને ફંડફાળાથી નાણાં એકઠાં થયાં, ને પછી તેના માટે જે ગંજાવર પરાવર્તક દર્પણ કાચ બનાવાયો તેનું વજન ૨૦ ટન હતું. એક વર્ષે તો એ ઠંડો પડ્યો. અગિયાર વર્ષ તો તેનો પાંચ ટન જેટલો કાચ ઘસી તેની સપાટીને અંતર્ગોળ બનાવીને પોલિશ કરતાં થયાં. તેના પર ઢોળ ચડાવતાં બીજા છ માસ ને પછી તેને માઉન્ટ પાલોમર પહોંચાડતાં વધુ છ માસ થએલા. ૨૦૦ ઈંચ વ્યાસવાળા જંગી કાચવાળું આ દૂરબીન ૧૯૪૮થી કામ કરતું થયું. (જુઓ ડાબી બાજુનું ચિત્ર) એની શક્તિ નરી આંખ કરતાં ૬,૦૦,૦૦૦ ગણી છે. એટલે કે અમેરિકાના ન્યૂયૉર્કથી જાપાનના તોકિયોના રાજમહેલના બગીચામાં ઊડતા આગિયાને જોઈ શકાય. મતલબ કે એટલે દૂરનો એટલો આછો પ્રકાશ પણ તે ગ્રહણ કરી લે. આથી યે મોટું - ૨૩૬ ઇંચ વ્યાસનો કાચ ધરાવતું એક દૂરબીન રશિયાએ કૉકેસસ પર્વતમાં ઊભું કરેલું છે, પણ તેમાં થોડી ક્ષતિ હોવાનું કહેવાય છે. બાજુમાં ઉપર વિસ્કોન્સિનમાં યર્કસ વેધશાળાનું ૪૦ ઇંચ વ્યાસના કાચવાળું દૂરબીન દર્શાવ્યું છે. ઈ. ૧૮૯૭માં તે બનેલું છે. જે પ્રકાશના વક્રીભવનના સિદ્ધાંત પર રચાએલું હોઈ ૬૩ ફૂટ લાંબું છે. આ પ્રકારનું એ આજ મોટામાં મોટું દૂરબીન છે, જેની શક્તિ નરી આંખ કરતાં ૪૦,૦૦૦ ગણી છે.







△ ટેક્સાસના પાતળા દર્પણવાળા દૂરબીનનું મૉડેલ. ઓછી કેન્દ્રલંબાઇના કારણે દૂરબીનની લંબાઇ પણ ઘટી જશે. ૭૫૦ સે.મી. (૩૦૦ ઇંચ) વ્યાસના દર્પણની ક્ષમતા ધરાવતા આ દૂરબીન વડે ૭થી ૮ અબજ પ્રકાશવર્ષ દૂરનું બ્રહ્માંડનું રહસ્ય પામી શકાશે. મૉડેલમાં દેખાતા ત્રિકોણાકારો દૂરબીનના દર્પણના રક્ષણાર્થે ઢાંકવા માટે છે.

△ યુનિવર્સિટી ઑાવ એરિઝોના અને સ્મિથસોનિયન એસ્ટ્રોફિઝિકલ ઑાબ્ઝર્વેટરીએ એરિઝોનામાં માઉન્ટ હોપકિન્સ ઉપર ઊભા કરેલા આ દૂરબીનમાં ૩૬ ઇંચ વ્યાસનાં છ દર્પણો છે, જેના વડે ૧૭૬ ઇંચ વ્યાસના દૂરબીન જેટલો પ્રકાશ ગ્રહણ થઈ શકે છે. આ રીતે રશિયાના દૂરબીન સાથે ગણતાં દુનિયાનું આ ત્રીજું મોટામાં મોટું દૂરબીન છે: (આનાથી નાનું ૧૦૦ ઇંચ વ્યાસનું દૂરબીન માઉન્ટ વિલ્સન પર આવેલું છે.) એરિઝોનાનું આ દૂરબીન ઈ. ૧૯૭૯થી સફળતાથી કામ આપે છે. એક તરફ આવાં જુદા જ પ્રકારનાં દૂરબીનોનો વિકાસ થઈ રહ્યો છે ત્યારે બીજી બાજુ પશ્ચિમ ટેક્સાસમાં માઉન્ટ ડેવિસ પર મૅક્ડૉનાલ્ડ ઑાબ્ઝર્વેટરી માટે માઉન્ટ પાલોમરના ૨૦૦ ઇંચ વ્યાસવાળા દૂરબીન જેવું, પણ ૩૦૦ ઇંચ વ્યાસના પરાવર્તક દર્પણવાળું ગંજાવર દૂરબીન બનાવવાની યોજના પણ થઇ છે. આ દૂરબીનનો દર્પણકાચ માત્ર ચાર ઇંચ જેટલો જ જાડો હશે. આ ઉપરાંત. યુનિવર્સિટી ઑાવ કેલિફોર્નિયાએ ૪૦૦ ઇંચ વ્યાસના દૂરબીનની યોજના આરંભી છે. જેમાં સળંગ એક દર્પણના બદલે ષટ્કોણ આકારનાં ૩૬ દર્પણો જોડવામાં આવશે. આ કાચની જાડાઈ માત્ર ત્રણ જ ઇંચ જેટલી રહેવાની હોઈ પાલોમરના દૂરબીનના કાચ કરતાં તેનું વજન ત્રીજા ભાગનું જ રહેશે. હાવાઈ ટાપુમાં મોના-કી નામના ૧૪૦૦૦ ફૂટ ઊંચા એક શાંત જ્વાલામુખીના શિખર પર આ દૂરબીન ગોઠવાશે. આજે યે દુનિયાનાં કુલ અગિયારમાંનાં ત્રણ દૂરબીનો તો ત્યાં છે જ. યુરોપના કેટલાક દેશો પણ સહકારથી ૬૦૦ ઇંચ વ્યાસના દર્પણવાળું દૂરબીન બનાવવા વિચારે છે. અને રશિયા પણ ૧૦૦૦ ઇંચના ગંજાવર દૂરબીન અંગે વિચારી રહ્યું છે. ઇ. ૧૯૮૫માં 'નાસા' આકાશમાં પૃથ્વીથી ૩૭૦ માઇલ ઊંચે ૪૩ ફૂટ લાંબું અને લગભગ ૯૪ ઇંચ વ્યાસનું દૂરબીન તરતું મૂકશે. અલબત્ત, નાના કદને કારણે તેની શક્તિ ઓછી હશે, પણ એટલે ઊંચે પૃથ્વી પર નડે છે તેવો વાતાવરણનો અવરોધ તેને નડશે નહિ. મરામત માટે આ દૂરબીન પૃથ્વી પર પાછું પણ આણી શકાશે.

વેધશાળા અને રશિયાની ક્રીમિયા વેધશાળાનાં છે. એમના વસ્તુકાચ (Object Lens) અનુક્રમે ૫૦૦ સે. મી. અને ૬૦૦ સે.મી. વ્યાસવાળા છે. આ બંને દૂરબીનો દ્વારા અવકાશના ઊંડાણમાં લગભગ પાંચ અબજ પ્રકાશવર્ષ સુધીનો દૃષ્ટિ-નિક્ષેપ કરી શકાય છે. પણ બ્રહ્માંડ-વ્યાપ્તિની એ અંતિમ હદ નથી. બ્રહ્માંડ એથી પણ વધુ દૂર સુધી વિસ્તરેલું છે, અને ઉક્ત દૂરબીનોથી અદૃષ્ટ એવા ઘણા જ્યોતિઓ અવકાશમાં આવેલા છે જેમને જોવા માટે વધુ શક્તિશાળી દૂરબીનો બનાવવાં જરૂરી છે.

અહીં એક વાસ્તવિકતા તરફ ધ્યાન દોરવું આવશ્યક છે. તે છે ઉક્ત દૂરબીનોના પ્રકારનાં વધુ મોટાં દૂરબીનો બનાવવાના કામની મુશ્કેલીની. પ્રણાલિકાગત બધાં મોટાં દૂરબીનો પરાવર્તક (Reflecting) દૂરબીનો છે અને તેમના વસ્તુકાચ અખંડ દર્પણો છે. ૬૦૦ સે.મી.થી મોટા વ્યાસવાળા દૂરબીનનું અખંડ ભારેખમ દર્પણ તેના પોતાના વજનથી જ વિકૃત બનવાની પૂરી સંભાવના છે, કાચની વિકૃતિને ધ્યાનમાં ન લઈએ તોપણ તેનાથી એક મોટી બાબતની અવહેલના કરી શકાય તેમ નથી. એ છે ઢાળેલા દૂરબીનકાચને ઉચિત દર્પણનું રૂપ આપવા તેને ઘસવામાં તેમ જ પોલિશ કરવામાં વીતનારાં વર્ષો. ૧૪.૮ ટન વજનના ૫૦૦ સે.મી.વાળા દર્પણ કાચને તૈયાર કરવામાં વર્ષો લાગ્યાં હતાં.

છસો સે.મી.થી મોટા વ્યાસવાળું દૂરબીન બનાવી ન શકાય તો પાંચ અબજ પ્રકાશવર્ષથી વધુ દૂરના અવકાશમાં વિહરતા અવકાશી જ્યોતિઓને જોવાનું અશક્ય જ બને. કરોડો તારાવિશ્વો ધરાવતા આપણા બ્રહ્માંડનો આવિર્ભાવ આજથી વીસેક અબજ વર્ષ પહેલાં થએલો હોવાનું મોટા ભાગના ખગોળજ્ઞો માને છે. બ્રહ્માંડસ્થિત તારાવિશ્વો તેમના જન્મથી માંડી આજ પર્યંત ઉત્ક્રાન્ત થઈ રહ્યાં છે. આ દૃષ્ટિએ આપણાથી ૧૦ અબજ પ્રકાશવર્ષ જેટલે દૂર આવેલાં તારાવિશ્વોએ તેમના ઉત્ક્રાન્તિપથમાં અર્ધી મંજિલ કાપી હશે. જ્યારે એથી વધુ દૂરનાં તારાવિશ્વોએ તેથી પણ કદાચ ઓછી. મતલબ કે અતિ દૂર આવેલાં આકાશી જ્યોતિઓનાં દર્શન કરવાનું સક્રિય બને તો તે બધાંની ઉત્ક્રાન્તિની કડીઓ મેળવી શકાય. અને એ દર્શન-યોગ ખરેખર ફળદાયી નીવડે (અત્યંત શક્તિશાળી દૂરબીનોનાં નિર્માણ દ્વારા) તો બ્રહ્માંડના આદિ સ્વરૂપની ઝાંખી કરી શકાય!!

નવી ટેક્નિક અનુસાર દૂરબીનના શક્તિશાળી દર્પણ અંગે બે વિકલ્પ વિચારાયા છે. આ પૈકીનો એક દર્પણકાચની જાડાઈ ઓછી રાખવા અંગેનો છે, જ્યારે બીજો અખંડ દર્પણકાચને બદલે એકસરખા ગુણધર્મવાળાં નાનાં દર્પણોના સંયુક્ત જોડાણ દ્વારા મોટા દર્પણની રચના કરવા વિષેનો છે.

ઓછી જાડાઈવાળા દર્પણકાચની રચનાનું બીડું અમેરિકાની યુનિવર્સિટી ઑાવ ટેક્સાસે ઝડપ્યું છે. દૂરબીનના દર્પણને ટકવવાની તેમ જ એનું આરોહણ (Mounting) કરવાની પદ્ધતિ કૉમ્પ્યુટરની મદદ વડે હવે સરળતાયુક્ત બની છે, અને તે કારણે 'ટેક્સાસ-ચક્ષુ' નામે ઓળખવામાં આવતા એક નૂતન દૂરબીનની રચના ૧૦ સે.મી.

નિઋતી (દિક્પાલ ૪)

દક્ષિણ ને પશ્ચિમ વચ્ચેની વિદિશા નૈઋર્ત્યનો દિક્પાલ છે નિઋતી. એ એક વૈદિક દેવ છે, પરન્તુ વેદમાં તેના નહીંવત્ ઉલ્લેખો મળે છે. અને તદુપરાંત, ત્યાં તે 'રાક્ષસ' એવા અર્થમાં વર્ણિત છે. 'અભિલષિતાર્થ ચિન્તામણિ' અને 'શિલ્પરત્ન' જેવા શિલ્પવિષયક ગ્રંથોમાં એને રાક્ષસેન્દ્ર કહીને રાક્ષસોથી વીંટળાયેલો કંડારવાનું કથન છે. રાક્ષસ, વિનાશ, મરણ, ખુવારી, અલક્ષ્મી, દુર્ગા, દુ:ખ, ઉપદ્રવ વગરનો, સ્પર્ધા-જુગુપ્સા વગરનો અર્થાત્ સમવૃત્તિ ઇત્યાદિ વિભિન્ન અર્થો છે. નિઋતીનો 'નિર્ગતા ઋતિ: યસ્માત્સ તથા' એ શબ્દાર્થ એની વૃત્તિનો નિદર્શક છે નિઋતી દિક્પાલ તરીકે ઉત્તરકાલીન છે. 'મનુસ્મૃતિ'માં નિઋતીનો દિક્પાલ રૂપે ઉલ્લેખ નથી. છતાં ય એક દેવ રૂપે તેનો નિર્દેશ અવશ્ય મળે છે. 'પરસ્ત્રીના સંગથી જેનું બ્રહ્મચર્ય ખંડિત થયું હોય તેવા પુરુષે રાત્રે ચૌટામાં પાકયજ્ઞના વિધિ પ્રમાણે કાણા ગધેડા વડે નિઋતી નામના દેવનું યજન કરવું' એમ 'મનુસ્મૃતિ' (૧૧-૧૧૮)માં દેવરૂપ નિઋતીનો ઉલ્લેખ મળે છે. 'કાદંબરી'માં 'નિઋતી' રાક્ષસ એવા અર્થમાં અનેક વાર પ્રયોજાયેલ છે. ભવભૂતિના 'ઉત્તરરામચરિત'માં 'નિઋતી' અર્થાત્ અલક્ષ્મી એવો નિર્દેશ મળે છે. (જુઓ : સા હિ લોકસ્ય નિઋર્તિ: ૧ ૫-૩૦) 'નિઋતી'ને સ્ત્રી કલ્પીને દુર્ગા રૂપે પણ માનવામાં આવે છે. એ અધર્મની પુત્રી મનાય છે. આથી જ અંગ્રેજ વિદ્વાનોએ તેને Goddess of Decay કહેલ છે. પુરાણોમાં નિઋતીને લગતી અનેક કથાઓ ઉપલબ્ધ છે. ભારતીય પૌરાણિક પરંપરાનુસાર નિઋતી એ મૃત્યુના દેવ છે. મૃત્યુના આ દેવની એક પત્નીનું નામ મેધા છે. શિશિર, ભય અને મહાભય એ ત્રણ એમના પુત્રો છે. દક્ષિણપથના રાજા નિઋતીનું ક્ષેત્ર છે નિદ્રા. સફેદ વસ્ત્રો પરિધાન કરીને તે શુકલ પક્ષમાં વિહારાર્થે નીકળે છે. એ સંહારક દેવ છે. સંભવત: મહાભારતમાં રુદ્રના અવતાર રૂપે ઉલ્લેખિત થયેલ નિઋતી ઉત્તરકાળમાં પુરાણોમાં સંહારક દેવ રૂપે પ્રચલિત બને છે અને દિક્પાલ તરીકે સ્થાન પામે છે. મનુષ્યને લેવા આવનાર આ દેવ પ્રારંભે મનુષ્યને લલચાવીને પોતાના ખભા પર બેસાડીને લઈ જાય છે, પરંતુ પછી સ્વયં મનુષ્ય પર સવાર થઈ જાય છે. આ નિઋતી નરવાહના દેવ રૂપે ખ્યાત છે. ક્યારેક એ ભદ્રપીઠ પર આરૂઢ કે સિંહારૂઢ પણ હોય છે. શિલ્પાકૃતિમાં દિક્પાલ નિઋતી દેવનું વાહન મહદ્અંશે નર જોવા મળે છે. મૃત્યુના દેવ દિક્પાલ નિઋતીની પ્રસ્તુત મૂર્તિ સ્પષ્ટત: નરવાહના છે. મોઢેરાના સૂર્યમંદિરની



મોઢેરાનાં સૂર્યમંદિરમાં દિક્પાલ નિઋતી (ફોટો - વસંત પરીખ)

આ દ્વિભુજ મૂર્તિનું વિકરાળ રૂપ અને આભૂષણ એ સ્પષ્ટત: મૃત્યુદેવ હોવાનું પ્રમાણ પૂરું પાડે છે. આભૂષણ રૂપે નાગ કંડારીને મૃત્યુના દેવની ભયાનકતા અહીં દર્શાવી છે.

વિષ્ણુધર્મોત્તર મુજબ દેવી, કૃષ્ણાંગી, કૃષ્ણવદન અને કૃષ્ણપાશ એ ચાર નિઋતીની પત્નીઓ છે. રાક્ષસ અને અપ્સરાઓથી વીંટળાયેલ નિઋતીની મૂર્તિ કંડારવાનું નોંધાયેલ છે. 'કૂર્મપુરાણ'માં 'રાક્ષસો દ્વારા સંવૃત' લોકપાલ નિઋતીનો ઉલ્લેખ છે. એની નગરીનું નામ રક્ષોવતી છે.

નિઋતી દિક્પાલ રૂપે પૌરાણિક કાળમાં પ્રચલિત બનેલ છે આથી દિક્પાલ વિભાવનામાં એનો પ્રવેશ ઉત્તરકાલીન છે. **પ્રફુલ્લ રાવળ**

જાડા, પણ ખગોળની દુનિયામાં અત્યંત પાતળા અને હલકા મનાતા દર્પણકાચ વડે કરવામાં આવી રહી છે. લાક્ષણિકતા એ વાતની છે કે ઉક્ત દર્પણ કૉમ્પ્યુટર નિયંત્રિત ટેકણગાદી પર કૉન્ટેક્ટ લેન્સની પેઠે ગોઠવાશે અને પોતાનાં આકાર તેમ જ ગોઠવણીની ખામીને તે કૉમ્પ્યુટરની જ મદદ વડે સુધારી લેશે.

ઈ. સ. ૧૯૮૬માં ૭૫૦ સે.મી. વ્યાસની ક્ષમતા ધરાવતું ઉક્ત દૂરબીન કામ કરતું થઇ જશે. અને ત્યારે એ ૭ થી ૮ અબજ પ્રકાશવર્ષ દૂરના બ્રહ્માંડીય પ્રદેશનું રહસ્ય આપણી સમક્ષ પ્રકટ કરશે.

કાચની જાડાઈ ઓછી હોવા સાથે દર્પણકાચ અનેક ટુકડાઓના મેળ દ્વારા બનેલો હોય એવા પ્રકારના એક દૂરબીનની યોજના યુનિવર્સિટી ઑવ કૅલિફૉર્નિયાએ વિચારી કાઢી છે. પ્રસ્તાવિત દૂરબીનની દરેક ષટ્કોણિયા આરસી ૧૫ સે. મી.ની બાજુવાળી હશે અને એવી ૩૬ આરસીની પહોળાઈ દ્વારા જે દર્પણકાચ તૈયાર થશે તે પરવલય (Parabolic) પરાવર્તક પ્રકારનો હશે. લગભગ ૧૦૦૦ સે.મી. વ્યાસની ક્ષમતા ધરાવતા આ દૂરબીનની અવકાશભેદન શક્તિ આપણને ૧૦ અબજ પ્રકાશવર્ષ જેટલા અવકાશી ઊંડાણમાં ડોકિયું કરાવશે.

મહા-વિસ્ફોટ (Big Bang)ના સિદ્ધાંત અનુસાર બ્રહ્માંડની ઉત્પત્તિનો સમય ૧૮ થી ૨૦ અબજ વર્ષ પહેલાંનો માનવામાં આવે છે. ઉપર્યુક્ત દૂરબીન આપણને અર્ધીવાટનું દર્શન કરાવે તેમ છે. પણ ખગોળશાસ્ત્રીઓને તેથી પણ વધુ મંજિલ તય કરવી છે. વિશિષ્ટ તરકીબો દ્વારા તેઓ વધુ અવકાશી અવગાહન કરવા ઇચ્છે છે.

માનવીની આંતરસૂઝ ક્યારેક નવી નિર્મિતિનું પ્રેરણાબળ બની રહે છે. ખગોલીય ક્ષેત્રે એનું એક ઉદાહરણ કિટ્પિક વેધશાળાએ હાથમાં લીધેલા અભિનવ પ્રયોગે ઉપસાવ્યું છે. આ વેધશાળા દ્વારા જે દૂરબીનનું નિર્માણ થવાનું છે તે વાસ્તવમાં ખંડયુક્ત (Segmented) દર્પણ-દૂરબીન હશે, પણ એની આરસીઓને તૈયાર કરવાની પદ્ધતિમાં ફરક છે. આ દૂરબીન ૧૦૦ નાનાં દર્પણોને જોડીને બનાવવામાં આવશે અને એની અવકાશભેદન ક્ષમતા ૧૫૦૦ સે.મી. વ્યાસના દૂરબીન જેટલી થશે. આ દૂરબીનની દરેક નાની આરસીને ભારાક્રાંત દર્પણ

(અનુસંધાન પૃષ્ઠ ૨૦૮)



જાડેજેંજી વારી

કચ્છી રાજવંશ

લેખક

રામસિંહજી રાઠોડ

◁ ખેંગારજી પહેલા (ઇ. ૧૫૧૦ થી ૧૫૮૬)
અને ભારમલજી પહેલા (ઈ. ૧૫૮૬ થી ૧૬૩૨) ▷



પશ્ચિમ ભારતના ઇતિહાસમાં કચ્છ પ્રદેશની કથા કંઇક આગવી જ રહી છે. છેક મુએંન્જો-ડેરો અને હડપ્પાની સૈન્ધવી સંસ્કૃતિથી પ્રભાવિત રહેલા કચ્છમાં યાદવો, મૌર્યો, શકો, ક્ષત્રપો, ગુપ્તો, હૈહયો, હૂણો, મૈત્રકો, ગુર્જરો અને ચાલુક્યો વગેરે પછી કાઠી, સુમરા, સમા અને જાડેજાનાં શાસન આ પ્રદેશે અનુભવ્યાં છે, અને તે છતાં તેની તળપદી લોકાઇની લાક્ષણિકતા જળવાઈ રહી છે. આમાં કચ્છના વતનીઓ અને કચ્છના મહાજનનું વર્ચસ્વ મોકળું રહેતું આવ્યું છે. અરબ આક્રમણોના સામનાનો અને ઇસ્લામના પ્રસારનો પણ તેને અનુભવ થએલો છે, પણ કચ્છ મુસ્લિમ રાજસત્તાથી પર રહી શક્યું છે. સમા કુળની વંશપરંપરાની હકૂમત લાલાઇવાળી કચ્છભૂમિના શણગારરૂપ બની દસ સૈકા જેટલી અવિચળ ચાલી છે.

આદિનારાયણની ચોથી પેઢીએ ચંદ્ર રાજા થયો. એના ચંદ્રવંશી કુળનો દસમો રાજા યદુ થયો. યદુવંશમાં ચોપનમા પુરુષ યાદવ કૃષ્ણચંદ્રના પુત્ર સામ્બના વંશમાં 'નરપત' રાજા થયો. એના પુત્ર સમાનો વંશવેલો સિન્ધુપ્રદેશમાં ફેલાયો. આ સમાના કુળના લાખા ધુરારાના પુત્રો મોડ અને મનાઈ મોસાળમાં મામા વાઘમ ચાવડા પાસે કચ્છમાં આવેલા. આમાંથી મોડના પુત્ર સાડે કંથકોટનો કિલ્લો બંધાવ્યો હતો. આ સાડનો ફૂલ, અને ફૂલનો લાખો ફુલાણી. એ બહુ પ્રતાપી અને પરાક્રમી હતો. પણ તેનો વંશ આગળ ચાલ્યો નહિ.

યાદવવંશમાં ૧૫૪મી પેઢીએ કુળકીર્તિ વધારવાની તમન્નાવાળો જાડો થયો, જેણે પોતાના ભાઇ વેરૈંજીના પુત્ર લાખાને દત્તક લીધો. આ પરથી એ લાખો 'જાડેજો' એટલે કે જાડાનો (પુત્ર) કહેવાયો. લાખો અને લાખિયાર એ બે 'જાડા'ભાઈ એટલે, અને મા આશાપુરાના જાડા કહેતાં કૃપાથી થયા એટલે પણ એ જાડેજા તરીકે ઓળખાયા એવું પણ મનાય છે. આ લાખો જાડાણી (ઈ. ૧૧૪૭ થી ૧૧૭૫) એ જાડેજાઓનો મૂળ પુરુષ. એનો પુત્ર રત્તો રાયધણ મહા પરાક્રમી નીવડ્યો. એની પાંચમી પેઢીએ થએલા કાંયોજીએ કાઠીઓને કચ્છમાંથી હાંકી કાઢ્યા હતા. એની ત્રીજી પેઢીએ લાખિયાર વીઅરાની ગાદીએ હમીરજી થયા. આ હમીરજીને જામ રાવળે કપટ કરી કતલ કર્યા અને કચ્છ કબજે કરવાની પેરવી કરી. હમીરજીના બાલકુંવરો ખેંગારજી તથા સાહેબજીએ છટકી જઇને અમદાવાદમાં આશ્રય લીધો, અને ત્યાંથી સબળ બની સમય આવ્યે કચ્છ પહોંચી જઈ જાડેજા રાજવંશની પ્રતિષ્ઠા સ્થાપી દીધી. આ રીતે કચ્છમાં સ્થિર થએલા કચ્છના જાડેજા રાજવંશનો યશ છેક ઈ. ૧૯૪૮માં કચ્છ સ્વતંત્ર ભારતનું એક એકમ બન્યું ત્યાં લગી અખંડ જળવાઇ રહ્યો. અહીં ખેંગારજીથી આરંભાઇને સતત ૪૩૮ વર્ષ સુધી કચ્છ પર શાસન કરનાર એ જાડેજાવંશના ૧૮ રાજવીઓ તથા એમની વારીની મુખ્ય ઘટના કે તેમણે કરેલાં મહત્ત્વનાં કાર્યોની ટૂંકી નોંધ આપી છે, જે આ સુદીર્ઘ અક્ષત રાજ્યશાસન દરમિયાનના કચ્છના ઇતિહાસની પણ થોડી ઘણી ઝલક આપી રહેશે.

ખેંગારજી-પહેલા (૧૫૧૦ થી ૧૫૮૬)

'તોજો નાં ખેંગાર, બુજી પાતો બાંભણે'. પરાક્રમી ખેંગારજીને બિરદાવતાં કચ્છી કહે છે: બ્રાહ્મણે તારું નામ ખેંગાર (ક્ષય+અંગાર) સમજપૂર્વક પાડયું છે.

એ ખેંગારજીના પિતા હમીરજીને એમના પિતરાઇ જામ રાવળે મારી નાખેલા. એમના બે બાળકુંવરો ખેંગારજી અને સાહેબજીનું કાસળ કાઢી નાખવાની પણ તેની નેમ હતી. પણ ખેંગારજીનો વફાદાર છછરબુટ્ટો ચેતી જઇ કુંવરોને લઇને નાસી છૂટ્યો. પાછળ જામ રાવળની વાર ચડી. તેનાથી છુપાતો-નાસતો છછર કુંવરોને લઇને સાપરમાં ભાયા કકલને ત્યાં પહોંચ્યો. કકલે બંને કુંવરોને કડબની કાલરમાં છુપાવી દીધા, એટલું જ નહિ, ચડી આવેલી વારે એની નજર સામે જ એના છ પુત્રોનો વધ કરી નાખ્યો છતાં એણે કે એની પત્ની માલણીએ રાજકુમારોને છતા કર્યા નહિ. લાગ જોઇ છછર કુમારોને લઇ ચરાડવા પહોંચ્યો. ત્યાં ગોરજી માણેક મેરજી પાસેથી આશિષ અને સાંગ મેળવી. દહીંસરામાં કચ્છ લાખિયાર વીયરાની એક સુતારણ રૂપલબાઇ પાસેથી કાળો ઘોડો, જારનો ડુમરો અને દહીંનાં શુકન લઇ છછર વીરમગામ પહોંચ્યો. અહીં એ નિર્વાહ અર્થે એક શેઠને ત્યાં ચાકરી કરવા જાત વેચીને રહ્યો ને ત્યાં એક વાર શેઠને ચાર ચોરથી બચાવી એની કૃપા પામી કુંવરોને અમદાવાદ અલિયોંજી પાસે પહોંચાડ્યા. અમદાવાદના બાદશાહ સાથે હમીરજીની અનૌરસ પુત્રી કમાંબાઇને પરણાવેલી હતી અને તેની સાથે તેનો ભાઇ અલિયોંજી અમદાવાદ આવ્યો હતો.

અહીં એક વાર શિકારમાં ખેંગારજીએ બાદશાહનો જીવ બચાવતાં એથી ખુશ થઇ બાદશાહે એને 'રાવ'નો ખિતાબ આપ્યો અને કચ્છનું રાજ્ય પાછું મેળવવામાં ખેંગારજીને સહાય આપી. રૂઘા જોષીની તરફીબથી ખેંગારજીએ મોરબી કબજે કર્યું. પછી સાપર લીધું અને તેનું નામ રાપર રાખ્યું. એમનાં પરાક્રમો સાંભળી જામ રાવળે ઇસર બારોટને સાથે લઇ નાસી જઇને જામનગરમાં જમાવટ કરી, નાગની બંદર જીતી લઇ, પોતાના દાદાએ શરૂ કરેલું હાલાર નામ ભૂંસાઇ ગએલું, તે ફરી ચાલુ કરીને એ પ્રદેશમાં પોતાની સત્તા બેસારી. આ તરફ કચ્છ સર કરીને ખેંગારજીએ ઈ. ૧૫૧૦માં લાખિયાર વીયરામાં પોતાની રાજસત્તા સ્થાપી. ધીરેધીરે એમણે પોતાની સત્તા સિંધના રાયમા બજાર સુધી વિસ્તારી દીધી. ઈ. ૧૫૪૯માં એમણે ભુજની સ્થાપના કરી ત્યાં રાજધાની સ્થાપી. ટીલા મેડીમાં એમણે રાજ્યારોહણ કર્યું અને રાયપુર બંદર તથા અંજાર વિકસાવ્યાં. વિવિધ જાતિઓના કારીગરોને ઉત્તેજન આપી દેશની સમૃદ્ધિ વધારી. ૭૬ વર્ષ સુધી રાજ કરી કચ્છને આબાદ બનાવી એ ૯૦ વર્ષની પાકટ વયે દેવ થયા. એમના પછી ટિલાયત કુંવર ભોજરાજજી ગાયોની વહારમાં તીર વાગવાથી રામ થયા હોઇ કુંવર ભારમલજી ગાદીએ આવ્યા.



ભોજરાજજી (૧૬૩૩-૧૬૪૫), ખેંગારજી-બીજા (૧૬૪૫-૧૬૫૪), તમાચીજી (૧૬૫૫-૧૬૬૬) અને રાયધણજી-પહેલા (૧૬૬૬-૧૬૯૮)

ભારમલજી-પહેલા (૧૫૮૬ થી ૧૬૩૨)

ભારમલજી ફટાયા કુંવર હતા પણ વિધિસંજોગે એમને કચ્છની ગાદી મળેલી. એથી કચ્છમાં એક કહેવત પડી ગઇ: 'ખટ્યો ખેંગાર અને ભોગવ્યો ભારે'. એકઠું કર્યું ખેંગારે ને ભોગવ્યું ભારમલે. એમણે ઈ. ૧૫૯૫માં રાજગુરુ અનંતજીની આજ્ઞા થકી ગિરનારા બ્રાહ્મણ વ્યાસ શિવદત્ત અને રામજીને બોલાવી સમસ્ત કચ્છદેશના વ્યાસપદની ગાદી આપી હતી.

ગુજરાતના છેલ્લા સુલતાન મુઝફ્ફરના બળવાને દાબી દેવા દિલ્હીથી અકબરે મિરઝાંખાનને મોકલ્યો હતો. તેનાથી નાસતો ફરતો મુઝફ્ફર કચ્છ આવેલો. થાપ ખાઇને એ પાછળ આવેલી મુગલ સેનાનો કેદી બન્યો, પણ એને લઈ અમદાવાદ જતી સેના ધ્રોળ પાસે પહોંચી ત્યારે મુઝફ્ફરે આપઘાત કર્યો (૧૬૨૦). આ સમયનાં કચ્છી ઘોડાં તથા બકરાનાં વખાણ 'આઇને અકબરી'માં નોંધાએલાં છે.

ઈ. ૧૬૦૯માં રાજ્યે ધીણોધરવાળા પ્રભાતનાથને રાયણ ગામ ભેટ આપ્યું. આ રાયણનાં ભીંતચિત્રો કચ્છી કમાંગરીના સુંદર નમૂના છે.

કર્મવિષયક પૂર્વ મીમાંસા, જ્ઞાનવિષયક ઉત્તર મીમાંસા, વ્યાકરણ અને ન્યાય એ ચાર શાસ્ત્રોના વિખ્યાત પ્રખર જ્ઞાની ભટ્ટ કક્કાણી લહુજી ગોવિંદજી ૧૬૧૪માં ભુજમાં સ્થાયી થયા. ૧૬૧૭માં બાદશાહ જહાંગીરે અમદાવાદની મુલાકાત લીધેલી. શાહજહાં ત્યારે ત્યાં સૂબો હતો. જહાંગીરને માન આપવા ભારમલજી અમદાવાદ ગયા. દરવાને બાદશાહને જાણ કરી કે 'ભારા મુલાકાતે આવ્યા છે', ત્યારે જહાંગીરે પૂછ્યું 'ભારા શાના?' એ વેળા કવિ ચિંતામણિરાયે ભારમલજીનો પરિચય આપતાં કવિત કહ્યું:

સેવકકુ સુખસાગર ભાગ સદા ફળ ભેટિયે આજ સવારો
રતનરેલ રાજા રાઓ ખેંગાર મસકકો ગારો
કામદુધા કલપદ્રુમ ચિત ચિંતામણી ચિત્ત અટારો
પાંચ તત્ત્વ બિધી બાંધ્યો બનાય કે મોતી કો મોહ કનકકો ભરો.'

ભારમલજી એ પછી એ કવિને કચ્છ લઇ આવી એને રાજ્યના ભાટ કરી સ્થાપ્યા હતા. એ મુલાકાત વખતે ભારમલજીએ એક સો કચ્છી ઘોડા, સો સોનામહોરો અને બે હજાર રૂપિયા બાદશાહને નજરાણામાં આપ્યા હતા. સામે જહાંગીરે એમને એક ચુનંદો હાથી, એક હાથણી, રત્નજડિત કટાર અને તલવાર અને વીંટીઓ ભેટ આપી હતી. વળી, જહાંગીરે પોતાના ચિત્રકાર ગોવર્ધન પાસે રા'ભારાનું છબિચિત્ર પણ બનાવરાવ્યું હતું આ તસવીર હાલ બર્લિનની સ્ટેટ લાયબ્રેરીમાં છે. (અહીં આપેલી છબિ એના પરથી ઉતારેલી છે.) આ છબિ પર લખાણ છે કે, 'આ રા'ભારા ગુજરાતના મુખ્ય રાજાઓ પૈકી ઘણો બળૂકો છે અને આ ભૂમિના કોઇ પણ રાજકર્તા પાસે એ હજુર થયો નથી! મક્કા-શરીફની હજ કરવા જનાર યાત્રીઓને કચ્છ દરિયાવાટે સલામત સફર કરાવે એ શરતે જહાંગીરે કચ્છની ખંડણી પણ માફ કરી હતી. ભારમલજીએ ભુજની ટંકશાળમાં ભારાશાહી કોરી પાડવાનો રૂક્કો પણ મેળવ્યો હતો, અને ત્યારથી કચ્છમાં રાશાહી સિક્કા ચલણી બન્યા હતા. ભારમલજીએ કરીગરોમ અને વિધવિધ ધંધાને ઉત્તેજન આપ્યું, અનેક વિદ્વાનોને રાજ્યમાં વસાવ્યા અને શાસ્ત્રજ્ઞાનના પ્રસાર અર્થે જરૂરી તમામ તજવીજો કરી હતા.

૩. ભોજરાજજી (૧૬૩૩-૧૬૪૫)

ભારમલજી પછી ગાદીએ આવેલા ભોજરાજજીની વારીમાં વર્ધમાન-શાહે મુંદ્રાબંદર વિકસાવ્યું હતું. રાવે ત્યાં મનમોહનરાયનું મંદિર બંધાવ્યું. હિંદુ ધર્મનો એમણે ઊંડો અભ્યાસ કરેલો. વિદ્વદ્સભાઓ પણ એ યોજતા. એમણે પોતે 'ધર્મપ્રદીપ' નામે શ્લોકબદ્ધ એક સંસ્કૃત ગ્રંથ પણ રચ્યો છે, જેની હસ્તલિખિત પ્રત આજે યે 'આયનામોલ'માં સચવાએલી છે. નિઃસંતાન હોઈ એમણે પોતાના ભાઇના કુંવર ખેંગારજીને દત્તક લીધા હતા.

૪. ખેંગારજી-બીજા (૧૬૪૫થી ૧૬૫૪)

એમની વારીમાં એમના આશ્રિત એક મારવાડી વિદ્વાન ચારણને લાખિયાર વીયરાના ચારણોએ મારી નાખેલો. આ ચારણોને શિક્ષા કરવા એ જાતે ત્યાં ચડી ગએલા અને એક ચારણ આઈના શાપથી એ ધિંગાણામાં દેવ થએલા.

૫. તમાચીજી (૧૬૫૫ થી ૧૬૬૬)

ખેંગારજી બીજાને એમની એક સુમરી ઉપપત્નીથી હમીરજી નામે એક અનૌરસ પુત્ર હતો. ખેંગારજી (૨) ધિંગાણામાં કામ આવી જતાં લાગ સાધી સુમરાઓએ એક થઇ એ હમીરજીને કચ્છની ગાદી પર બેસાડી દીધો. જાડેજા ભાયાતો અને મહાજનથી આ સહન થયું નહિ, એટલે એમણે ખેંગારજીના ભાઇ મેઘજીના પુત્ર તમાચીજી, જે ખંભરામાં ખેડ કરતા હતા, તેમને કચ્છના ખરા ગાદીવારસ ગણી, ભુજ બોલાવીને એમને રાજગાદી સોંપી અને હમીરજીને હાંકી કાઢ્યો. એમના અરસામાં પિતા શાહજહાંને કેદ કરી ઔરંગઝેબે દિલ્હીની ગાદી હાથ કરતાં તેનાથી બચવા દારા શિકોહ આશ્રય શોધતો કચ્છ આવેલો. તમાચીજીએ એને ભુજમાં જ્યાં ઉતારો આપેલો એ જગ્યા આજે યે 'દારાવાડી'ના નામે જાણીતી છે. આ જ રીતે બોખારા ત્યજીને કચ્છ આવેલા બુખારી સંત શાહ મુરાદને પણ તમાચીજીએ આશ્રય આપેલો. સંત શાહ મુરાદે દુઆગીર બની મુંદ્રામાં વાસ કરેલો. તમાચીજીએ મારુ વિદ્વાન ચારણોને અને ચારણ ભારમલદાનને પણ આશ્રય આ-



પ્રાગમલજી-પહેલા (૧૬૯૮-૧૭૧૫), ગોડજી-પહેલા (૧૭૧૫-૧૭૧૮), દેશળજી-પહેલા (૧૭૧૯-૧૭૫૨), લખપતજી (૧૭૫૨-૧૭૬૧)

પેલો. જેની મહેરનજરથી પોતે રાજા બનેલા એ માતા (મહામાયા) મોમાયની તમાચીજીએ ભુજના મઠમાં પ્રતિષ્ઠા કરી હતી.

૬. રાયધણજી-પહેલા (૧૬૬૬ થી ૧૬૯૮)

રાયધણજીની વારીમાં એમના વંશજોમાં કચ્છવરા ઘણી જાગીરોમાં વહેંચાઇને અનેક કોટકિલ્લા બંધાયા. રાજ્યની સલામતી માટે એમણે ઘણી સારી વ્યવસ્થા ઊભી કરી હતી. અમદાવાદથી મોટા સૈન્ય સાથે કચ્છ પર આવેલા મુઆઝિમ બેગને કચ્છ તરફથી શાહ મુરાદપીરે બાદશાહ જહાંગીરે માફ કરેલી પેશકદમીનાં યોગ્ય કારણો રજૂ કરવાથી, તથા કચ્છની સંરક્ષણ માટેની પૂરતી તૈયારી જોઇને એ નવો પરવાનો આપી પાછો ચાલ્યો ગએલો. રાયધણજીનું અવસાન થયું ત્યારે ફટાયા કુંવર પ્રાગમલજીએ સ્મશાનયાત્રામાં ન જોડાતાં ભુજના દરબારગઢમાં પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો. આથી અન્ય કુંવરો પોતપોતાને હસ્તકનાં થાણાં દબાવી બેઠા. આ રીતે કાંયાજીએ મોરબી પરગણું સ્વાહસ્તક કરી કચ્છથી અલગ પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું.

૭. પ્રાગમલજી-પહેલા (૧૬૯૮ થી ૧૭૧૫)

પ્રાગમલજીએ ગાદી લીધા પછી નવાનગરની ગાદી બિનવારસ જતાં ગરાસિયા ભાયાતને વારસાહક મળ્યો હતો, પણ ગુજરાતના સૂબા કુત્બુદ્દીને એની હત્યા કરતાં તેનો પુત્ર તમાચી કચ્છ આવેલો. એ વયે પહોંચતાં તેને સૈન્યની સહાય આપી પ્રાગમલજીએ નવાનગર સ્વાધીન કરાવી આપેલું. આના બદલામાં કચ્છ રાજ્યને બાલંભાનો કિલ્લો મળેલો. ત્યારથી કચ્છના રાવ 'મહારાવ' કહેવાયા. પ્રાગમલજીના સમયમાં કચ્છના અખાતમાંથી મોતી કાઢવામાં આવતાં અને તેનો વેપાર થતો હતો. કલા-કારીગરીનો પણ એ વારીમાં ઉત્તેજન વધતાં સારો વિકાસ થયો. કારીગરોની પ્રતિષ્ઠા પણ વધી. સૂરજ-ચંદરનો લાલ વાવટો ફરકાવતું કચ્છનું વહાણવટું ત્યારે સારી પેઠે ખીલ્યું.

૮. ગોડજી-પહેલા (૧૭૧૫ થી ૧૭૧૮)


પ્રાગમલજી પહેલા પછી ગાદીએ આવનાર ગોડજીનો શાસનકાળ બહુ ટૂંકો હતો, પણ એમના સમયમાં પરદેશમાં કચ્છીઓની વસાહતો જમાવટ પામી. એમણે કચ્છના ડુંગરો અને કિલ્લાઓની મોજણી કરાવેલી ને તેને વધુ ચોકસ બનાવેલી. કળાકારીગરીને પણ ઉત્તેજન આપ્યું. 'આયનામોલ'માં હાથીદાંતના જડતરવાળાં શોભનમંડિત વિખ્યાત કમાડ આ ગોડજીના સમયની કારીગરી છે.

૯. દેશળજી-પહેલા (૧૭૧૯થી ૧૭૫૨)

કચ્છમાં એ 'દેસર પરમેસરા' તરીકે સુખ્યાત છે. મોરબીથી કાંયાજીના દોરીસંચારથી અમદાવાદના સૂબા શેર બુલંદખાને ખંડણી ઉઘરાવવાના બહાને કચ્છ પર ચડાઇ કરી. પણ દીવાન દેવકરણની કુનેહથી ભુજનું રક્ષણ થયું. યુદ્ધમાં કચ્છનો વિજય થયો. શ્રાવણ સુદ પાંચમના એ વિજયની યાદમાં ત્યારથી દર વર્ષે નાગપાંચમની રાજસવારી નીકળવી શરૂ થઇ. યુદ્ધ પતી જતાં દીવાને આલમપનાહ ગઢ અને ભુજિયાગઢનું અધૂરું કામ પૂરું કરાવ્યું. ભુજની સ્થાપનાની દ્વિશતાબ્દી નિમિત્તે દેશળસર ભર્યું થયું. કચ્છની કુંવરીનાં ઉદેપુરના રાણા સાથે લગ્ન થયાં. દેશળજીનાં વાઘેલા રાણી માનકુંવરબાએ ભુજમાં દ્વારકાનાથ અને નારાયણસરમાં ત્રિકમરાયનાં મંદિરો બંધાવ્યાં. પ્રજામાં સુખશાતા પ્રસરતાં આ સમયમાં કચ્છી રંગાટીકામ, બાંધણી અને કમાંગરીનું કૌશલ વધુ વિકાસ પામ્યું.

૧૦. લખપતજી (૧૭૫૨ થી ૧૭૬૧)

દેશળજીના કુંવર લખપતજીની ઉદારતા ઉડાઉપણા સુધી પહોંચતાં તેમને વેઠવી પડતી નાણાંભીડમાં પિતાની વારીના દીવાન દેવકરણ આડખીલી રૂપ લાગતાં એમણે એનો ઘાત કરાવેલો. રાજની સ્થિતિ ડામાડોળ બની અને એમાં લખપતજીએ પિતાને નજરકેદ કરીને ભુજનું રાજ પોતાને હસ્તક લીધું. પણ રાજની આંતરિક ખટપટ બાદ કરતાં એમની વારીમાં કલા-કૌશલ અને સાહિત્ય સંસ્કારનો ઘણો વિકાસ થયો. લખપતજી યુવરાજ હતા ત્યારે દિલ્હીના દરબારમાં જઈ આવેલા, એટલે પોતાના દરબારનો દબદબો પણ એમણે ખૂબ વધાર્યો હતો. પિતાનું અવસાન થતાં ૧૭૫૨માં એમનો વિધિવત્ રાજ્યાભિષેક થયો. કચ્છના રાજવહીવટમાં 'મહાજન'ના મહત્ત્વને જાળવી એમણે પોતાનો પ્રજાવત્સલભાવ પ્રકટ કરવા ૧૭૪૨માં પિતાને નજરકેદ કર્યા ત્યારે કચ્છી નવા વર્ષના દિવસે ભુજની ચોવડી બજારમાં તામ્રપત્ર ચોડાવીને રૈયત સમસ્તને હૈયાધારણ આપી મોકળે મને વેપારધંધો કરવાનું કહેણ આપેલું. એમની વારીમાં રાજકવિ હમીરજી અને શાસ્ત્રી કમા ભૂદેવે ભાષા-સાહિત્યને લાડ લડાવ્યાં. જ્યારે તળ ગુજરાતમાં ગદ્યલેખન હજી ગોથાં ખાતું હતું ત્યારે તે કાળે કચ્છમાં કચ્છી, ગુજરાતી, વ્રજભાષા, સંસ્કૃત, ફારસી વગેરે વિવિધ ભાષાનો વાણીસંગમ જામ્યો હતો. જગતમાં અજોડ એવી વ્રજભાષા કાવ્યશાળા સ્થપાઇ હતી. લખપતજીએ કિસનગઢથી વિદ્વાન ગુરુ કનકકુશળ ગોરજીને વસાવ્યા હતા. 'આયનામોલ' તૈયાર થયો. આરસની ભીંતો પર સોનેરી કિનારવાળા આયના જડી શણગારેલા આ મહેલમાં દેશપરદેશના હુન્નર ઉદ્યોગોની એ કાળની અનેક કૃતિઓનો સંગ્રહ રચાયો. રાવ લખપતે અહીં પોતાનો સાહિત્ય-વિલાસ શરૂ કર્યો. કિસનગઢના ભટ્ટારક કનકકુશળજી પાસે ભાષાનો અભ્યાસ કર્યો, અને 'લખપતપિંગળ' ગ્રંથ રચ્યો. રામસંગ માલમના નિદર્શનમાં કચ્છમાં તોપ, કાચ અને ઘડિયાળ બનતાં થયાં. શિલ્પકામ, શસ્ત્ર-બનાવટ, કચ્છ વર્ક નામે વિખ્યાત થએલી ચાંદીની



ગોડજી – બીજા (૧૭૬૧-૧૭૭૯), રાયધણજી - બીજા (૧૭૭૯-૧૮૧૪), ભારમલજી - બીજા (૧૮૧૪-૧૮૧૯), દેશળજી - બીજા (૧૮૧૯-૧૮૬૦)

કારીગરી, મીનાકારી અને કમાંગરીની ખિલવણી થઇ. માંડવીમાં લખપતજીએ ઉચ્ચ ઢબનો રાજઆવાસ બનાવરાવ્યો. 'મહારાજાધિરાજ' અને 'મિરઝાં'ના ખિતાબ સાથે સોનાની માહિમરાતબ, ઢાલ-તલવાર અને પોશાગીરની તેઓ દિલ્હીના બાદશાહ પાસેથી ભેટ પામ્યા હતા.

એમના મૃત્યુ પછી એમની પંદર ઉપપત્નીઓ સતી થઇ હતી. ભુજમાં લખપતજીની છતરીમાં એ બધીના પાળિયા પણ છે.

૧૦. ગોડજી – બીજા (૧૭૬૧ થી ૧૭૭૯)

ગાદીવારસા માટેના કલહ વચ્ચેથી ભાયાતો અને મહાજનની મરજીથી ગોડજી (૨)ને ગાદી મળી. શેર બુલંદની ચડાઇ વખતે જેણે ભુજનું રક્ષણ કરેલું અને પોતાના સ્વાતંત્ર્યમાં આડખીલી રૂપ સમજી લખપતજીએ જેની હત્યા કરાવેલી એ દીવાન દેવકરણના પુત્ર પૂંજાના પ્રપંચથી આ ગોડજીની વારીમાં સિંધના મીર ગુલામશાહ કલ્હોરાએ સિત્તેર હજારના સૈન્ય સાથે ચડાઇ કરી. કચ્છના ઇતિહાસમાં વિખ્યાત એવું ઝારાનું મોટું યુદ્ધ ખેલાયું. તેમાં જીતીને આગળ વધતાં નડેલી અનેક હાડમારીઓથી ત્રાસી જઇને કલ્હોરો પાછો વળી ગએલો. પરંતુ વેરવૃત્તિથી એણે કોરીમાં થઇને કચ્છમાં ઊતરી લખપત પ્રદેશને હરિયાળો રાખતાં સિંધુનાં મીઠાં જળને રોકવા સિંધમાં અરડબંધ બંધાવ્યો. સિંધુના જળની એ આવક અટકી જતાં કચ્છને આઠ લાખ કોરીની લાલ ડાંગરની પેદાશ મળતી બંધ થઇ ગઇ, અને યુદ્ધગ્રસ્ત કચ્છ અન્નસંકટ અને આર્થિક મૂંઝવણમાં શોષાવા માંડ્યું.

ગોડજી પણ સાહિત્યપ્રેમી હતા. એમણે 'ગોહેલ-પિંગળ' નામે ગ્રંથ રચ્યો હતો. એમની વારીમાં માંડવીમાં વહાણવાડાઓ પણ વિકાસ પામ્યા હતા. પણ એ સમયની રાજખટપટોમાં સીદી અંગરક્ષકોનું જે મહત્ત્વ વધી ગયું, તેનાં માઠાં પરિણામો આગળ જતાં કચ્છને ભોગવવાં પડ્યાં.

૧૨. રાયધણજી – બીજા (૧૭૭૯ થી ૧૮૧૪)

એક તો ચૌદ વર્ષની કાચી વયે ગાદીએ આવવાથી અને એ પછી તુરતમાં એમનાં જાજરમાન માતાનું અવસાન થતાં, સીદી મરીચ એમની પડખે ચડી ગયો. રાયધણજીને ફારસી ને ઉર્દૂ ભણાવતા સૈયદ મહમદ પનાહે પણ પોતાનો પ્રભાવ પાડ્યો તથા સીદી સલાહકારોએ એમને ઇસ્લામને રવાડે ચડાવી દીધા, અને એ ધૂનમાં રાયધણજીની વર્તણૂક બિફામ બનતી ગઇ. નાણાં કઢાવવા એમણે દીવાન સહિત અનેક હિંદુ કારભારીઓનાં કાસળ કઢાવવાં માંડ્યાં. પ્રજામાં પણ એમની રંજાડ વધી ગઈ. ઇસ્લામ સિવાય અન્ય ધર્મીઓ સતત ભયમાં મુકાઇ ગયા. અંતે દીવાન વાઘા પારેખે એમને કેદ કરવા પોતાના ભાઇ કોરાને ચારસો માણસો સાથે અંજારથી ભુજ બોલાવ્યો. રાયધણજીએ એ બધાને રાજમહેલમાં ફસાવી મરાવી નાખ્યા ને એકસાથે એક ખાડામાં દફનાવી દેવરાવ્યા. ભુજમાં આ સ્થળ 'વાઘાસર-કોરાસર' નામે કુખ્યાત છે. રાજાની આવી વર્તણૂકથી વહીવટમાં અંધેર વધી કારભારીઓ ને ગરાસિયાઓ મનસ્વી બની ગયા ને કોઇ સર્વોપરિ સત્તા રહી નહિ. અંતે સોઢી રાણી રૂપાળીબાની દોરવણીથી અંજારના કારભારી મેઘજી શેઠે પોતાના બેડા સાથે ભુજ આવી રાયધણજીને કેદ કર્યા. રાજ્યમાં વ્યવસ્થા અને શાંતિ જાળવવા 'બારભાયા સંઘ' નામે જાણીતી પ્રજાધિપત્યના પ્રયોગ જેવી વ્યવસ્થા સ્થપાઈ. તેમાં યે સત્તાલોલુપતાના કારણે મતભેદ પડ્યા અને ફતેહમહમદ જમાદારનું વર્ચસ્વ વધી ગયું. ઇતિહાસમાં એ 'કચ્છનો ક્રૉમવેલ' ગણાય છે. એણે ફતેહગઢ અને લખપતના કિલ્લા બાંધ્યા. હાલારમાં કચ્છની સત્તા વિસ્તારી. કવિ કેશવરામે એની પ્રશસ્તિમાં 'ફતેસાગર' ગ્રંથ લખ્યો છે. અંગ્રેજોને કચ્છમાં પગપેસારો કરતા રોકવા એણે ઘણા પેંતરા કરેલા. ટીપુ સુલતાન સાથે પણ એણે દોસ્તી બાંધી હતી.

આ સમયમાં કચ્છના ઘોડાના વેપારી સુંદરજી સોદાગરની યે બોલબાલા હતી. અંગ્રેજોએ એને પોતાનો નૅટિવ ઍજન્ટ નીમ્યો હતો. કાઠિયાવાડ અને કચ્છમાં વગ વધારવા અંગ્રેજો ત્યારે પ્રવૃત્ત હતા. ફતેહમહમદના મૃત્યુ પછી રાયધણજીનું પણ મરણ થયું. જનસમાજની એ દુરાવસ્થાના કાળમાં સંયમ અને ક્રિયાશીલતાનો બોધ આપવા સ્વામી સહજાનંદનું કચ્છમાં આગમન થયું હતું.

૧૪. ભારમલજી – બીજા (૧૮૧૪થી ૧૮૧૯)

અત્યાર સુધી સાર્વભૌમ રહેલા કચ્છના રાજશાસનમાં થએલી આંતરિક ખટપટ અને એથી આવેલી નબળાઇનો લાભ લઈ કંપની સરકારના અંગ્રેજોએ કચ્છમાં પણ ઘૂસણખોરી કરવા માંડી હતી. એમની વગ વધતી રોકવા ભારમલજીનાં બેન કેશાબાએ અનેક પ્રયત્નો કરેલા, પણ કાવાદાવાનો ભોગ બની એ પરાસ્ત થઇ. અંગ્રેજ લશ્કરે અંજારનો કબ્જો લીધો. છેક ભુજિયા સુધી પહોંચી જઈ કર્નલ ઈસ્ટે ભારમલજીને વાટાઘાટને બહાને ત્યાં બોલાવ્યા અને દગાથી નજરકેદ કર્યા. કચ્છનું મહાજન અને ભાયાતોએ એકઠા મળી અંગ્રેજો સાથે કચ્છ અંગે તહનામું કર્યું. રાજ્યનું સાર્વભૌમત્વ સ્વીકારી મહારાવની મરજી વિરુદ્ધ કચ્છમાં કંઇ પણ ડખલ ન કરવા તથા ગાય, બળદ ને મોરની હત્યા ન કરવા અંગ્રેજો કબૂલ થયા. પદભ્રષ્ટ કરાએલા ભારમલજીને બદલે બાળરાજા દેશળજીને ગાદી આપી (સં. ૧૮૭૫, જેઠ વદ ૨, બુધવાર, તા. ૨૬-૬-૧૮૧૯). કચ્છમાં ભયંકર ધરતીકંપ થયો. કચ્છની દુર્દશાનો એ કાળ અત્યંત અશાંત અને કપરો હતો.






પ્રાગમલજી-બીજા (૧૮૬૦-૧૮૭૫), ખેંગારજી-ત્રીજા (૧૮૭૬-૧૯૪૨), વિજયરાજજી (૧૯૪૨-૧૯૪૮), મદનસિંહજી (૪-૩-'૪૮-૩૧-૫-'૪૮)

૧૪. દેશળજી-બીજા (૧૮૧૯ થી ૧૮૬૦)

ઈ. ૧૮૧૯માં કચ્છમાં ભયંકર ભૂકંપ થતાં પારાવાર પાયમાલી સાથે રાયમાબજારથી દસેક માઈલ દૂર કચ્છના મોટા રણમાં અલાબંધ ઊપસી આવ્યો, જેના પરિણામે સિંધુ સાથેનો કચ્છનો રહ્યોસહ્યો સંબંધ પણ કાયમ માટે તૂટી ગયો. એ વખતે ત્રણ જ વર્ષની વયના દેશળજીનો રાજ્યાભિષેક થયો અને અંગ્રેજ સરકારના રેસિડન્ટની અધ્યક્ષતામાં મહાજનના સભ્યોવાળા રાજકારોબારી-મંડળને કચ્છનો અમલ સોંપાયો. એ વખતે કોલકરારના નામે કચ્છના કોટકિલ્લા ઘટાડવાની પેરવી કરી અંગ્રેજોએ ભુજમાં હમીરસરના કાંઠે પાટવડી અને મહાદેવ નાકા વચ્ચેથી ગઢને પાડવાનો આરંભ કર્યો, મહાજને તેનો ભારે પ્રતિકાર કર્યો અને એ વેતરણ રોકી દેવાઇ. એ કાળમાં જાડેજાઓમાં દીકરીને 'દૂધપીતી' કરી દેવાની ગોઝારી રસમ ચાલતી હતી તે ૧૮૪૧માં કાયદો કરી બંધ કરવામાં આવી. ગુલામોનો વેપાર, સતી, સમાધિ ને ત્રાગાં પર પ્રતિબંધ મુકાયા, અને કચ્છમાં બંધારણીય વહીવટનો આરંભ થયો. કચ્છમાં પાણી ખેંચવા પહેલી વાર યંત્રનો ઉપયોગ થયો. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય-સમરમાં કચ્છના પોલિટિકલ એજન્ટ ટ્રિવેલીઅનને ભુજના મનવિલાસમાં શરણે રહેવું પડ્યું. કચ્છના ચલણી સિક્કામાં પાછલી બાજુ ફારસીમાં 'કેસરે હિંદ'નું લખાણ મુકાવાનો આરંભ થયો. કચ્છની જહાજ્નત વિકસી અને કચ્છી સાહસિક વેપારીઓએ આફ્રિકા સાથે વેપારમાં મોટી વૃદ્ધિ કરી. દેશળજીના દરબારમાં ગુણી મુત્સદ્દીઓ અને કવિ-કલાકારોને પ્રતિષ્ઠા મળી. કેળવણીનો વિકાસ થયો ને કચ્છી કલાકારીગરી ને તથા હુન્નર-ઉદ્યોગ ખીલ્યાં.

દેશળજીએ શામબાઇ માતા, દેવી સ્વેચી અને મોટી રુદ્રાણીનો મહિમા વધાર્યો. દેશળજીએ પોતાને પ્રિય ફટાયા હમીરજીને ગાદી મળે તે અંગે અંગ્રેજો સાથે પેરવી કરી, પણ મહાજને તેનો વિરોધ કર્યો અને દેશળજીના કુંવર પ્રાગમલજીને ગાદી આપી.

૧૫. પ્રાગમલજી-બીજા (૧૮૬૦ થી ૧૮૭૫)

એમના અમલમાં વહીવટીતંત્રનો વિકાસ થયો. કેળવણી પણ વધુ ખીલી, જિનપ્રેસ વગેરે ઉદ્યોગો વધવા લાગ્યા. ભુજમાં પ્રાગમહેલ, આલ્ફ્રેડ હાઈસ્કૂલ, રસ્તાઓ પર ગૅસબત્તી, કૃષ્ણાજી પુલ, શરદબાગ વગેરે થયાં. ચાડવામાં પ્રાગસર, માંડવીમાં ઍડવર્ડ બ્રેક્વૉટર, નવું નાકું, રુકમાવતીનો પુલ, માંડવી-ભુજ માર્ગ વગેરે એ કાળનાં સ્મારકો છે. દેશપરદેશમાં કચ્છી વહાણવટાની તથા ઠેકેદારોની જમાવટ વધતી થઇ.

પ્રાગમલજીએ મુંબઇની મુલાકાત પણ લીધેલી, ત્યારે ત્યાં વસેલા કચ્છીઓએ એમને અભૂતપૂર્વ સન્માન આપ્યું અને એની યાદમાં મુંબઈ યુનિવર્સિટીમાં પ્રાગમલજી સ્કૉલરશિપ સ્થાપી. કચ્છના દીવાન જાની બિહારીલાલની ઉર્દૂ ગઝલોનો ગ્રંથ ભુજમાંથી પ્રકટ થયો. આ દીવાને કચ્છમાં પડેલા દુકાળ વખતે રાહત કાર્યો કરી પ્રજાને રાહત આપી હતી.

૧૬. ખેંગારજી-ત્રીજા (૧૮૭૬ થી ૧૯૪૨)

ખેંગારજી ત્રીજાના રાજ્યશાસનના આરંભથી કચ્છમાં દીવાનપદે તથા ઉચ્ચ અધિકારપદે ગુજરાતના કેટલાક નામાંકિત સાક્ષરો આવતા થયા. એમણે ગુજરાતી સાહિત્ય પ્રવૃત્તિઓને પણ ઘણું ઉત્તેજન આપ્યું. ઈ. ૧૮૭૭થી કચ્છ ગૅઝેટનો આરંભ થયો. કચ્છના મ્યૂઝિયમની પણ ત્યારે રચના થઈ. કચ્છના કાયદા-કાનૂન વધુ વ્યવસ્થિત થયા. ૧૮૮૪માં રાજ્યારોહણ પ્રસંગનું ભવ્ય પ્રદર્શન યોજાયું. ૧૮૮૭માં રુકમાવતીના ભવ્ય પુલ તથા જ્યુબિલી હૉસ્પિટલનાં ઉદ્ઘાટન થયાં. ૧૮૯૮માં તુણાથી અંજાર સુધી કચ્છના પ્રથમ રેલમાર્ગનો આરંભ થયો. ૧૯૦૦માં લૉર્ડ કર્ઝને કચ્છની મુલાકાત લીધી. ૧૯૨૫માં ખેંગારજી અને ગાંધીજીની શરદબાગમાં મુલાકાત ગોઠવાઈ. લોકક્રાંતિનાં એ વર્ષોમાં કંઈ પણ પરિવર્તન કર્યા વિના તથા પ્રજા પર કંઈ દમન કર્યા વિના ખેંગારજીએ બધી પરંપરા યથાવત્ જાળવી રાખી; એટલે એક રીતે એમનો સમય પ્રગતિશીલ ન પણ લાગે, પરંતુ કચ્છની જળસિંચાઈ યોજનાની મોજણી, સીણાયડૅમ, કંડલા સૉલ્ટ વર્ક્સ, કંડલા બંદર ઇત્યાદિ મહત્ત્વની યોજનાઓનાં કામ અંગેનો આરંભ આ કાળમાં થએલો. ૧૯૩૬માં પ્રજા-પ્રતિનિધિત્વવાળી પ્રથમ નગરસભાની સ્થાપના થઈ.

ખેંગારજી પાકા પ્રકૃતિવિદ્ હતા. એમણે દેશવિદેશના પ્રવાસો ખેડ્યા હતા. પ્રકૃતિની જાળવણીની એમની ભાવના અદ્ભુત હતી. આજે વિખ્યાત એવી કચ્છનાં હંજ-ફ્લૅમિંગો પક્ષીઓના નગરને માટે એમના સમયમાં પ્રથમ સર્વેક્ષણ થએલું. મહારાણી વિક્ટોરીઆએ પોતાના સુવર્ણજયંતી ઉત્સવ-પ્રસંગે કચ્છથી ત્યાં ગએલા યુવાન ખેંગારજીના વ્યક્તિત્વથી પ્રભાવિત થઈ પોતાના ચિત્રકાર હોલ પાસે એમની એક તસવીર બનાવરાવી હતી જે આજે યે ઑસબોર્નમાં જોવા મળે છે.

૧૭. વિજયરાજજી (૧૯૪૨ થી ૧૯૪૮)

મોટી વયે ગાદીએ આવેલા વિજયરાજજી પ્રગતિવાદી હોઈ એમના ટૂંકા ગાળામાં પણ સુધારાનાં ઘણાં કામો થએલાં. વિજયવિલાસ પૅલેસ વિજયસાગર ડૅમ, ભુજમાં વિજયનગર પરું, ટેલિફોન, ડામર રોડ અને વીજળીકરણનો વિકાસ, આર્ટ સ્કૂલ, ગાંધીધામનું આયોજન અને આદિપુરની સ્થાપના વગેરે એમની વારીનાં નોંધપાત્ર કાર્યો છે.

૧૮. મહારાઓ મદનસિંહજી (૪-૩-'૪૮ થી ૩૧-૫-'૪૮)

કચ્છના વિદ્યમાન માજી મહારાવ મદનસિંહજીનો રાષ્ટ્રભક્તિ ભર્યો રાજઅમલ હતો તો માત્ર ૯૯ દિવસનો જ, પણ તે દરમિયાન કચ્છના

(અનુસંધાન પૃષ્ઠ ૨૧૨)



ગુજરાતનાં વિકસતાં બંદરોમાં

જાફરાબાદ ને પીપાવાવ

ડૉ. શિવપ્રસાદ રાજગોર

[ભારતની ૬૦૮૩ કિલોમીટર લાંબી સાગર-કંઠાર પર ૮ મોટાં (મૅજર) તથા ૧૯૭ મધ્યમ કક્ષાનાં બંદરો છે, અને નાનાંનાનાં તો સંખ્યાબંધ. મુંબઈ, કલકત્તા, કોચીન, કંડલા, મદ્રાસ, મારમાગોઆ, પરાદ્વીપ અને વિશાખાપટ્ટનમ્ એ આઠ મોટાં બંદરો છે. આમાં મુંબઈ દેશનું સૌથી મોટું બંદર હોઈ દેશનો ચોથા ભાગનો વિદેશ-વ્યાપાર ત્યાંથી ચાલે છે. કલકત્તા દક્ષિણ એશિયામાં સૌથી મોટું સીમાન્ત બંદર છે, અને તેનો પીઠપ્રદેશ પણ સૌથી મોટો અને સૌથી વધુ સમૃદ્ધ છે. દેશના ભાગલાને કારણે કરાંચી બંદર પાકિસ્તાનમાં જતાં તેની ખોટ પૂરવા તથા મુંબઈના વ્યવહાર પરનું દબાણ ઓછું કરવા ઈ. ૧૯૬૫માં કંડલા બંદરની સ્થાપના થઈ અને તેને એક મૅજર પોર્ટ બનાવવામાં આવ્યું છે. તેને પણ વિશાળ પીઠપ્રદેશનો ટેકો છે. પૂર્વના દેશોમાં કોચીન સર્વોત્તમ પ્રાકૃતિક બંદર છે, જાપાનના સહકારથી અહીં જહાજ-નિર્માણનો વાડો સ્થપાયો છે. તો મદ્રાસ માનવસર્જિત બંદરના ઉત્તમ દૃષ્ટાંત રૂપ છે. મદ્રાસ અને કલકત્તાની વચ્ચે વિશાખાપટ્ટનમ્ ત્રીજું સૌથી મોટું બંદર છે. આ એક જ બંદર ભૂસીમિત અને એથી ઉત્તમ રીતે સુરક્ષિત બંદર છે. જહાજનિર્માણનું એ મુખ્ય કેન્દ્ર છે. ખનિજ લોહની નિકાસ માટે ઉડિસામાં કટકથી સોએક માઈલ દૂર પરાદ્વીપનું આગવું મહત્ત્વ છે, તો ગોવામાં મારમાગોઆનું આયાતનિકાસ માટે બહુ મહત્ત્વનું સ્થાન છે. આ ઉપરાંત, કર્ણાટકના મૅંગલોર અને તમિળનાડુના તુત્તકુડી બંદરોને પણ મૅજર પોર્ટ બનાવવાની યોજના છે. દેશની અતિ વિશાળ સાગરકંઠારમાંથી ગુજરાત રાજ્યને ભાગે આવેલો હિસ્સો બીજાં બધાં રાજ્યો કરતાં મોટો છે. જેમાં નાનાંમોટાં ૪૦ બંદરોમાંથી એકમાત્ર કંડલા જ મૅજર પોર્ટ છે. બાકીનામાંથી ૧૧ મધ્યમ કક્ષાનાં અને ૨૮ નાનાં બંદરો છે. ભાવિ વિકાસની દૃષ્ટિએ આમાંથી મહત્ત્વનું સ્થાન પામવાની યોગ્યતા ધરાવતાં બે બંદરો અંગે લેખકે અહીં થોડા વિચારો રજૂ કર્યા છે. —સં.]

ગુજરાતમાં કંડલા એ સૌથી મોટું અને મુખ્ય બંદર છે. આ ઉપરાંત ૧૧ મધ્યમ કક્ષાનાં અને ૨૮ નાનાં બંદરો છે. આમાંનાં પોશીત્રા સલાયા અને વિક્ટર (પીપાવાવ) બંદરો પ્રતિ સ્વાતંત્ર્ય પૂર્વે ખાસ લક્ષ અપાયું નહોતું. કારણ, વડોદરા રાજ્યે ઓખા, જામનગર રાજ્યે બેડી અને ભાવનગર રાજ્યે ભાવનગરને બંદર તરીકે વિકસાવવામાં ઈ. ૧૯૨૫થી '૩૭ દરમિયાન વિશેષ રસ લીધો હતો. એ વખતે જો ઉપર કહ્યાં તે બંદરોને વિકસાવવા પ્રયત્નો કર્યા હોત તો જામનગર અને ભાવનગરના વ્યાપાર પર માઠી અસર પડી રાજ્યની રાજધાની તરીકે તેમના ગૌરવમાં ક્ષતિ દેખાત. અને પીપાવાવના વિકાસ માટે વિકસિત પીઠપ્રદેશનો અભાવ તથા પાણીની તંગી પ્રતિકૂળ હતી. પણ હવે ગુજરાતનું અલગ રાજ્ય રચાયા પછી સમગ્ર પ્રદેશ એક હોઈ રાજ્યનાં બંદરો વિકસાવવાનો વ્યવસ્થિત પ્રયાસ થઈ રહ્યો છે. સલાયા-વાડીનારનો ઑઈલ ટર્મિનલ તરીકે વિકાસ થઈ રહ્યો છે. અહીં દરિયામાં દોઢ-બે માઈલ દૂર અઢી લાખ ટનની મોટી ઑઈલ-ટૅન્કરો ઊભી રહે છે અને તેમાંથી નાની સ્ટીમરો તથા બાર્જ વગેરે દ્વારા ૧૧ લાખ ટન આયાતી ક્રુડ તેલની હેરફેર થાય છે. ઇંગ્લૅન્ડમાં લિવરપુલ પાસે મર્સી નદીમાં ભરતી વખતે પાણીની જેટલી ઊંડાઈ હોય છે તેટલી ઊંડાઈ તો અહીં ઓટ વખતે રહે છે. અહીંથી મીઠાની જથ્થાબંધ નિકાસ થઇ શકે તેમ છે. હાલ બેડી બંદરેથી માલની જે આયાત-નિકાસ થાય છે તે આ બંદરેથી વધારે સારી રીતે થઈ શકે તેમ છે. હાલમાં સલાયાના બદલે સિક્કા બંદરનો ઉપયોગ થાય છે.

અમરેલી જિલ્લામાં જાફરાબાદ અને પીપાવાવ એ બે મહત્ત્વનાં બંદરો છે. જાફરાબાદ મત્સ્ય-ઉદ્યોગ માટે વર્ષોથી જાણીતું છે. ઈ. ૧૯૭૫-'૭૬થી ૧૯૮૦-'૮૧ દરમિયાન અહીંથી સરેરાશ ૨૫,૪૦૧ ટન માલની ચડઊતર થઈ હતી. ૧૯૭૬-'૭૭માં તે ઓછામાં ઓછી—૨૦ હજાર ટન હતી, જ્યારે '૭૮-'૭૯માં વધુમાં વધુ ૩૬,૨૨૮ ટન હતી. જાફરાબાદની ખાડી પ્રવેશ નજીક એક કિ.મી. પહોળી છે, અને તે ૫ કિ.મી. લાંબી છે. અહીં ખાડીના પ્રવેશ ભાગથી પશ્ચિમે અંદરના ભાગમાં મત્સ્ય-ઉદ્યોગ માટે જૂની જેટી છે. ચૌગુલે કંપનીએ અહીં ૧૦ લાખ ટન સિમેન્ટ-ઉત્પાદન કરતું કારખાનું સ્થાપ્યું છે. એના માટે પ્રવેશ નજીક

જાફરાબાદ : અઢારમી સદીના પૂર્વાર્ધમાં કાઠિયાવાડમાં મુસ્લિમ સત્તા કંઈક સ્થિરતા પામી ત્યારે થાણાદારોની સત્તા તળે જાફરાબાદ એક સ્વતંત્ર રાજ્ય હતું. લગભગ ૪૨ ચોરસ માઈલનો તેનો વિસ્તાર હોઈ એની ખાસ કોઈ મોટી ઊપજ ન હતી. એટલે મુસ્લિમ સૈનિકો અને એ તરફના સ્થાનિક કોળીઓ વગેરેનો સાથ લઈ આ થાણાદારો સૂરત બંદરે આવતાં-જતાં વહાણો સામે ચાંચિયાગીરી કરવા માંડેલા. અંતે કોંકણના જંજીરાના સીદી નવાબના સૂરતમાં રહેતા એક અમલદાર સીદી હિલાલે આ ચાંચિયાઓ પર આક્રમણ કરી તેમનો નાશ કર્યો અને સંખ્યાબંધ કોળીઓને કેદ કર્યા તથા જાફરાબાદના થાણાદારને ભારે દંડ કર્યો. પરંતુ એ દંડ ભરવા જેટલી પોતાની આર્થિક હેસિયત ન હોઈ થાણાદારે જાફરાબાદ સીદી હિલાલને વેચાતું આપી દીધું. એની કિંમતમાંથી દંડ વસૂલ કરતાં વધારાની રકમ સીદી હિલાલે થાણાદારને આપવાની થતી હતી. પરંતુ પોતાનાં અન્ય રોકાણોને કારણે સીદી હિલાલને જાફરાબાદનો વહીવટ કરી આવક ઊભી કરવાનું કે તેને સાચવવાનું મુશ્કેલ બનવા માંડ્યું એટલે એણે ઈ. ૧૭૬૨માં જંજીરાના નવાબને જાફરાબાદ આપી દીધું. નવાબે તેનું દેવું ચૂકવી આપ્યું, એટલું જ નહિ, સીદી હિલાલને જ એણે ત્યાંનો કારભાર સોંપ્યો. આમ, જાફરાબાદ જંજીરાના નવાબનું કાઠિયાવાડમાં એક સંસ્થાન બન્યું. એ કાળે એક કસ્બો અને ૧૧ ગામડાં એ રાજ્યમાં હતાં. રાજના અર્ધા ભાગમાં ઘઉં, બાજરો ને કપાસની ખેતી થતી, જાડું કાપડ વણાતું અને અહીંથી ઈમારતી પથ્થર મળતો. આગળ જતાં નવાબે ત્યાં કાયદા તથા મહેસૂલની અમુક સત્તા સાથે મામલતદારની નિમણૂક કરેલી, જે જાફરાબાદમાં જ રહેતો. આ સદીના આરંભમાં કાઠિયાવાડનાં પ્રથમ વર્ગનાં નાનાં રાજ્યોમાં એની ગણના થતી. કસ્ટમ અને જમીનમાંથી વર્ષે ૬૨,૦૦૦ રૂપિયાની તેની આવક હતી. રાજ્યની કુલ વસતિ ત્યારે બારેક હજારની હતી જેમાંના છએક હજાર તો જાફરાબાદમાં વસતા હતા. નવ શાળાઓ અને એક દવાખાનું તથા તેર માણસોનું પોલીસદળ હતું.

જાફરાબાદને મોટો લાભ હતો વહાણવટાનો. ખુલ્લા દરિયાકાંઠાથી એકાદ માઈલ અંદર ખાડીમાં એનું સ્થાન હોઈ બહુ જૂના કાળથી એ કાઠિયાવાડનું એક ઉત્તમ બારું ગણાતું અને દીવને બાદ કરતાં એનો બંદરી વેપાર આ તરફ સૌથી વિશેષ મહત્ત્વ ધરાવતો હતો. કહે છે કે ગુજરાતના સુલતાન મુઝફ્ફરશાહે અહીં ગઢ બંધાવી આ ગામ વસાવેલું જે મુઝફ્ફરાબાદ નામે ઓળખાતું. કાળાનુક્રમે એ ટૂંકમાં જાફરાબાદ નામે ઓળખાતું થયું. મચ્છીમારી તથા માછલાંની સુકવણી કરી તેની નિકાસ કરવાના ક્ષેત્રે જાફરાબાદનું વર્ષોથી બહુ મહત્ત્વનું સ્થાન રહ્યું છે.

અને હવે નર્મદા યોજના માટે વર્ષે દસ લાખ ટન સિમેન્ટ તૈયાર કરવા ચૌગુલે કંપનીના સહકારથી રાજ્યે જાફરાબાદમાં કારખાનું ઊભું કરવા માંડ્યું છે. અહીંથી સિમેન્ટના ગઠ્ઠા (ક્લિંકર) જલમાર્ગે મગદલ્લા તથા રત્નાગિરિ જશે ને ત્યાં તે દળાઇને સિમેન્ટ તૈયાર થશે. આ ક્લિંકર મોકલવા તથા કારખાના માટે આવતો કોલસો ઉતારવા માટે મોટી સ્ટીમરો ઊભી રહી શકે તે સારુ ૨૧૦ મીટર લાંબી સિમેન્ટ કૉંક્રેટની એક જેટી તૈયાર કરવામાં આવી છે.

વળી, મે થી સપ્ટેમ્બર દરમિયાન આ તરફ જે જોરદાર ચોમાસુ પવનો ફૂંકાય છે તેથી દરિયામાં ઊછળતાં મોટાં મોજાંઓ સામે રક્ષણ મેળવવા અહીં ૬૦૦ મીટર લાંબી દીવાલ (બ્રેક વૉટર) પણ બંધાઈ છે, જેમાં સાડા ત્રણ લાખ ટન પથ્થર વપરાયો છે અને આ બ્રેકવૉટરના રક્ષણાર્થે બારબાર ટન વજનના અને પાંચપાંચ ઘનમીટરના ૪૦૦૦ જેટલા 'ટેટાપો' તેની બંને બાજુએ ગોઠવવામાં આવ્યા છે.

નવી જેટી પાસે ઓટ વખતે પાણીની ઊંડાઈ માત્ર દોઢ મીટર જેટલી રહેતી તે સ્થળે દરિયાઈ કાંપ ઉલેચીને પાણીનું ઊંડાણ વધારવાનું કામ પણ સતત ચાલે છે. આ ઉપરાંત જેટી અને સિમેન્ટ કારખાનાને જોડતો એક કિલોમીટર લાંબો પુસ્તો (બંડ), અન્ય માર્ગો, વીજળી-પાણી, માણસો માટે રહેઠાણો વગેરે પણ બન્યાં છે. માલની હેરફેર માટે બીજી યાંત્રિક સગવડો પણ વધારાઈ રહી છે. આમ, ભવિષ્યમાં અન્ય માલ ઉપરાંત કેવળ સિમેન્ટ ક્લિંકર તથા કોલસાની લગભગ ૧૨ લાખ ટન જેટલી હેરફેર થઈ શકે તેટલી ક્ષમતા સાથે જાફરાબાદ સૌરાષ્ટ્રની આ તરફની કંઠાર પરનું મધ્યમ કક્ષાનું એક મહત્ત્વનું બંદર બની રહેશે તેમ લાગે છે. —સં.

---

૨૬૦ મીટર લાંબી નવી જેટી બંધાઈ છે, અને તોફાનના સમયે બંદર સુરક્ષિત રહે તે માટે ૪૦૦ મીટર લાંબો બ્રેકવૉટર બનાવેલો છે. સાડા પાંચ ફૂટ સુધી ડ્રૅજિંગ કરીને અહીં પાણીની ઊંડાઈ વધારી હોઈ ૧૫૦૦થી ૨૦૦૦ ટનના બાર્જ દ્વારા ૬-૬૭ લાખ ટન સિમેન્ટ ક્લિન્કર મગદલ્લા અને ૩-૩૭ લાખ ટન ક્લિન્કર રત્નાગિરિ નિકાસ કરી શકાશે. ત્યાં તેને દળીને સિમેન્ટ બનાવી અન્યત્ર મોકલાશે. સિમેન્ટના આ કારખાના માટે બે લાખ ટન કોલસો મધ્યપ્રદેશમાંથી રેલમાર્ગે તથા જલમાર્ગે મગદલ્લા થઈ જાફરાબાદ આવશે. આ ઉપરાંત, ૩૦,૦૦૦ ટન જિપ્સમની પણ આયાત થશે. આમ, જાફરાબાદની કુલ આયાત-નિકાસ વધીને ૧૨થી ૨૦ લાખ ટન જેટલી થશે. જ્યારે મીઠું અને માછલાંની નિકાસ ૨૫,૦૦૦ ટનથી વધવાની શક્યતા નથી. આ નવા બંદરે ૫·૫ મીટરના ડ્રાફ્ટવાળાં ૫૦૦૦ ટન ડેડવેઈટનાં જહાજો છેક જેટી સુધી આવી શકશે. અત્યાર સુધીમાં જાફરાબાદના બંદર, જેટી, બ્રેકવૉટર, રસ્તાઓ, મકાનો ને ડ્રૅજિંગ વગેરે પાછળ લગભગ ૩૮૩·૬૧ લાખ જેટલા રૂપિયા ખર્ચાયા છે. સિમેન્ટનું ઉત્પાદન પણ આરંભાઈ ગયું છે અને આ બંદરને બધી ઋતુઓ માટે અનુકૂળ એવા બારમાસી બંદર તરીકે વિકસાવવાની વિચારણા થઈ હોવાનું કહેવાય છે.

જાફરાબાદની સાથે મગદલ્લા બંદરના વિકાસની પણ વિચારણા થએલી છે. આ મગદલ્લા તાપી નદીના ડાબા કાંઠા પર આવેલું છે. અહીં કાંઠાથી દોઢેક માઈલ દૂર ૫૦૦૦ ટનની સ્ટીમરો ઊભી રહે છે ને તેમાંથી બાર્જ દ્વારા માલની ચડઊતર થાય છે. અહીં જેટી બનાવવા પાછળ ૧૨ લાખ રૂપિયા ખર્ચાયા હતા, પરંતુ તેની આયાત-નિકાસ હજાર ટનથી વધી નથી. સને ૧૯૭૮-'૮૦ દરમિયાન તેનો કાંઠા સાથેનો વેપાર ૧૭૬ ટન જેટલો જ થએલો. ૧૯૮૦-'૮૧માં માલની ખાસ કંઈ ચડઊતર થઈ નથી. બંદરખાતાએ ૮૧૫ લાખના ખર્ચે આ બંદરને વિકસાવવા વિચારેલું, તેમાંના ૬૯૯ લાખ તો ડ્રૅજિંગ પાછળ જ ખર્ચાવાનો અંદાજ છે અને ખાતાકીય રીતે આ કામ ચાલી રહ્યું છે. બીજી યોજનાથી અત્યાર સુધીમાં આ બંદરેથી કેળાં ને અનાજની થોડીઘણી નિકાસ થઈ છે. હવે સિમેન્ટ, જિપ્સમ અને કોલસાની હેરફેર દ્વારા ૮૯૭ હજાર ટનની અયાતનિકાસ થશે. પણ જાફરાબાદ ને મગદલ્લા બંદરના વિકાસનો બધો આધાર નર્મદા સિમેન્ટ કંપની ઉપર નિર્ધારિત છે. મધ્ય પ્રદેશના બદલે બંગાળથી કોલસો આવે તો બે લાખ ટનની આયાત ઘટશે. આ બંને બંદરો પાછળ સરકારે બાર કરોડ ઉપરાંત રકમ ખર્ચવાનું વિચાર્યું છે તે કેટલું ફાયદાકારક નીવડે તે તો ભવિષ્યમાં કહી શકાશે. બીજી બાજુ હજીરા અને દહેજને વિકસાવાય તો મગદલ્લા પાછળ કરેલો ખર્ચ વ્યર્થ નીવડે, તેવી જ રીતે પીપાવાવનો વિકાસ થાય તો જાફરાબાદ અંગેનો ખર્ચ પણ કેટલો વાજબી ઠરે તે પ્રશ્ન છે. અગાઉ સરકારે પાંચમી અને છઠ્ઠી યોજના દરમિયાન ગુજરાતનાં બંદરો દ્વારા ૫૫ થી ૬૫ લાખ ટન માલની હેરફેર થવાની જે આશા રાખી હતી તે ફળી નથી, અને અનાજ તથા

ખાતરની આયાત ઘટતાં તે ૨૦ થી ૨૫ લાખ ટન જેટલી થઈ ગઈ છે, એટલે મગદલ્લાનો વિકાસ શંકાસ્પદ કહી શકાય.

પીપાવાવ બંદર તરીકે યોગ્ય હોવાની વર્ષોથી જાણ હોવા છતાં તેનાથી બારેક માઈલ દૂર જાફરાબાદને વિકસાવવાનો નિર્ણય ફલપ્રદ લાગતો નથી. જાફરાબાદનો દરિયાઈ વેપાર ઈ. ૧૯૭૧–'૭૨ દરમિયાન ૯૧૩૨ ટન હતો અને એ રીતે એનું સ્થાન ૧૧મું હતું, કાંઠાના વેપારની દૃષ્ટિએ તો એ પંદરમા સ્થાને હતું. ૧૯૭૩–'૭૪માં જાફરાબાદથી ૨૩૮૫ ટન માલની આયાત થઈ હતી, જ્યારે નિકાસ ૧૯,૨૦૯ ટનની અને તે મુખ્યત્વે મીઠું અને માછલીની હતી. ઈ. ૧૯૬૭–'૭૦ થી '૭૩–'૭૪ દરમિયાન જાફરાબાદ બંદરે ૯ સ્ટીમરો અને ૩૭૦૭ વહાણો આવ્યાં હતાં. પીપાવાવનો વેપાર '૭૧–'૭૨માં ૧૪,૪૩૧ ટન હતો અને તેનું દસમું સ્થાન હતું, તથા કાંઠાના વેપારમાં તે આઠમા સ્થાને હતું. ૧૯૭૩–'૭૪માં પીપાવાવથી ૫૫૨૭ ટન માલની આયાત અને ૧,૦૪,૩૭૮ ટન માલની નિકાસ થઈ હતી. આ બંદરેથી પથ્થર અને મીઠાની નિકાસ થાય છે, જ્યારે લાકડું, નારિયેળ અને પરચૂરણ માલની આયાત થાય છે. ૧૯૭૫–'૭૬ થી ૧૯૮૦–'૮૧ સુધીનાં આ બંદરોના તુલનાત્મક આંકડા સ્પષ્ટ કરે છે કે પીપાવાવનો વેપાર જાફરાબાદ કરતાં વધારે છે. વળી, આપણા મુખ્ય પ્રધાને જણાવ્યા અનુસાર આ બંદરેથી બે લાખ ટન મીઠું નિકાસ થવાની શકયતા છે. આમ, જાફરાબાદ કરતાં વિકાસ માટે પીપાવાવની યોગ્યતા વધારે છે. એચ. એમ. ત્રિવેદીના પ્રમુખપણા નીચે નિમાએલી સમિતિએ '૮૦–'૮૧ સુધીમાં છેક ધક્કા સુધી સ્ટીમરો આવી શકે તેવા બંદર તરીકે પીપાવાવને વિકસાવવાની ભલામણ કરી હતી. ચોથી યોજનામાં રૂ. ૧૫ લાખ રૂપિયાની જોગવાઈ પણ કરાઈ હતી અને તેનો વેપાર ૮ લાખ ટન અંદાજાયો હતો. હવે આ બંદરને વિકસાવવા માટે વિચારણા થઈ રહી છે તે મોડી છતાં યોગ્ય છે.

પીપાવાવનો ઇતિહાસ પણ રસિક છે:

પીપાવાવ બંદર ૭૧°-૩૩'-૪" ઉત્તર અક્ષાંશ અને ૨૦°-૫૭'-૩" પૂર્વ રેખાંશ ઉપર ઝોલાપુરી નદીના પૂર્વ કિનારે અમરેલી જિલ્લામાં આવેલું છે. સ્વાતંત્ર્ય પૂર્વે રાજુલા મહાલ ભાવનગર રાજ્યનો ભાગ હતો ત્યારે ભાવનગર રાજ્યના દીર્ઘ દૃષ્ટિવાળા ઈજનેર સિમ્સે ઈ. ૧૮૯૨માં આ બંદર બાંધ્યું અને એ વખતના ઈંગ્લૅંડના પાટવી કુંવર પ્રિન્સ આલ્બર્ટ વિક્ટરના હસ્તે ખુલ્લું મુકાવ્યું હતું. કમનસીબે સિમ્સના મૃત્યુ બાદ આ બંદરનો વિકાસ થઈ શકયો નહિ. છતાં ૧૯૨૭–'૨૮માં વિક્ટર સુધી ૨૬ કિ.મી. લાંબી રેલવે લાઈન નાખીને રાજ્યે આ બંદરને જીવતું રાખ્યું હતું. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન કરાંચીથી ઊપડેલી સ્ટીમરો જર્મની અને જાપાની સબમરીનોના ભયથી પીપાવાવ રોકાઈને મુંબઇ જતી એમ કહેવાય છે.

આ બંદર કુદરતી બંદર છે. તેની દક્ષિણે ચાંચનો ૪-૫ માઈલ લાંબો અને અર્ધો માઈલ પહોળો ટાપુ છે. ચાંચની પશ્ચિમે ત્રણેક માઇલ ઉપર પોણો માઇલ લાંબો અને અર્ધો માઇલ પહોળો શિયાળબેટ છે. આ બેટ મોટાપટની ખાડીથી અગ્નિ દિશામાં અને જાફરાબાદથી પૂર્વમાં સાતેક માઇલ દૂર છે. સૌરાષ્ટ્રની તળ ભૂમિથી તે બે માઇલ દૂર છે. આ શિયાળબેટની પૂર્વ તરફ નાનકડો સવાઇ બેટ છે. ચાંચ ટાપુના પશ્ચિમ કિનારાથી દક્ષિણ અને દક્ષિણ પૂર્વ બાજુ ભેંસલો નામે એક નાનો ટાપુ છે. મોટાપટની ખાડીના મુખભાગે થોડા ખર્ચથી બ્રેકવૉટર બાંધી પીપાવાવને બારમાસી બંદર બનાવી શકાય તેમ છે.

શિયાળબેટની ઉત્તરે આવેલો સમુદ્ર પૂર્વ ચૅનલ અને દક્ષિણ તરફનો પશ્ચિમ ચૅનલ તરીકે ઓળખાય છે. ચાંચ અને ભેંસલા વચ્ચેની પૂર્વ ચૅનલ ૬–૭ મીટર ઊંડી છે, ને તેની પહોળાઇ ઓછામાં ઓછી એક કિ.મી. જેટલી છે. પૂર્વ ચૅનલની ઉત્તરે ચાંચ ટાપુ અને સૌરાષ્ટ્રના કિનારા સુધી ખરાબો છે. અહીં પાણીની ઊંડાઈ ૧૩-૯ ફૂટ છે. સવાઈ બેટની પૂર્વ-પશ્ચિમ તરફ પશ્ચિમ ચૅનલની ઊંડાઇ ૧૧ મીટર છે.

સવાઈ બેટની દક્ષિણે ૫૦૦ મીટર સુધી સમુદ્રની ઊંડાઈ વધતી જાય છે. ૧૦ મીટર ઊંડાઈની રેખાથી દૂર એક કિ. મી. ઉપર સમુદ્રની ઊંડાઈ ૨૦ મીટર કરતાં પણ વધારે છે. શિયાળબેટની ઉત્તરે પાણીની ઊંડાઈ ઘટતી જાય છે. પશ્ચિમ ચૅનલની ઊંડાઇ ૧૨ મીટર છે. પાંચ માઈલ લાંબી મોટાપટની ખાડીના અંદરના ભાગમાં પાણીની ઊંડાઈ ઓછી છે. પૂર્વ ચૅનલનો ભાગ ઓછી ઊંડાઇને કારણે સ્ટીમરોના વ્યવહાર માટે ઉપયોગી નથી. પીપાવાવ આવતી સ્ટીમરો કાયમ ૩૦ ફૂટ પાણી રહે છે તેવા બંદરથી ચારેક માઈલ ઉપર લંગર નાખે છે. પીપાવાવ સુધીની મોટાપટના ખાડી ૭ ફૂટ ઊંડી છે. તે વહાણો માટે યોગ્ય છે. મોટાપટની ખાડીની ડાબી તરફ સવા માઈલ ઉપર દેવરાપરાની

પીપાવાવ ગામ આજે યે જેનાં સંખ્યાબંધ ભજનો જાણીતાં છે એ પીપા ભગતના નામ પરથી ઓળખાય છે એમ કહે છે. મૂળ તો એ જૂના ભાવનગર રાજ્યનું દરિયાકાંઠા પરનું નાનું ગામ, પણ કુદરતી રીતે સુરક્ષિત બંદરને યોગ્ય બધી ક્ષમતા ધરાવતું હોઇ રાજ્યે ત્યાં બંદર વિકસાવ્યું, અને ઈંગ્લૅન્ડના ત્યારના પાટવીકુંવર પ્રિન્સ આલ્બર્ટ વિક્ટરના હાથે એ ખુલ્લું મુકાવી તેને 'પોર્ટ આલ્બર્ટ વિક્ટર' નામ આપ્યું, જે લોકવ્યવહારમાં વિક્ટર બંદરના નામે જાણીતું થયું. મહુવાથી એ ૪૫ કિ. મી. દૂર છે. સાવરકુંડલાથી મહુવા જતા રેલમાર્ગ પર ડુંગર સ્ટેશનેથી ત્યાં પહોંચવા એક નાનો રેલમાર્ગ છે. મહુવા-ઉના કોસ્ટલ હાઇવે ઉપર ૩૩ કિ.મી. પરથી ફંટાતા માર્ગે એ ૧૨ કિ.મી. દૂર છે. પૂર્વમાં ચાંચ બેટની પશ્ચિમે મોટાપટની ખાડી નામે ઓળખાતી લાંબી એક ખાડી અને વિક્ટર બંદરની વચ્ચે પીપાવાવનું નવું બંદર વિકસાવવાની યોજના છે. ચાંચ, શિયાળબેટ અને તેની પાસેના બીજા બે નાના બેટડાને કારણે અંદર તરફની ખાડી દરિયાનાં ભારે મોજાંથી પૂરી સુરક્ષિત રહે છે, તથા તેમાં બારેમાસ મોટી સ્ટીમરો પણ આવી શકે તેટલાં ઊંડાં પાણી રહે છે એથી આ સ્થળ મોટું બંદર બનવાની પૂરતી યોગ્યતા ધરાવે છે. બંદર નજીક ઠરતો કાંપ ઉલેચવા ભાવનગર બંદરે દર વર્ષે લગભગ પોણો કરોડ રૂપિયા ખર્ચવા પડે છે. તેવો ખર્ચ આ સ્થાને કરવાની જરૂર પડે તેમ નથી, કારણ અહીં ભરતી-ઓટની વચ્ચે માત્ર દસ-પંદર મિનિટ જ પાણી સ્થિર રહે છે, અને એટલા ગાળામાં કાંપ ઠરી શકતો નથી. વળી, ઓટને વખતે યે અહીં ૩૫ ફૂટ ઊંડાં, ને ભરતી વખતે તો ૫૦ ફૂટ ઊંડાં પાણી રહે છે, જે મોટી સ્ટીમરોની અવર-જવર માટે બિલકુલ પૂરતાં છે. મહુવાથી જાફરાબાદ સુધીની કંઠાર પર દાયકાઓથી માછલાં પકડાય છે ને તેની સુકવણી પણ અહીં જ કરવામાં આવે છે. આ રીતે વર્ષે લગભગ બે કરોડ રૂપિયાનાં માછલાં આ વિસ્તારમાંથી બહાર મોકલાય છે. આ ઉપરાંત, નજીકમાં ચૂનાનો પથ્થર પૂરતા પ્રમાણમાં પ્રાપ્ય હોઈ સિમેન્ટ તથા સોડાએશ ઉદ્યોગોના વિકાસની તથા લગભગ ચાર લાખ ટન જેટલા મીઠાના ઉત્પાદનની પણ શકયતા હોઈ આર્થિક દૃષ્ટિએ પણ આ બંદરનો વિકાસ લાભકર છે. વીજળી-પાણી માટેની સગવડ પણ અહીં ઓછા ખર્ચે થઈ શકે તેમ છે, તથા આરંભના વિકાસ માટે મજૂરો પણ અહીં સરળતાથી પ્રાપ્ય હોઇ મોટા બંદર તરીકે પીપાવાવનો વિકાસ કરવાની બધી જ સવલતો સુલભ છે. રાજ્ય સરકારે આ દિશામાં પ્રયત્નો પણ આરંભ્યા હોઈ શકય છે કે ભવિષ્યમાં પીપાવાવ એક મહત્ત્વનું બંદર બની રહેશે. —સં.

ખાડી ઉપર ભેરાઈ બંદર આવેલું છે. દેવરાપરા અને મોટાપટની ખાડીઓના સંગમ પાસે ભરતી વખતે ૧૫ ફૂટ પાણી રહે છે. સ્ટીમરમાંથી બાર્જ દ્વારા માલની ચડઊતર થાય છે.

અહીં મે થી ઑગસ્ટ-સપ્ટેમ્બર સુધી નૈઋર્ત્યના મોસમી પવનો સમુદ્ર તરફથી જમીન તરફ વાય છે. તેની ગતિ કલાકની ૨૧ થી ૬૦ કિ.મી.ની હોય છે, જે જુલાઇમાં ચક્રવાતની અસર નીચે ૧૨૦ કિ.મી. જેટલી થઈ જાય છે. જોકે સામાન્યત: પવનની સરેરાશ ગતિ ૨૮.૬ માઈલની છે. ઑક્ટોબર-નવેમ્બર દરમિયાન આ પવનની ગતિ કલાકે ૧૦ થી ૧૫ કિ.મી. રહે છે, અને ડિસેમ્બરમાં કલાકના માત્ર ૧૧.૧ માઈલ રહે છે. શિયાળામાં નવેમ્બરથી ફેબ્રુઆરી દરમિયાન જમીન તરફથી સમુદ્ર તરફ વાતા પવનની સામાન્ય ગતિ ૧૦ કિ.મી. છે. શિયાળ, ભેંસલો અને સવાઈ બેટની આડશને કારણે સમુદ્રના તોફાનની પીપાવાવ બંદરને ઓછી અસર થાય છે, જ્યારે વેરાવળ અને પોરબંદરના દરિયામાં સામાન્ય રીતે ૨ થી ૪ મીટરનાં, અને ચક્રવાતના પ્રસંગે ૧૦ થી ૧૫ મીટર ઊંચાં મોજાં ઊછળતાં હોય છે. પશ્ચિમ તરફની ચૅનલ સમુદ્રની લહેરો માટે ખુલ્લી છે, પણ અંદર પ્રવેશ્યા પછી શિયાળ બેટને કારણે બંદરનું લંગરસ્થાન સલામત રહે છે. આમ, પશ્ચિમની ચૅનલમાં બ્રેકવૉટર બાંધીને પીપાવાવને બારમાસી બંદર તરીકે વિકસાવી શકાય તેમ છે. જોકે પૂર્વ તરફની ચૅનલ અને મોટાપટની ખાડીના મુખભાગે પણ બંદર થઈ શકે; પણ પશ્ચિમ ચૅનલ વધારે અનુકૂળ છે.

અહીં ભરતીનું પાણી એટલી ઝડપથી ખાડીમાં દાખલ થાય છે કે જળમળને ઠરવાનો સમય મળતો નથી. પશ્ચિમ ચૅનલની ઊંડાઈ છેલ્લાં ચાળીસેક વરસથી એકસરખી રહી છે. આ ચૅનલમાં ધાતરવડી નદી પોતાનો કાંપ ઠાલવે છે. છતાં અહીં કાંપ જમાવ થતો નથી. અને ઊંડાઈ એકસરખી જળવાઈ રહી છે. ભરતી અને ઓટના પાણીનું પ્રમાણ એટલું વધારે છે કે શિયાળ બેટ અને તળભૂમિ વચ્ચેના ભાગમાં કાંપનો જમાવ થઈ શકતો નથી. ભરતી-ઓટ વખતે પ્રવાહની ગતિ પણ એટલી તીવ્ર હોય છે કે પાણીની નીચે કાંપ ઠરવા પામતો નથી. વળી, ભરતી અને ઓટ વચ્ચેનો સમય પણ એટલો ઓછો હોય છે કે માટીને ઠરવાનો સમય રહેતો નથી. જાફરાબાદની ખાડીમાં રેતીનો જમાવ થાય છે. તે કારણે બાર્જની આવ-જા માટે છેક કિનારા સુધી ડ્રેજિંગની જરૂર પડે છે, જ્યારે પશ્ચિમ-ચૅનલ આ તકલીફથી મુક્ત છે. પૂર્વચૅનલમાં ઈશાની પવનના કારણે સમુદ્રી પ્રવાહ થોડો કાંપ લાવે છે, પણ તે તો થોડા ડ્રેજિંગથી દૂર થઈ શકે તેમ છે.

પૂનમ અને અમાસની મોટી ભરતી (મીન હાઇ-વૉટર સ્પ્રિંગ) વખતે ૧૦.૪૦ ફૂટ પાણી વધે છે જ્યારે ઓટ વખતે સરેરાશ (મીન વૉટર સ્પ્રિંગ) ૧.૩૦ ફૂટ પાણી ઘટે છે. અહીં ભરતીની વધુમાં વધુ ઊંચાઇ ૧૩.૫૦ ફૂટ નોંધાઇ છે.

હાલ દરિયાકિનારે ૭૦૦૦ ફૂટ લાંબો, ત્રણે બાજુએ એકસાથે આઠ બાર્જ થોભી શકે તેવો ફૂરજો (ધક્કો-Wharf) છે. મોટાપટની ખાડી ઉપર 'ટી' આકારની ૨૩ મીટર લાંબી અને ૪.૬ મીટર પહોળી વીસ-પચીસ વર્ષ પૂર્વે બંધાયેલી એક જેટી પણ છે. જેનો હાલ ઓછો ઉપયોગ થાય છે. મીઠાના કારખાનાની પોતાની જેટી પણ છે. આ સિવાય બીજી એક જેટી પણ છે. ચૅનલ આગળથી બંધ હોઈ ચોમાસા દરમિયાન બાર્જને રીપેર કરવા માટે તેનો ઉપયોગ થઇ શકે તેમ છે. ઈંટની બાંધેલી ૨૫૦ ફૂટ લાંબી દીવાલને કારણે સમુદ્ર દ્વારા થતું ધોવાણ અટકાવાય છે. આ ધોવાણ પણ નજીવું છે. સ્ટૉરેજ માટે ૨૫૦૦ ચો. ફૂટ જેટલી જગ્યા છે, જ્યારે હેરફેર માટે ૧૦૦૦ ચો. વા. જેટલી વધારાની જગ્યા પણ છે. પીપાવાવ-જાફરાબાદ વચ્ચે આવ-જા માટે છ બાર્જ અને એક લૉંચની વ્યવસ્થા છે. અને અહીં સલામતી માટે પાયલૉટનો ઉપયોગ ફરજિયાત નથી. વળી, ચામુંડા મહાદેવ પાસે દીવાદાંડી પણ છે.

ત્રિવેદી સમિતિએ મોટાપટ-ખાડીના મુખ ભાગે સૂકા માલ માટેની એક બર્થ અને બીજી ઑઇલ બર્થની ભલામણ કરેલી છે. વધારે માલની ચડઊતર થાય તો ખાડીના ઉપરવાસના ભાગમાં ડ્રૅજિંગ કરીને વધારે બર્થ બાંધવાનું પણ તેમનું સૂચન છે. કિનારા નજીક પુરાણ કરવા-નવા ઉદ્યોગો સ્થાપવા માટે પણ પૂરતી જમીન મળી શકે તેમ છે.

હાલમાં આ સ્થળે મીઠાનું કારખાનું છે. એક લાખ ટનથી વધીને તેની ઉત્પાદનશક્તિ બે લાખ ટન થઇ છે. નજીકમાં ૪૮૫ લાખ ટન સારી જાતના ચૂનાના પથ્થરો પણ મળે તેમ છે. તેથી પોરબંદર અને મીઠાપુરની માફક અહીં રસાયણઉદ્યોગ પણ વિકસી શકે તેમ છે. જાફરાબાદમાં ચૌગુલેનું સિમેન્ટનું કારખાનું છે એટલે એવાં બીજાં કારખાનાં માટે અહીં અવકાશ છે કે કેમ તે વિચારણીય છે. પીપાવાવ મહુવા, ઢસા, ધોળા સાથે રેલવે દ્વારા જોડાએલું છે. દોઢ માઇલના કાચા રસ્તાને પાકો કરવામાં આવે તો કૉસ્ટલ હાઇવે સાથે પણ જોડાણ થાય તેમ છે. પશ્ચિમ ચૅનલ ઉપર બંદર બંધાય તો આઠ માઇલના રસ્તાની જરૂર પડે તેમ છે. ઉદ્યોગોને ધાતરવડી બંધમાંથી પાણી પણ મળી શકે તેમ છે. આમ, ત્રિવેદી સમિતિ તથા તે પૂર્વે નીમાએલી બધી સમિતિઓએ પીપાવાવ બંદરને ઊંડાં પાણીવાળાં બારમાસી બંદર તરીકે વિકસાવવાની ભલામણો કરી છે. કન્ટેઇનર સર્વિસ માટે આ બંદર ખૂબ જ અનુકૂળ છે. વળી પૂર્વ સૌરાષ્ટ્ર, અમદાવાદ જિલ્લો, મધ્ય ગુજરાત, પૂર્વ રાજસ્થાન, મધ્ય ભારત, ઉત્તર પ્રદેશનો પશ્ચિમ વિભાગ આ બંદરનો પીઠ પ્રદેશ બની શકે તેમ છે. જો પૂરતું લક્ષ અપાય તો આ બંદર ગુજરાતનું બીજું મૅજર પોર્ટ બનવાની પૂરતી ક્ષમતા ધરાવે છે. □

અનુસંધાન] **અતીતનું પ્રત્યક્ષ દર્શન** [પૃષ્ઠ ૧૯૯ થી
પોલિશ (Stressed Mirror Polishing)ની રીતે તૈયાર કરવામાં આવશે. નાના દર્પણનું રૂપ પામનારા કાચના ખંડને અત્યંત સાવધાનીપૂર્વક, તે અમુક હદ સુધી નમે તે પ્રમાણે તેને વાળવામાં આવશે. બાદમાં તેને એ જ સ્થિતિમાં જકડી રાખી તેની એક બાજુને ગોલીય સપાટીનું ઇચ્છિત રૂપ આપવા ઘસવામાં આવશે. ઘસવાનું કામ પૂરું થયા બાદ તૈયાર થયેલી ઉક્ત આરસી પરનું દબાણ ધીરે ધીરે ઓછું કરતા જઇ તેને તેની સ્વાભાવિક સ્થિતિવાળી બનવા દેવામાં આવશે. પરિણામે આરસીની ઉક્ત ગોલીય સપાટી અપ-અક્ષ પરવલયજ (Off axis paraboloid) સપાટીના રૂપમાં રૂપાંતરિત થઈ જશે.

ઉપર્યુક્ત દરેક નાની આરસીનું વાસ્તવિક નાભ્યંતર લગભગ ૨૫૦ સે.મી. જેટલું રહેશે અને તે હિસાબે દરેક દર્પણ એક સે.મી.ના હજારમા ભાગ જેટલી એક સરખી સૂક્ષ્મ ગોળાઈ દાખવશે.

પ્રકાશ ગ્રહણની દૃષ્ટિએ આ અભિનવ દૂરબીન ૫૦૦ સે.મી. વાળા દૂરબીન કરતાં નવગણું શક્તિશાળી થશે અને અવકાશના ગર્તમાં તે લગભગ ૧૫ અબજ પ્રકાશવર્ષ દૂર સુધીનો દૃષ્ટિનિક્ષેપ કરી શકશે. આકાશમાં તારાવિશ્વોની ઉત્પત્તિ થઈ રહી હોય એવા અતીતમાં તે આપણને ડોકિયું કરાવશે. અને એ રીતે બ્રહ્માંડ-સ્થિત તારાવિશ્વોનાં ઉત્ક્રાન્તિ-સોપાન સમજવાનું કામ સરળ બનાવશે.

પણ આ થઈ વિશ્વોત્પત્તિ અંગેની વાત.

તારા અને ગ્રહોના ઉદ્ગમ તે પછીના અતીતનાં ફળ છે. ઉપર્યુક્ત દૂરબીન દ્વારા તારાઓની જન્મ પ્રક્રિયાઓ જોઈ શકાશે. એટલું જ નહિ, પણ સૂર્ય જેવા તારાનું ગ્રહમંડળ કેવી રીતે રચાયું હશે તેનો ભેદ પણ પામી શકાશે. આ સિવાય એ દૂરબીન બીજું કામ પણ કરશે. આકાશમાં મૂકવામાં આવનારા સૂચિત અવકાશી દૂરબીન દ્વારા તેમ જ વિશાળ શ્રેણીય રેડિયો દૂરબીન (Very large array Radio Telescope) દ્વારા ઇંગિત કરાયેલા પલ્સાર, બ્લેઝાર અને ક્વેસાર વગેરે જેવા અવકાશી પદાર્થોનાં સર્વગ્રાહી અવલોકન કરી શકાશે. □

બચુભાઈની ચકોરતા

મારું એક પુસ્તક 'જીવન-ઘડતર' મેં મારા પિતાજીને અર્પણ કરેલું. તેમાં છાપવા માટે એમનો એક બ્લૉક મેં 'કુમાર કાર્યાલય'માં બનાવવા વિચારેલું, અને એ નિમિત્તે ઈ. ૧૯૫૩માં શ્રી બચુભાઈને હું મળેલો. મારે માટે એમનો આ પ્રથમ પ્રત્યક્ષ પરિચય હતો. પછી વીસનગરના 'આદર્શ છાત્રાલય'ના એક ગ્રંથના બ્લૉકો અને તેની આર્ટ પ્લેટો માટે ૧૯૬૪માં ફરી મળવાનું થયું. અને ત્યાર બાદ તો એમની બુધવારની કવિસભામાં પણ ક્યારેકક્યારેક જતો. ૧૯૭૨માં 'છાલો-પાલો મરી-મસાલો'ની મારી લેખમાળા એમણે 'કુમાર'માં પ્રકટ કરી તે નિમિત્તે અવારનવાર એમને મળવાનું થતાં એમનો વધુ પરિચય હું પામી શક્યો.

'કુમાર' સાથે તેઓ કેટલા ઓતપ્રોત હતા એ તો 'કુમાર'ના સૌ ચાહકો જાણે છે. એંશી વર્ષની વયે પણ તેમનું કાર્ય સતત જારી હતું અને એમની કાર્યનિષ્ઠા મુદ્રણ અને પત્રકારત્વના ક્ષેત્રે એક આદર્શ ઉદાહરણરૂપ બની રહી હતી. એમની સજગ નજર ચોપાસ કેવી ફરતી રહેતી તેનું એક દૃષ્ટાંત હજી યે મને યાદ છે. 'સ્વસ્થ માનવ' માસિકમાં શાકભાજી વિષે મારી એક લેખમાળા પ્રકટ થતી હતી. તેના ૧૯૭૮ના ઑગસ્ટના અંકમાં 'કંકોડાં' વિષે મારો લેખ આવેલો, અને તે જ અંકમાં મારો બીજો એક લેખ 'સફરજન' વિષેનો પણ પ્રકટ થએલો. આ બીજા લેખના લેખક તરીકે 'સ્વસ્થ માનવ'ના તંત્રીશ્રીએ મારું નામ 'પ્રો. એમ. એમ. ચૌધરી' મૂકેલું. કદાચ એક જ અંકમાં એક લેખકનું નામ બે વખત મૂકવાનું એમને નહિ જચ્યું હોય, એટલે હાઇસ્કૂલના પૂરા શિક્ષણથી પણ વંચિત એવા મને એમણે પ્રોફેસર બનાવી દીધો હશે.

પરંતુ પછીના ઑક્ટોબર માસના 'કુમાર'ની 'માધુકરી'માં બચુભાઈએ તે 'સફરજન'ના લેખની તારવણી મારા અસલ નામ સાથે પ્રકટ કરી. મારી અસલીઅત કઈ રીતે પરખાઈ હશે તેનું મને આશ્ચર્ય હતું. થોડા દિવસો બાદ અમદાવાદ જવાનું થતાં, રાબેતા મુજબ હું 'કુમાર'માં ગયો. બચુભાઈને તો નહિ, પણ બિહારીભાઈને મેં પૂછ્યું, 'સફરજનનો લેખ પણ મારો જ હોવાનું તમે કઈ રીતે જાણી ગયા?'

'એ પરખ બચુભાઈની છે. 'કુમાર' સિવાય અન્ય સામયિકોમાં શું શું પ્રકટ થતું રહે છે એ તેઓ નિયમિત જોતા જ રહે છે. તમે તો 'કુમાર'માં પણ લખો છો એટલે તમારી કલમ-તમારી લેખનશૈલીથી એ બરાબર પરિચિત છે. માધવ ચૌધરી અને પ્રો. ચૌધરીની કલમનું સામ્ય પારખી જવું એમને માટે મુશ્કેલ ન જ હોય. અને એમાં એમણે થાપ નથી ખાધી એ તો હવે તમે યે જાણો છો.'

એ ઉંમરે પણ બચુભાઈ 'કુમાર'ના કામમાં સતત રત રહેવા છતાં બીજાં સામયિકો પર નજર રાખતા રહે – અને તે પણ આવી ચકોરતાથી એ જાણી મને આશ્ચર્ય થયું, અને આનંદ પણ. 'કુમાર'ની જે પ્રતિષ્ઠા છે તેની પાછળ બચુભાઈની આવી ઝીણીઝીણી બાબતોની ચીવટ અને ચોકસાઈ પણ કારણભૂત હોવાની મને એક વધુ પ્રતીતિ મળી. હજી યે હું જ્યારે લખવા બેસું છું ત્યારે ઘણી વાર લેખન વિષે બચુભાઈ સાથે થએલી વાતો સાંભરી આવે છે, અને હજી યે અમદાવાદ જવાનું થાય ત્યારે 'કુમાર'માં પણ આંટો ખરો જ. પોતાની કાર્યનિષ્ઠાથી બચુભાઈએ કેવી સરજત ઊભી કરી છે! **—માધવ મો. ચૌધરી**

અનુસંધાન] **કાઠમંડુનો મહાકાંડ** [પૃષ્ઠ ૧૯૯થી

'યસ.' ફેલુદાએ જવાબ આપ્યો.

'ડિટેક્ટિવ પ્રદોષ મિત્તર જ ને?' ફરી પુછાયું.

'જી હા. પ્રાઇવેટ ઈન્વેસ્ટિગેટર.'

'નમસ્કાર! મારું નામ અનીકેન્દ્ર સોમ. હું સેન્ટ્રલ હોટેલમાંથી બોલું છું...તમારું જરા કામ છે. તમને મળી શકું?'

'જરૂરી કામ છે?'

'જી, ખૂબ જ. અત્યારે તો વરસાદ છે, પણ કાલે સવારે જો સમય આપી શકો તો સારું. હું બહારગામથી આવ્યો છું અને ખાસ તો આપને મળવા માટે જ. માનું છું કે મારી વાત સાંભળી આપને પણ તેમાં ઈન્ટરેસ્ટ પડશે જ.'

'ફોન પર આથી વધુ કંઈ કહી શકાય તેમ નથી?'

'ના જી. એ બદલ દિલગીર છું.'

અને બીજે દિવસે સવારે નવ વાગ્યે એ મુલાકાત નક્કી થઈ. ફોન મૂકી ફેલુદા બહાર આવતાં બોલ્યા: 'માણસના અવાજ પરથી પણ એના વ્યક્તિત્વનો ઘણો બધો ખયાલ આવી શકે છે.' મને પણ એવું જ લાગ્યું હતું. વળી થયું, સવારે બાટરા, અત્યારે સોમ. ફેલુદાના ક્લાયન્ટ્સ એક સામટા પ્રકટવા માંડ્યા હતા.

આજકાલ ફેલુદાની સાથે હું પણ વ્યાયામ રૂપે યોગાસનો કરું છું. સવારે આઠ વાગતાં તો અમે એ પતાવી નાહીધોઇને તૈયાર થઈ જઇએ. સાડા આઠે લાલમોહનબાબુનો ફોન આવ્યો. કહે, તે દિવસે ન્યૂ માર્કેટ-માં જે એક લાઈટ ગ્રીન કલરનું જર્કિન જોયું હતું એનો ભાવ જાણીને તેઓ અમારે ત્યાં આવશે. હું સમજી ગયો. હિલ-સ્ટેશન પર ફરવા જવાની તૈયારી એમણે આદરી દીધી હતી.

પોણા દસ થયા પણ અનીકેન્દ્ર સોમ આવ્યા નહિ. ફેલુદાએ હાથ-માંનું છાપું ફેંકી માથું હલાવતાં મને સમજાઇ ગયું કે હવે એ બંગાળી-ઓમાં પંક્ચ્યુઆલિટીનો અભાવ હોવા અંગે કંઈક ગરમાગરમ મંતવ્ય આપવાની તૈયારીમાં છે. પણ એ કંઈ અભિપ્રાય ઉચ્ચારે એ પહેલાં તો ફોનની ઘંટડી રણકી—

'મર્ડર વિક્ટિમની ડાયરીમાં તમારો નંબર કેમ છે, મૉશાય?'

પ્રશ્નમાં ભડકાવી દેવાનો ભાવ હોવા છતાં એ હળવા મિજાજથી પુછાયો હતો તે સમજતાં વાર ન લાગી. જોડાસાંકો થાણાના ઇન્સ્પેક્ટર મહિમદત્ત ગુપ્તનો ફોન હતો. ફેલુદાના કપાળ પર કરચલીઓ પડી, 'કોનું ખૂન થયું છે?' એણે પૂછ્યું.

'ચાલ્યા આવો, સેન્ટ્રલ ઍવન્યૂ, સેન્ટ્રલ હોટેલ, રૂમ નંબર ત્રેવીસ.'

'અનીકેન્દ્ર સોમ?' 'તમે એને ઓળખો છો?'

'આજે અત્યારે નવ વાગ્યે મુલાકાત થવાની હતી. શી રીતે ખૂન થયું છે? ક્યારે થયું લાગે છે?'

'છરાથી. વહેલી સવારે. આવશો એટલે બધી ખબર પડી જશે. હું પણ હજી વીસેક મિનિટ પહેલાં જ અહીં આવ્યો છું.'

'વારુ, હું અર્ધોએક કલાકમાં પહોંચવા પ્રયત્ન કરું છું.' કહી ફોન મૂકતાં ફેલુદાએ મને તૈયાર થઈ જવા ઈશારત કરી.

દસેક મિનિટમાં તો લાલમોહનબાબુ પણ આવી પહોંચ્યા. એમને ઘરમાં પ્રવેશવાની યે તક આપ્યા વિના ફેલુદા એમને ધકેલીને એમની ગાડીમાં ચડી બેઠા ને એમના ડ્રાઇવર હરિપદબાબુને જલદીથી સેન્ટ્રલ હોટેલ પહોંચાડવા કહી દીધું. આગલી સીટમાં હું પણ ગોઠવાઈ ગયો.

સવારના ઑફિસોના ટ્રાફિક વચ્ચે શક્ય તેટલી ઝડપે અમારી ગાડી જતી હતી. આગળની સીટમાંથી મોં ફેરવી મેં પાછળ નજર કરી. લાલમોહનબાબુની સ્થિતિ તો વિના મેઘ વજ્રપાત જેવી લાગતી હતી. પણ એ જાણતા હતા કે આવા સંજોગોમાં ફેલુદાને કંઈ પૂછવાથી જવાબ મળવાનો નથી, એટલે ચૂપ બેઠા હતા.

હોટેલ પર પહોંચ્યા પછી જે જાણવા મળ્યું તે ટૂંકમાં આટલું કે, રવિવારે સાંજે અનીકેન્દ્ર સોમ આ હોટેલમાં આવી ઊતર્યા હતા. રજિસ્ટરમાં નોંધાવ્યા પ્રમાણે તેઓ કાનપુરમાં રહેતા હતા, અને આવતી કાલે તેઓ પાછા ચાલ્યા જવાના હતા. આજે સવારે પાંચ વાગ્યે એક માણસે આવીને એમનો રૂમ નંબર પૂછેલો અને એક માળનું જ મકાન હોઈ લિફ્ટની રાહ ન જોતાં દાદર ચઢીને ઉપર ગયો હતો. મધ્યમ કદ, ગોરોવાન, દાઢીમૂછ સફાચટ, ગ્રે રંગનું પેન્ટ અને બ્લ્યૂ રંગનું શર્ટ. દરવાનના જણાવ્યા પ્રમાણે એણે ટૅક્સી રોકી રાખી હતી.

મિ. સોમે સવારે આઠ વાગ્યે બ્રેકફાસ્ટ મોકલવાની અગાઉથી સૂચના આપી રાખેલી, એ મુજબ રૂમબૉય બરાબર આઠ વાગ્યે જઇને બે-ચાર વાર ડોરબેલ દબાવી, પણ કંઈ જવાબ મળ્યો નહિ. અંતે ડુપ્લિકેટ ચાવી લઈ જઇને રૂમ ખોલી જોયું તો બારણા પાસે જ મિ. સોમની લાશ પડી હતી. એમની છાતીમાં નેપાલી કુકરી ભોંકાઈ હતી. ખૂનીએ તે પાછી ખેંચી લેવાની યે દરકાર કરી નહોતી. પોલીસે રૂમની તપાસ કરી હતી, પણ એક વી આઈ પી બૅગ ને તેમાં ત્રણેક જોડ કપડાં સિવાય ખાસ કંઇ જ મળ્યું નહોતું. માની શકાય કે પૈસાટકા ખૂની ઉઠાવી ગયો હશે. મિ. સોમ ખૂબ દેખાવડા હતા. ઉમર ત્રીસથી વધુ નહિ હોય. રૂમબૉય સાથે વાત કરતાં જાણવા મળ્યું કે તેઓ સિગારેટ કે દારૂ પીતા નહોતા. રીસેપ્શનિસ્ટ મિ. લતીફે જણાવ્યું કે ગઇ કાલે મિ. સોમ આખો દિવસ હોટેલની બહાર જ રહેલા ને રાતે વરસાદ શરૂ થયો તેની એકાદ કલાક પહેલાં જ પાછા ફરેલા. અને વહેલી સવારે આવેલો તે સિવાય કોઈ વિઝિટર એમને મળવા આવ્યો નહોતો કે કોઇનો એમના પર ફોન આવ્યો નહોતો. હા, હોટેલમાં દરેક રૂમમાં ફોન નથી એટલે મિ. સોમે કાલે રાતે નીચે જઈ ડિરેક્ટરીમાંથી નંબર શોધી કોઇને એક ફોન કરેલો, એમણે એ નંબર પોતાની ડાયરીમાં પણ નોંધી લીધો હતો.

ગઈ કાલે મિ. સોમે ફેલુદાને જે ફોન કરેલો એની જ આ વાત હતી તે સમજાઇ ગયું. અને એ જ નંબર એમણે પોતાની ડાયરીમાં નોંધ્યો હતો. એમના રૂમમાં બેડસાઇડ ટેબલ પાસે ભોંય પરથી એ ડાયરી મળી આવી હતી. તાજી જ ખરીદેલી એ એક ટચૂકડી નોટબુક હતી. એનાં પહેલાં ત્રણ પાનાં પર જ હજી નોંધ ટપકાવેલી હતી, અને તે પણ આડીઅવળી તૂટકતૂટક બંગાળી-અંગ્રેજી મિક્સ. ફેલુદાએ એમાંનું એક પાનું મારી સામે ધરી કહ્યું, 'જો તો તોપસે, તને શું સમજાય છે કહે.'

અક્ષરો જોઇ મેં કહ્યું, 'આ નોંધ તો અંગત ઉપયોગ પૂરતી જ હોઈ મિતાક્ષરીમાં કરી લાગે છે અને લખાણ પણ વચ્ચેવચ્ચે કંપી ગયું છે. આ 'અડ્ડો' જેવો વંચાતો શબ્દ બરાબર ઉકલતો નથી.'

'ખૂબ જ નર્વસ ટેન્શનમાં લખ્યું હોય એવું લાગે છે.' જટાયુએ પણ અભિપ્રાય ઉચ્ચાર્યો.

'અથવા અતિશય ઝડપથી જતા કોઈ વાહનમાં બેઠાબેઠા લખ્યું હોય.' ફેલુદાએ કહ્યું, 'કદાચ કલાકના છસો માઇલના વેગમાં.'

સમજાઇ ગયું. ફેલુદા પ્લેનનું સૂચન કરતા હતા. જેટ પ્લેનની એટલી સ્પીડ હોઇ શકે.

'મને લાગે છે કે એ 'અડ્ડો' શબ્દ લખતી વેળા પ્લેન એકાદ 'એર-પૉકેટ'માં પડ્યું હશે.' ફેલુદાએ સ્પષ્ટીકરણ કર્યું.

'આબાદ પકડી પાડ્યું.' જટાયુ બોલી ઊઠ્યા. 'તે વખતે મુંબઇ જતા હતા ત્યારે હજુ તો કૉફીનો કપ મોંએ અડાડ્યો ત્યાં પૉકેટમાં પડેલા ને કૉફી અન્નનળીના બદલે શ્વાસનળીમાં પેસી જતાં, બાપ રે, કેવી હાલત થઈ હતી! મને હજી યે તે યાદ છે!'

ફેલુદાએ લખાણ પોતાની નોંધપોથીમાં ટપકાવી લઈ ડાયરી મહિમબાબુને પાછી આપી દીધી.

'અમે કાનપુર કૉલ કરીએ છીએ.' મહિમદત્ત બોલ્યા, 'લાશની શનાખ્ત (ઓળખ) પણ કરાવવી પડશેને?'

'મને ખયાલ છે કે કાનપુર થઇને દિલ્હીની એક ફ્લાઇટ આવે છે ગયા રવિવારની એ ફ્લાઈટમાં અનીકેન્દ્ર સોમ નામનો કોઇ પૅસેન્જર હતો કે નહિ તેની પણ તપાસ કરી જોજો. પરંતુ હું માનું છું કે આ મિ સોમ કોઇ હિલ-સ્ટેશનથી આવ્યા છે.'

'એમ શાના પરથી કહો છો?' મહિમબાબુએ પૂછ્યું.

'આ એમના માઉન્ટનીઅરિંગ બૂટની જોડ જોઇ? એમાં એક બૂટના તળિયે ફર્નનો એક ટુકડો ચોંટેલો છે. અને ફર્ન પહાડ પર જ ઊગે છે.

પછી મહિમબાબુએ કહ્યું કે આ ઘટના અંગે નવું કંઇ-ખાસ કરી કુકરીની મૂઠ ઉપર જો ફિંગર પ્રિન્ટ્સ મળશે તો અમને જણાવશે.

'અને હા, ગ્રાંડ હોટેલમાં દાખલ થતાં પૅસેજની ડાબી બાજુ ક્યુરીઓની એક દુકાન છે.' ફેલુદાએ કહ્યું, 'તમે તપાસ કરી જોજો કે આ કુકરી ત્યાંથી તો નથી ખરીદાઇને.'

પાછા ફરીને મિ. સોમની જે નોંધો ફેલુદાએ ઉતારી લીધી હતી તે મને બતાવી. પહેલા પાના પર માત્ર બે જ લીટી લખેલી : 'ઓન્લી એલ.એસ.ડી. જ?' અને 'આસ્ક સી. પી. એબાઉટ મેથડ્સ ઍન્ડ પાસ્ટ કેસીઝ.' બીજા પાના પર ત્રણ જ લીટી : 'અડ્ડો અહીં જ છે કે ત્યાં?' 'એ. બી. અંગે વધુ જાણવું જરૂરી' અને 'રિંગ અપ પી. સી. એમ., ડી. ડી. સી.' અને ત્રીજા પાને કેવળ અમારો ટેલિફોન નંબર જ નોંધાએલો હતો.

'ફૉરિન કરંસીને લગતો મામલો તો નહિ હોય?' જટાયુએ પૂછ્યું.

'કેમ એમ પૂછો છો?'

'અમસ્થું જ. આ પેલા એલ.એસ.ડી. અક્ષરો જોયા એટલે. એનો અર્થ તો પાઉન્ડ શિલિંગ પેન્સ જ ને?'

'તમે મૉશાય, પૈસાનો જ વિચાર કરવાનું થોડું ઓછું કરી નાખો.' ફેલુદાએ જરા મજાકમાં જટાયુને કહ્યું, અને પછી ઉમેર્યું, 'એલ.એસ.ડી. એટલે લાઈસરજિક ઍસિડ ડાઇએથિલામિન. એ એક જાતનું ડ્રગ-દવા છે. હિપ્પીઓના પ્રતાપે હાલમાં એ આખી દુનિયામાં પ્રસરી ગયું છે. વિજ્ઞાનીઓ કહે છે કે માણસના મગજમાં સેરોટોનિન નામનો એક રાસાયણિક પદાર્થ હોય છે જે તેને સ્વસ્થતાથી વિચારવામાં, સમજવામાં, ખયાલ કરવામાં મદદ કરે છે. એલ.એસ.ડી. એ સેરોટોનિનની માત્રા ઘટાડી અમુક સમય માટે મગજમાં વિકાર પેદા કરે છે. એથી માણસ થોડી વાર સુધી કોઈ ભળતા જ જગતમાં વિચરણ કરવા લાગે છે. ત્યારે આપણું ચૌરંગી એને નંદનવન લાગવા માંડે છે.'

'શી વાત કરો છો? આ ડ્રગ બજારમાં મળે ખરું?'


'હા જ તો. પણ એ ડે'ઝ મેડિકલ સ્ટૉર્સ કે એવી દવાની દુકાનોમાં જઇને માગો તો ન મળે. એ તો કોઈ છૂપી જગ્યાએ કે હિપ્પીઓનો અડ્ડો હોય ત્યાં મળે. આપણા ગ્લૉબ સિનેમાની પાછળ હિપ્પીઓની એક હોટેલ છે, ત્યાં જતા-આવતા રહો, એ લોકોની સાથે હળોભળો તો કદાચ એકાદ સ્યુગર ક્યુબ મળી શકે.'

'સ્યુગર ક્યુબ!?'

'તમે ખાંડની ચોરસ ટીકડીઓ નથી જોઈ? એવી ટીકડીની અંદર એલ. એસ. ડી.ની કણી ભેળવીને એ વેચાય છે. એ એકાદ કણીની શક્તિ, તમારી ભાષામાં કહું તો ફાઈવ થાઉઝન્ડ હૉર્સપાવર જેટલી. જો કે એલ. એસ. ડી.ના સેવનથી તત્પૂરતો સ્વર્ગવાસ કે નર્કવાસ બંને મળી શકે. કોણ ખાય છે તેના પર એનો આધાર. એ લીધા પછી તમે દાદર ઊતરતા હો તો એવું લાગે કે સાતમા માળના છાપરાની ધાર પરથી હવામાં પગ લંબાવી રહ્યા છો. એટલે કે પ્રપાત ચ... અને મમાર ચ!'

શતરંજ-કૉમ્બિનેશન

Rubznya



Verus

આ પણે છેલ્લા કેટલાક અંકોમાં જે કૉમ્બિનેશન્સ જોયાં તેમાંનાં ઘણાં ખરાં વિશ્વવિખ્યાત ખેલાડીઓની રમતમાંથી લીધેલાં હતાં. આનો અર્થ એ નથી કે આકર્ષક અને સુંદર કૉમ્બિનેશન્સ ફક્ત વિખ્યાત મહાઉસ્તાદોની રમતમાં જ જોવા મળે છે. અખિલ ભારત શતરંજ ફેડરેશનના મૅગેઝિન 'ચેસ ઇન્ડિયા'ના છેલ્લા અંકમાં થોડા વખત પહેલાં રમાયેલી બાલિકાઓ માટેની વિશ્વ કપ ટૂર્નામેન્ટમાંની એક રમતમાં આવેલી આ પરિસ્થિતિ જોવા મળી.

આ પરિસ્થિતિમાં બન્ને પક્ષે સરખાં મ્હોરાં અને પ્યાદાં છે. વળી, પ્યાદાંની સ્થિતિ પણ સરખી જ છે. તેથી બન્ને પક્ષ બરાબર હોય તેવું લાગે છે. પણ સફેદ તે સ્થિતિને બહુ જ જલ્દી જીતમાં ફેરવી લે છે. જુઓ :

1 Q–B8ch!

આ સામાન્ય શેહમાંથી કાળો સહેલાઈથી બચી શકે તેમ છે એવું ભાસે છે.

1 ..., K–R2

અહીં 1 ..., B–B1 પછી 2 Q×Bch, K–R2; 3 Q×Pch, K–R1; (3 ..., K–R3?; 4 B–B8 મ્હાત) 4 B–K5ch, Q–B3; 5 B×Q મ્હાત. પણ તે વિચારવાની જરૂર જણાતી નથી. કારણ કે K–R2 ઉપર કાળો રાજા સંપૂર્ણરીતે સુરક્ષિત છે.

2 B–B5!!

રાજા સુરક્ષિત છે તો વજીર પર હુમલાનો ફક્ત પ્રયાસ જ છે? ના. આઠે દિશામાં ગમે તેટલાં ખાનાં ચાલવાની શક્તિ ધરાવનાર વજીર કોઈ ખૂણા કે બોર્ડના કોઈ છેડા પર નથી તેમ છતાં લાચાર છે. આશ્ચર્ય! તેની પાસે કોઈ સુરક્ષિત સ્થાન નથી. 1 Q–K8? કરતાં 1 Q–B8! કેટલી વધુ સબળ ચાલ છે તે હવે સમજાય છે. માટે 2 ..., Resigns. —સુરેશ મોદી

ખૂન થયું હતું મંગળવારે સવારે. ગુરુવારે બપોરે મહિમદત્ત ગુપ્તનો ફોન આવ્યો. ઘણા બધા સમાચાર હતા :

અનીકેન્દ્ર સોમ કાનપુરમાં આઈ. આઈ. ટી.માં અધ્યાપક હતા. ત્યાં તેઓ એકલા જ રહેતા હતા. પણ ત્યાંથી એ લોકોએ જણાવ્યું છે કે કલકત્તામાં અનીકેન્દ્રના એક ભાઈ સ્ટેટ બૅંકમાં નોકરી કરે છે. પોલીસે એમને ખોળી કાઢ્યા છે. એમને તો એમના મોટા ભાઈ અનીકેન્દ્રના મૃત્યુની જાણ જ નહોતી. છાપામાં એમનું એ તરફ કંઈ લક્ષ ગયું નહોતું. એમણે લાશ ઓળખી છે. કહેતા હતા, અનીકેન્દ્ર પોતાનાં સગાંઓ સાથે બહુ સંપર્ક રાખતા નહિ. કલકત્તા પણ જવલ્લે જ આવતા. તરંગી હોવા છતાં નીડર અને સ્વતંત્ર મિજાજના હતા.

બીજું, કુકરી પરથી કોઈના આંગળાની છાપ મળી નથી. મતલબ, ખૂની પૂરતો સાવચેત માણસ હતો. અનીકેન્દ્રની છાતીમાં એણે જે રીતે કુકરી મારી હતી એ પરથી લાગે છે કે એ ડાબોડી હશે. ગ્રાન્ડ હોટેલની ક્યુરીઓની દુકાનના માલિકે કુકરી ઓળખી બતાવી હતી, જે તેમણે સોમવારે સવારે મિ. બાટરા નામના એક માણસને વેચેલી. આ બાટરા ગ્રાન્ડ હોટેલમાં જ ઊતર્યો હતો, અને ખૂન થયું તે દિવસે ઇન્ડિયન એર લાઇન્સમાં સવારે નવની ફ્લાઇટમાં કાઠમંડુ ચાલ્યો ગયો હતો.

ત્રીજું, કાનપુર થઇને આવતી દિલ્હીની રવિવારની ફ્લાઇટમાં અનીકેન્દ્ર સોમ નામની કોઈ વ્યક્તિએ સફર કરી નહોતી, પરંતુ રવિવારની બીજી બધી ફ્લાઇટ્સના પૅસેન્જરોનાં લિસ્ટ જોઈ પોલીસે શોધી કાઢ્યું હતું કે તે દિવસે કાઠમંડુ-કલકત્તાની સાંજની ફ્લાઇટમાં અનીકેન્દ્ર સોમનું નામ હતું. ફ્લાઇટ એક કલાક મોડી હતી અને દમદમ એરપોર્ટ પર સાંજે સાડા પાંચે પ્લેન ઊતર્યું હતું.

મહિમબાબુએ છેલ્લી વાત એ કહી કે, ખૂની વિદેશી છે અને અહીંથી નાસી ગયો છે એટલે એને અંગે હવે અહીંથી સીધું કંઈ થઈ શકે તેમ નથી. અત્યારે તો આ કેસ સી.આઈ.ડી. હોમીસાઈડને સોંપી દેવાશે. એ લોકો દિલ્હીમાં હોમ ડિપાર્ટમેન્ટને જાણ કરશે, તે પછી તેઓ નેપાળ-સરકારને આ ખૂનની તપાસમાં મદદ કરવા અનુરોધ કરશે અને નેપાળની સરકાર સંમતિ આપશે પછી અહીંથી સી.આઈ.ડી.ના માણસ કાઠમંડુ જશે.

'બેસ્ટ ઑવ લક!' એ એક જ વાક્ય બોલી ફેલુદાએ ફોન મૂકી દીધો.

એ પછી ફેલુદા બેત્રણ દિવસ સુધી લગભગ મૌન જ રહ્યા. પરંતુ એના વારંવાર આંટા મારવા, આંગળીઓના ટચાકા ફોડવા, અચાનક પથારીમાં લાંબા થઈ છત સામે ટીકી રહેવું વગેરે પરથી હું સમજી ગયો કે એ આ ખૂન અંગે બહુ ગંભીરતાથી વિચારી રહ્યા હતા.

રવિવારે લાલમોહનબાબુ આવ્યા. લગભગ બેએક કલાક રોકાયા પણ એ બધો વખત ફેલુદા ભાગ્યે જ કંઈ બોલ્યા હતા. અંતે શ્રીમાનને જે કંઈ કહેવાનું હતું એ મને જ કહ્યું, અને એમના કહેવાનો મુખ્ય મુદ્દો એ હતો કે તેઓએ એક નિષ્ણાત પામિસ્ટને પોતાનો હાથ બતાવ્યો હતો :

'...સમજ્યો ભાઇ તપેશ, એ પામિસ્ટનું નામ છે મૌલીનાથ ભટ્ટાચાર્ય. એ નિષ્ણાત પામિસ્ટ છે એટલું જ નહિ, આ ક્ષેત્રમાં એમણે પોતે ઓરિજનલ રિસર્ચ પણ કરી છે. કહેતા હતા કે માણસની જેમ વાનરોના હાથમાં પણ રેખાઓ હોય છે, જેના પરથી એમના વિષે યે ઘણું કહી શકાય. આપણા પ્રાણીબાગમાં એક ચિમ્પાંઝી છે. મૌલીબાબુએ ઝુ-સુપરિન્ટેન્ડન્ટની પરવાનગી લઇને એ ચિમ્પાંઝીની હસ્તરેખાઓનો અભ્યાસ કર્યો હતો. દસ મિનિટ એમણે ચિમ્પાંઝીનો હાથ તપાસ્યો ત્યાં સુધી એ વાનર બિલકુલ ચૂપચાપ બેસી રહેલો. કેવળ એ સજ્જન બહાર નીકળતા હતા ત્યારે એ વાનરે એમના ધોતિયાની કાછડી ખેંચીને ખોલી નાખી હતી, વિચ મે બી અનિચ્છાકૃત. પણ ભટ્ટાચાર્ય કહેતા હતા કે એના હાથમાં હેડલાઇન, લાઇફલાઇન, હાર્ટલાઇન, ફેઇટલાઇન વગેરે માણસના હાથમાં હોય તેમ જ હતી. એમણે તો એ પણ ભાખ્યું છે કે એ ચિમ્પાંઝી એઇટી થ્રીના ઑગસ્ટમાં મરી જશે, એટ ધી એજ ઓવ થર્ટી થ્રી. મેં તો એ ડાયરીમાં નોટ કરી લીધું છે. મને તો લાગે છે કે સાચું જ પડશે. તું શું કહે છે આ અંગે?'

'સાચું પડે તો તો ખરેખર અદ્ભુત કહેવાય.' મેં કહ્યું, 'પણ તમારો હાથ જોઇ ભટ્ટાચાર્યે શું કહ્યું ?'

'અરે હા, એ તો વળી ઓર મજેદાર વાત છે. પાંચેક વર્ષ પહેલાં કૈલાસ બોસ સ્ટ્રીટમાં એક પામિસ્ટને મેં હાથ બતાવી જોએલો. એણે કહેલું કે મારા નસીબમાં ફૉરિનની ટૂર છે જ નહિ. પણ આપણે તો એને સ્પષ્ટ કહી દીધેલું કે એવું બને નહિ.'

અને ખરે જ લાલમોહનબાબુનું લક જોરમાં હતું. બીજે દિવસે સવારે ચા-નાસ્તો લેતી વખતે ફેલુદાએ કહ્યું : 'તોપસે, મારું મન કહે છે કે ઑલ રોડ્ઝ લીડ ટુ નેપાલ. અલબત્ત, એ બધા વાંકાચૂંકા ને ગૂંચવણભર્યા છે, પણ તેથી જ નેપાલ જવું એ હવે ફેલુ મિત્તિરનું કર્તવ્ય બની જાય છે.' મતલબ, હવે કાઠમંડુ જવાનું નક્કી. (ચાલુ)

અનુસંધાન] **બચુભાઈ** [પૃષ્ઠ ૧૯૨થી

શરીરવાળી બાઇને માઠું ન લાગે એ સારુ 'જાડી' કહેવાને બદલે 'મોટી' સેવ કહીને માગતા, એ વાત પણ હવે જાણીતી છે.

એમના આવા ખયાલને કારણે ક્યારેક કોઇના ભિન્ન વર્તાવથી એમને દુ:ખ પણ લાગતું. અને મારી પેલી આખાબોલી ખાસિયતના કારણે મેં પણ એમને કેટલીક વાર દુ:ખનું કારણ આપ્યું હશે, પણ એમની નિખાલસતાએ હમેશાં વિજય મેળવ્યો છે. 'કુમાર'ના સંચાલન અંગે રવિભાઇ અને બચુભાઇ બંનેની કેટલીક બાબતો મારા ગળે ઊતરતી નહિ, પણ એ બંનેની નિષ્ઠા પ્રત્યે મને પૂરેપૂરું માન રહ્યુ છે. બચુભાઇની કરકસર, ચીવટ, સુઘડતા, શિસ્ત, કાર્યપદ્ધતિ, આહાર-આરોગ્ય અંગેની સજગતા વગેરે ઘણી બાબતોનું અનુકરણ કરવા પણ હું પ્રયત્નશીલ રહ્યો છું. 'કુમાર' માટે એમણે જે કર્યું એ બધું અહીં જણાવવાની હવે જરૂર નથી. બહુ લાંબા અનુભવોને કારણે ઘણી બાબતોમાં એમના વિચારો વધુ ને વધુ દૃઢ બનતા જવાથી એમના કેટલાક ખયાલો બીજાથી અલગ પડી જતા જણાયા છે, પરંતુ એમને મન 'કુમાર'નું મહત્ત્વ હમેશાં સર્વોપરી રહ્યુ હોઇ પોતાને અંગેની ખરીખોટી ગેરસમજોને યે એમણે ગૌણ ગણી પોતાની કાર્યનિષ્ઠાને એકધારી ટકાવી રાખી તે અંગે તો બેમત હરગીઝ નથી.

એ વર્ષોમાં બચુભાઇને સિનેમાનો પણ શૉખ હતો. અમદાવાદમાં 'વિક્ટર સિનેમા' (હાલ 'સેન્ટ્રલ ટૉકીઝ') અને 'સિનેમા ડી ફ્રાંસ' (હાલ 'કલ્પના ટૉકીઝ')માં એમની સાથે ઘણી ફિલ્મો જોઇ છે. પિક્ચર જોઇને બહાર નીકળ્યા પછી ઘર સુધી જતાં રસ્તામાં એ ફિલ્મની ખૂબી અને ક્ષતિ અંગે તેઓ વિગતે ચર્ચા કરે અને એમાંથી મને ઘણું શીખવા-સમજવા મળે. એમની સાથે વાતો કરતાં સામાન્યત: તેઓ ધર્મ, ઇશ્વર ને આધ્યાત્મની વાતો જવલ્લે જ ઉખેળે. આચરણમાં માનવધર્મ ને સાધનામાં જ્ઞાનઉપાસનામાં એમના ધર્મ-ખયાલો સમાઇ જતા લાગે, પણ એમનામાં કેટલીક દૃઢ આસ્થાઓ યે હતી. ઘેરથી કાર્યાલય આવતાં રોજ સવારે તેઓ, જ્યાં સુધી સાયકલ વાપરી ત્યાં સુધી ભદ્રકાળી તથા તારઑફિસ પાસેના પંચમુખી હનુમાનનાં દર્શન કરીને જ આવતા. જો માણેકચોકમાંથી નીકળે તો ત્યાંના બહુચરાજીનાં દર્શને પણ જતા જ. સાઇકલ બંધ કર્યા પછી બસમાંથી રાયપુર દરવાજે ઊતરી કાર્યાલય આવતાં વચ્ચે છબિલા હનુમાનનાં દર્શન કરીને આવતા.

અંગત વપરાશની ચીજવસ્તુની પસંદગીમાં પણ એમની ચીવટ, કરકસર અને પ્રયોગશીલતા જોવા મળતી. અનેક અજમાએશ કરી તેઓ તેની પસંદગી કરતા. સેન્ટ-અત્તરોની તીવ્ર સુવાસ એમને પસંદ નહોતી, પણ મંદ મધુર સુગંધના એ ચાહક હતા. અગરબત્તી ને નહાવાના સાબુની એમની પસંદગીમાં એ સ્પષ્ટ જણાઇ આવતું. મને ખયાલ છે ત્યાં સુધી 'પીઅર્સ' અને 'મોતી' એમના પ્રિય સાબુ હતા, પણ જો કોઈ નવો સુગંધી સાબુ બજારમાં આવે તો તેની અજમાએશ પણ એ કરી લેતા. અમુક વાનગીઓ પણ એમને વધુ ભાવતી, પણ મિતાહાર અંગે એ હમેશાં સજગ રહેતા. એ જ રીતે દેશી-વિલાયતી દવાઓ અંગે પણ. પોતે જે દવા વાપરે તે અંગે પ્રથમ તેઓ તેમાં વપરાતાં ઔષધો ને તેના ગુણો અંગે પૂરતી માહિતી મેળવી લેતા. જરૂર પડે તો પોતાના દાક્તર મિત્રોને ટપાલ લખીને પણ માહિતી એકઠી કરી લેતા. એ પણ એમની એક ખાસિયત હતી. બીજી બાજુ પોતાના વિચારો કે પસંદગી તેઓ બીજા પર કદી લાદતા નહિ. પોતાનાં સંતાનો પર પણ નહિ. પરંતુ પુત્ર-પુત્રીઓ ને પૌત્રોદૌહિત્રો વગેરે સૌની એમના મનમાં સતત ખેવના રહેતી. એક યા બીજા નિમિત્તે અવારનવાર એ સૌને એકઠાં કરી કુટુંબમેળો જમાવતા.

આવી આવી એમની અનેક બાબતોનો હું સાક્ષી રહ્યો છું, આથી સ્વાભાવિક રીતે બહુ નજીકથી મેં એમને ઓળખ્યા છે. એમની અનેક બાબતો અંગે મને ઘણું માન રહ્યુ છે, કેટલીકને અનુસરવાના પ્રયત્નો પણ મેં કર્યા છે. કેટલીક બાબતોમાં અમારા વિચારો તદ્દન ભિન્ન પણ રહ્યા છે. મારા આખાબોલાપણાથી અરસપરસ કેટલીક વાર રિસાયા છીએ, પણ થોડા દિવસ પછી કંઇ નહિ. પોતે સ્વીકારેલાં મૂલ્યો, સિદ્ધાંતો, પદ્ધતિઓ વગેરેને ચુસ્તપણે વફાદાર રહીને બચુભાઈએ સંબંધો વિકસાવ્યા હતા, ને ક્વચિત્ એ સંભવિત. ન બને તો મૂગે મોંએ એને એ મીઠાશથી સંકેલી લેતાં પણ એ ખચકાયા નથી. પણ એમનામાં સૌથી વિશેષ ધ્યાન ખેંચતો ગુણ હતો એમની 'કુમાર' માટેની નિષ્ઠા. એને ખાતર એમણે બીજું ઘણુંઘણું વેડી લીધું, અનેક અંગત બાબતોને ગૌણ ગણી, પણ પોતાના જીવનમાં 'કુમાર'ને એમણે હમેશાં બધાંથી ઉપર રાખ્યું. 'કુમાર' અને 'બચુભાઇ' એ બંને એકબીજાના પર્યાય બની ગયા. સચિત્ર સામયિકોના ઇતિહાસમાં એમના કાર્યથી એક અનોખું પ્રકરણ રચાયું છે. □

અનુસંધાન] **જાડેજેંજી વારી** [પૃષ્ઠ ૨૦૪થી

રાજવહીવટને એક તદ્દન નવો જ વળાંક મળ્યો. કચ્છ સ્વતંત્ર હિંદી સંઘમાં જોડાયું અને ૧૯૪૮ની ૪મેએ કચ્છના જાડેજા રાજ્યનું આઝાદ ભારતમાં વિલિનીકરણ થયું. મહારાવે ૧૯૪૮માં ગાંધીધામ અને એસ. આર. સી.નો વિકાસ કરાવ્યો, અને કંડલાનું મહત્ત્વ વધાર્યું. એમના અમલ દરમિયાન ભુજની ટંકશાળમાં પાડવામાં આવેલા નવા 'જય હિંદ' ચલણી સિક્કાનું એક આગવું દસ્તાવેજી મૂલ્ય સ્થપાઈ ગયું છે. મદનસિંહજીની વિમ્બલ્ડન ટૅનિસ પ્લેઅર તરીકે પણ ખ્યાતિ છે. ભારત સરકારે ૧૯૫૧માં લંડનમાં એમની ઑનરરી મિનિસ્ટર-ફોરિન સર્વિસ તરીકે નિમણૂક કરી હતી. ૧૯૫૬માં નૉર્વેમાં અને ૧૯૬૦માં ચિલીમાં તેઓ ભારતના એલચી નિમાયા હતા. ૧૯૭૭માં એમણે 'મહારાઓ ઑવ કચ્છ આયનામોલ ટ્રસ્ટ' સ્થાપી કચ્છની પ્રજાને તે અર્પણ કર્યો. ૧૯૭૮માં 'મદનસિંહજી મ્યૂઝિયમ'ની સ્થાપના કરી ૧૯૭૯માં તેનું ઉદ્‌ઘાટન કર્યું. ૧૯૮૨માં આયનામોલના છેલછતર ઉપર 'કલા-અટારી'ની પ્રતિષ્ઠા કરી ને શરદબાગ પણ પ્રજા માટે ખુલ્લો મૂક્યો.

ઈ. ૧૯૫૬માં ૨૧ જુલાઇએ રાત્રે કચ્છમાં થએલા ભયાનક ભૂકંપ સમયે તથા અવારનવાર દુષ્કાળોમાં, ૧૯૬૫ અને '૭૧ની કચ્છમાં સીમા પરના યુદ્ધપ્રસંગોએ એમણે કચ્છી પ્રજાના હિતમાં અનેક કાર્યો કર્યાંકરાવ્યાં. કચ્છનું હિત અને હૂબબ એમના હૈયે સતત રમે છે.

આમ, ઈ. ૧૫૧૦થી આરંભાઇને ૧૯૪૮ સુધી સળંગ ૪૩૮ વર્ષ સુધી જાડેજા વંશે કચ્છમાં રાજ કર્યું. એમાં અનેક ચડઊતર આવી અને એથી રાજા-પ્રજા બંનેને વેઠવાનું પણ બન્યું. પરંતુ રાજા-પ્રજા વચ્ચે છોરુ-માવતરનો નાતો સતત સલૂકાઈભર્યો જળવાતો રહ્યો. કચ્છ બહાર અન્ય ભારતીય પ્રદેશોમાં અનુભવાએલી અનેક વિષમતાઓથી કચ્છ મુક્ત પણ રહ્યું છે. પોતાની અનેક આગવી લાક્ષણિકતાઓ કચ્છની 'જીએરાશાહી'માં સચવાએલી રહી છે. કચ્છીઓની સાહસિકતા, રસિકતા અને ખુમારી તથા પુરુષાર્થ અન્ય ભારતીય પ્રજાઓથી ભિન્ન અને ગૌરવવંતાં રહ્યાં છે. વહીવટી રસમથી માંડી ભાગબટાઈની પ્રથા, રામમોલ અને ટીંબાખેડની પ્રણાલિ, માલઉછેર અને વરડ્ડકાના પસા ગામ, બન્નીમાં ઘી-ઘભાનું દાણુ, દરિયાકાંઠે માહીનું દાણુ, જળવટ-પગવટના જકાતધારા, મીઠાનો મુક્ત વેપાર, કચ્છી અષાઢી પંચાંગ, તોલમાપ અને ચલણી નાણું વગેરે અનેક અનેક બાબતો છેક ભારતમાં વિલિનીકરણ સુધી કચ્છમાં આગવી જ રહી છે. કચ્છમાં શસ્રબંધી પણ નહોતી, કારણ કચ્છી માણસાઈ એટલી અડીખમ હતી. જ્યારેજ્યારે જરૂર પડી ત્યારે કચ્છના મહાજને મોકળા મને પ્રજાના હિતની રક્ષા કરી છે. જાડેજી વારી દરમિયાન સદાય અને તે પછી યે કચ્છી લોકસમાજમાં પોતાના જૂના રસ્મોરિવાજ એવા ને એવા માતબર ને મીઠા રહ્યાં છે. □

સાહિત્યસંપર્ક

ગુજરાતી ગદ્યના આવકાર્ય સંચયો

ગુજરાતી ભાષાના પૂર્વ તબક્કાના ગદ્યનાં આ ત્રણ દૃષ્ટાંતો છે. પ્રથમ દૃષ્ટાંત તરુણપ્રભસૂરીની 'સમ્યક્ત્વ' ઉપરની કથાના સંવત ૧૪૧૧ના, એટલે કે ૬૨૭ વર્ષ પૂર્વેના ગુજરાતી ગદ્યનું છે. ટૂંકાં, સરળ ને સરખી ઝડપી ચાલવાળાં વાક્યોથી એની રીતિ બંધાઈ છે. વચ્ચેવચ્ચે સંવાદ રૂપ ઉક્તિઓ પણ આવતા પ્રસંગમાં સહજ રીતે સંકળાઈ જાય છે. જૈન પરંપરામાં આ પ્રકારનું પુષ્કળ ગદ્યસાહિત્ય ઉપલબ્ધ છે. સુરેખ અર્થગ્રહણનો આગ્રહ તેમાં વિશેષ વરતાય છે, અને વિષયબોધ એ તેનો મુખ્ય ઉદ્દેશ હોઈ અલંકારયુક્ત શૈલી તેમાં ઓછી જોવા મળે છે. આનાથી ભિન્ન 'વર્ણકો' અને 'બોલી'માં સંયોજિત કથાનકોનું ગદ્ય ઘણું નિરાળું લાગે છે. એમાં આછા-પાતળા કથાનકને રંજક શૈલીમાં રજૂ કરવાની વૃત્તિ મુખ્ય હોઈ પ્રાસ–અનુપ્રાસ, યમક, વર્ણસંઘટના અને લયાત્મક સંવાદ જેવાં કેટલાંગ પદ્ય-ગત લક્ષણોનો વ્યાપક પ્રયોગ જોવા મળે છે. કથાવસ્તુને અલંકૃત કરવાના હેતુને કારણે ભાષાનું જુદું જ રૂપ તેમાં ઊપસ્યું છે. જો કે એમાં કથન વર્ણનની રૂઢિઓનો પ્રભાવ વધુ બળવાન રહ્યો છે, તો પણ તત્કાલીન ભાષાને અલંકૃત કરવામાં નોંધપાત્ર એવું અભિવ્યક્તિ–કૌશલ તેમાં જોવા મળે છે. અહીં આપેલું બીજું દૃષ્ટાંત માણિક્યસુંદરસૂરિના સંવત ૧૪૭૮ના 'પૃથ્વીચંદ્રચરિત'માંનું છે, જે એ પ્રકારના ગદ્યનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. પ્રાસાદિ તત્ત્વોનું સંયોજન અને અતિવિસ્તૃત વર્ણનાત્મક ટીપ તેનાં બે ધ્યાન ખેંચતાં તત્ત્વો છે, જેમાં કર્તાની કલ્પના વારંવાર ચગતી જોવા મળે છે. ત્રીજો નમૂનો મધ્યકાલીન ગદ્યના છેલ્લા તબક્કાના દૃષ્ટાંત રૂપે ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં રચાએલા ગદ્યનો છે, જે સ્વામી સહજાનંદના 'વચનામૃત'માંથી લીધેલો છે. ત્યારનું ગુજરાતી ગદ્ય ઠીકઠીક વૈચારિક કક્ષાએ પહોંચ્યા છતાં તળપદું, બોલચાલની ઢબનું, સરળ, પ્રાસાદિક અને ક્વચિત્ સંકુલ તથા પ્રભાવક બનતું દેખાય છે. લાંબાં કે મિશ્ર વાક્યોની યોજના તેમાં ધ્યાન ખેંચે છે.

આ પછી તો અર્વાચીન યુગના આરંભે અનેક નવાં પરિબળો ગતિશીલ બનતાં ગુજરાતી ગદ્યસાહિત્ય અનેક દિશામાં ઝડપથી વિકસવા લાગ્યું તે સુવિદિત છે. આ ગદ્યવિકાસનો બહુ સરસ રીતે પરિચય કરાવતા 'ગદ્યસંચય'ના બે ભાગ 'ગુજરાતી સાહિત્ય પરિષદે' પ્રકટ કર્યા છે. તેમાં પ્રાચીન યુગથી આરંભીને ગાંધીયુગના ગદ્યકારો સહિત અર્વાચીન ગદ્યકારોની (પહેલા ભાગમાં ૪૮

(અનુસંધાન પૃષ્ઠ ૨૧૭)

સમ્યક્ત્વ ગુણુ રહઇં આવિર્ભાવકુ શ્રીનરવર્મ મહારાજ કથાનકુ લિખિયઈ. ઈહી જિ જંબૂદ્વીપ માહિ ભરત ક્ષેત્ર માહિ મગધ નામિ જનપદુ છઇ. તિહાં વિજયવતી નામિં નગરી, તિહાં નરવર્મુ નામિ રાજા, રતિસુંદરી નામિ પટ્ટ મહાદેવી હૂંતી. હરિદત્તુ નામિ પુત્તુ હૂંતઉ. મતિસાગરાદિક અનેકિ મહામાત્ય હૂંતા. અનેરઈ દિવસિ રાજેન્દ્ર આગઇ સભામાહિ ધર્મવિચાર વિષઇ આલાપુ નીપનઉ. તત્ર એકિ કહિઉં ધમ્મુ દાક્ષિણ્યૌદાર્યદિકહં ગુણહં કરી હુયઇ. તથા પરોપકારઇતઉ લોક વિરુદ્ધ ત્યાગઇતઉ પુણિ ધર્મુ હુયઇ. બીજઇ કહિઉં વેદોક્તુ અગ્નિહોત્રાદિકુ ધર્મુ. ત્રીજઈ કહિઉં કુલક્રમાગતુ ધર્મુ. ચઉથઇ કહિઉં ધર્મ્માધર્મ્મ પ્રત્યક્ષ પ્રમાણિ કરી ગગનારવિંદ જિમ દીસઇ નહીં, ઇણિ કારણિ નથી. ઇસી પરિ સભ્ય ધર્મ-વિવાદુ કરતા દેખી કરી વિવેકવંતુ નરવર્મુ રાજા મનમાહિ ચીંતવઇ. દાક્ષિણ્યાદિકહં ગુણહં કરી તાં ધર્મુ ન હોઈ. તિ દાક્ષિણ્યાદિક ગુણ પુરુષવ્રતુ. વેદોક્તુ પુણિ ધર્મુ નહીં. હિંસા દોષ દૂષિતત્વઇતઉં. ક્રમાગતુ પુણિ ધર્મુ નહીં. ઇસિ પરિ કુણરહઇં ધર્મુ ન હુયઇ. નાસ્તિક વચનુ જગજ્જંતુ સુખ-દુખાદિ દર્શન ભાવદંતઉ ઘટઇ નહીં. સર્વ દોષ રહિતુ શુદ્ધ કનક જિમ કિસઉ ધમ્મુ હુયઇ. ઈસઉં મનમાહિ જેતલઈ નરવર્મુ રાજા ચીંતવઇ, તેતલઇ પરિહારુ રાજા રહઇં વીનવઈ...


રાજસભા કસી છઇ–જીણિ રાજસભા કુંકુંમજલિ છાટા દીધા છઇં, અવિદ્ધ મુક્તાફલિ ચુક પૂર્યા છઇં, કર્પૂરતણા શંખ આલેખ્યા છઇં, કૃષ્ણાગર જબાધિતણા પરિમલ મહમહઇં, મોતી તણી સિરી લહલહઇં છઇં, ફૂલપગર ભર્યા છઇં. ચંદ્રૂયા તાણ્યા છઇં, કટીપ્રમાણ પાયપીઠ સંયુક્ત પુરુષપ્રમાણ સંધાસણુ માંડિઉ છઇં, તેણઈ સંધાસણિ રાજા બઇઠા.

કિસિઉ રાજા દીસઈ છઇં? મસ્તકિ શ્વેતાતપત્ર છત્ર છઈ. પાસઇ ઢલઇં ચામર પવિત્ર, વાજઇં વિવિધ વાજિત્ર, મસ્તકિ મુગટ, કાનિ કુંડલ, હૃદયિ હારાર્ધહાર, માહા ઉદાર, ધનદ તણુ અવતાર, રૂપ તણઉ ભંડાર. કસિઉં કહીઇ – જિસિઉ પૃથ્વીલોકતણુ ઇંદ્ર, જસિઉ સોલકલા સંપૂર્ણ ચન્દ્ર, છસિઉ છઇં પૃથ્વીચન્દ્ર નરેન્દ્ર.

ઇસિઇં અવસરિ પ્રતીહાર આવિઉં, પ્રણામ નીપજાવીઉ. રાજા સાહામી દ્રષ્ટિ દીધી, પુણઇ વીનતી કીધી જે અયોધ્યાનગરી હૂવું દૂત તમ્હારી દ્વારાંતરિ આવિઉ. મનનઈ ઉછાહિં, જઉ હુઇ આદેસ તુ મેહલું માંહિં. હુઉ રાય તણઉ આદેસ, દૂતઇ કીંયઉ સભામાંહિ પ્રવેસ. રાય રહઇ કીયઉ જુહાર, અલંકરિઉં યોગ્ય આસણુ ઉદાર. રાજા દૂત રહઇં બહુમાન દીધઉ, કુશલ પ્રશ્ન કીધઉં. આનંદ ઉપનુ અત્યંત, હવઇહૂત ચીતવઇં કાર્ય વિશેષવંત.

જિહાં લોકનઇં નહી કસિઉ કલેસ, જિહાં નહી વઇરી તણઉ પ્રવેસ, પુણ્ય તણઉ નવેસ. અનેક ગ્રામ નગર, સોનારૂપાતણા આગર. મનોહર છઇ કોસલદેસ. તિહાં છઇં નગરી અયોધ્યા. કિસી તે નગરી? – ધનકનકસમૃદ્ધ, પૃથ્વીપીઠિપ્રસિદ્ધ. અત્યંત રમણીય, સકલલોકસ્પૃહણીય. પૃથ્વીરૂપિણી કામિનીરહઇં તિલકાયમાન, સર્વ સૌન્દર્યનિધાન. લક્ષ્મીલીલાનિવાસ, સરસ્વતીતણુ આવાસ. અતુલ દેવકુલિ મંડિત, પરચક્ર અખંડિત. સદા સુઠાકરિ પાલિત, રમણીય રાજમાર્ગ શોભિત, ઉત્તંગપ્રાકારવેષ્ટિત, સદા આશ્ચર્ય તણઉ નિલય, વસુધાવનિતાવલય. નિરુપમ નાગરિક તણઉં ઠામ, મનોભિરામ. જનિતદુર્જનક્ષોભ, સજ્જનોત્પાદિતશોભ. પુરુષરત્નોત્પત્તિ – રોહણાચલ, કુલવધૂકલ્પલતારત્નાચલ.

પછી શ્રીજી મહારાજ સર્વે હરિભક્ત પ્રત્યે બોલતા હવા જે, આ સંસારને વિષે પોતાના કુટુંબીનો સંબંધ છે તે તો જેમ થોરનું ઝાડ હોય અથવા વડનું કે પિંપરનું ડાળ હોય તે એક ઠેકાણેથી કાપીને બીજે ઠેકાણે રોપીએ તો ઊગીને ઝાડ થાય અને આંબો તથા લીંબડો હોય ને તેને એક વાર કાપ્યો એટલે ફરીને ચોંટે નહિ, તેમ કુટુંબી વિના બીજાનો જે સંબંધ છે તે તો આંબાના ઝાડના જેવો છે, તે એક વાર કાપ્યો એટલે ફરીને ચોંટે નહિ. અને કુટુંબીનો સંબંધ છે તે તો થોરના ને વડના ઝાડ જેવો છે, તે કાપી નાખ્યો હોય તો પણ ધરતીમાં પડ્યો પડ્યો પણ પાલવ્યા વિના રહે નહિ. માટે એ કુટુંબીનો સંબંધ તો તો ટળે જો સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહથકી નોખો એવો જે આ દેહને વિષે જીવાત્મા, તેને પોતાનું રૂપ જાણીને તેને વિષે ભગવાનની મૂર્તિને ધારીને ને જાતિ, વર્ણ, આશ્રમ તેના માનને મૂકીને કેવળ ભગવાનના સ્મરણને વિષે તત્પર થાય તો કુટુંબીનો સંબંધ ચોખો ટળે. તે વિના બીજો ઉપાય કોઇ નથી.



બોલ્યું પ્રહાર સમ તે ન સહ્યું ય જાયે,
બોલ્યું હસી કટુ છતાં સમજી શકાયે.

*

અનુયાયી થઈ ઘણું ઠગાયો,
કિન્તુ અનુભવે થયો સવાયો.

—માણેકલાલ પટેલ

ગાંધીજીનાં ચુસ્ત અનુયાયી સ્વર્ગસ્થ મીરાંબહેન

ગાંધીજીનાં ચુસ્ત અનુયાયી તરીકે સુખ્યાત મીરાંબહેનનું ગઈ ૨૦ જુલાઈના રોજ વિયેના નજીક કેન્કિંગ મુકામે ૯૦ વર્ષની વયે અવસાન થયું. મીરાંબહેન નામ તો ગાંધીજીએ આપેલું, મૂળ નામ હતું મૅડેલીન સ્લેડ. ભારતની સેવામાં જીવન સમર્પિત કરી એ વિદેશી મહિલાએ ગાંધીચીંધી સેવાપ્રવૃત્તિને આયુષ્યના અંત સુધી ચુસ્તપણે પોતાના જીવનમાં સક્રિય રાખી હતી. એમના જવાથી ગાંધીયુગના ઇતિહાસનું એક ઊજળું પ્રકરણ જાણે પૂરું થયું.

એમનો જન્મ ઈ. ૧૮૯૨માં ઇગ્લૅન્ડમાં થએલો. પિતા બ્રિટિશ નૌકાદળમાં એડમિરલ હતા અને બ્રિટનના અગ્રગણ્ય પરિવારોમાં એમના કુટુંબની પણ ગણના થતી હતી. કમાન્ડર ઈન ચીફ તરીકે હિંદુસ્તાનમાં પિતાની નિમણૂક થએલી, અને ત્યારે કેટલોક સમય તેઓ એમની સાથે હિંદુસ્તાનમાં રહેલાં. પણ અંગ્રેજ અફસરો અને શાહી ઠાઠની વચ્ચે વીતેલા બચપણમાં કુ. સ્લેડને આ દેશની પ્રજા અને તેની સાચી સ્થિતિનો ખ્યાલ આવવો સંભવિત નહોતો. પણ એમના વ્યક્તિત્વમાં પ્રકૃતિપ્રેમ, દીનદલિતો પ્રત્યે કરુણા અને આધ્યાત્મિક ખોજ પ્રતિનું વલણ તો ત્યારથી જ નજરે તરી આવતું હતું.

ગાંધીજી પ્રત્યે તેઓ આકર્ષાયાં વિખ્યાત ફ્રેંચ લેખક રોમાં રોલાંના પુસ્તક 'મહાત્મા ગાંધી'ના વાચનથી. એ પુસ્તક દ્વારા તેમના પર ગાંધીજીનો ઊંડો પ્રભાવ પડયો. એક મુલાકાતમાં રોમાં રોલાંએ આ પુસ્તક વાંચી જવાની ભલામણ કરતાં ગાંધીજીને બીજા ઈશુ ખ્રિસ્ત તરીકે વર્ણવેલા અને હિંદુસ્તાન જઈ એમને મળવાનું સૂચન પણ કરેલું. પછી તો તેઓ ગાંધીજીને મળવા ને તેમની પાસે રહેવા અધીરાં બની ગયાં. અહીં આવતાં પહેલાં એમણે આશ્રમના તિતિક્ષામય જીવન માટે પૂર્વતૈયારી કરવા માંડી. મદ્યપાન અને માંસાહાર છોડી દઈ ભોંય પર સૂવાબેસવાની પણ ટેવ પાડવા માંડી. રૂ મળતું નહોતું એટલે તેઓ ઊન પર કાંતતા શીખ્યાં. આમ, ખડતલ જીવન જીવવા માટે એક વર્ષ સુધી જાતને તૈયાર કરીને તેઓ ૧૯૨૫ના નવેમ્બરમાં હિંદુસ્તાન આવ્યાં.



ગાંધીજીએ એમને પોતાની દીકરી બનાવી આવકાર્યાં ને મીરાંબહેન નામ આપ્યું. બસ, તે દિવસથી આરંભી છેક ૧૯૪૮માં ગાંધીજીએ ચિરવિદાય લીધી ત્યાં સુધી મીરાંબહેન ગાંધીજી સાથે એમની દરેક પ્રવૃત્તિઓમાં એકરત થઈ રહ્યાં. સત્યાગ્રહના આરંભના દિવસો, મીઠાના સત્યાગ્રહથી માંડી ગાંધીજીની વાઈસરૉય સાથેની મુલાકાતો, ગોળમેજી પરિષદ અને બીજા વિશ્વયુદ્ધના કાળની ચળવળો વગેરે સુધી બધો વખત એ શાંત, અનાસક્ત મહિલા દેશના લોકો સાથે એકરૂપ બની તેમનાં સુખદુ:ખમાં ભાગીદાર બની રહેલાં. દેશને સ્વાતંત્ર્ય મળ્યા બાદ ભારત સરકારની નીતિ ગાંધીજીના ગ્રામલક્ષી વિચારોથી ચાતરી જતી લાગતાં. એ અંગે ખેડૂતોમાં જાગૃતિ પ્રકટાવવા ઉત્તર પ્રદેશના ઘણા ભાગોમાં જાતે ફરીફરીને ગાંધીવિચારનો પ્રસાર કરતાં. 'બાપુરાજ' નામે વિવિધ ભાષામાં એક પત્રિકા પણ પ્રકટ કરીકરીને બધે વહેંચતાં. એમાં એમને લોકોનો સાથ તો મળ્યો, પરંતુ નેતાગણ તેમને સાથ આપી શક્યો નહિ. આ પછી તેઓ તેહરીથી થોડે દૂર પીલાની નામના ગામે એક નાના આશ્રમમાં રહ્યાં. નીચા પ્રદેશમાં તેમનાથી ગરમી સહન થતી નહિ એટલે તેઓ ઊંચાઈ ઉપર રહેવાનું પસંદ કરતાં. પરંતુ જ્યાં જતાં ત્યાં સ્થાનિક લોકો સાથે પૂરેપૂરાં ભળી જતાં અને ત્યાં પ્રાપ્ય સામગ્રીમાંથી પોતાની સગવડો ઊભી કરી લેતાં. પ્રકૃતિપ્રેમી તો એ હતાં જ, પશુપ્રેમ પણ એવો જ હતો, અને ગાંધીજીના વિચાર પ્રમાણે ગ્રામોદ્ધારનાં કાર્યોમાં ખેતીની સાથોસાથ પશુપાલનમાં પણ તેમને યે એટલી જ શ્રદ્ધા હતી. હૃષીકેશ નજીક એમણે 'પશુલોક' નામે એક આશ્રમ સ્થાપેલો. અને ગાંધીજીએ એમના માટે કરેલી વ્યવસ્થા પ્રમાણે એમને જે અમુક રકમ મળતી તેમાંથી તેઓ સાદું જીવન જીવતાં.

પરંતુ સ્વરાજનો આ દેશમાં જે રીતે ઉપયોગ થતો હતો તે તેમના મત પ્રમાણે ગાંધીજીની કલ્પનાના સ્વરાજથી બહુ ભિન્ન લાગતો. ગાંધીજીનાં આ ચુસ્ત અનુયાયીને એ સ્વીકાર્ય નહોતું. અંતે ૧૯૫૯માં ભારત છોડી તેઓ યુરોપ ચાલ્યાં ગયાં અને ત્યાં ઑસ્ટ્રીઆની સરકારની સહાયથી વિયેના નજીક એક આશ્રમ સ્થાપીને લેખનવાચન, ગૌપાલન ઇત્યાદિ પ્રવૃત્તિઓમાં લાગી જઈ ગાંધીઆશ્રમમાં રહેલાં એ રીતે રહેવાં લાગ્યાં. અહીં ૧૯૭૭થી એમની તબિયત બગડતી ચાલી. ભારત સરકાર એમને ત્યાં જોઈતી મદદ આપતી હતી. આ વર્ષે એમને 'પદ્મવિભૂષણ'ના માનથી નવાજ્યાં હતાં જેના સ્વીકાર માટે તબિયતના કારણે તેમનાથી ભારત આવી શકાયું નહોતું.

ગાંધીજીની પેઠે એમની પણ બધી પ્રવૃત્તિઓ આધ્યાત્મિક ખોજને માટે જ જાણે હતી. અને એ માટે એમણે જીવનની બધી સગવડો જતી કરીને ભારતને માટે ભેખ લઈ ગાંધીજીની પ્રત્યેક પ્રવૃત્તિમાં નિષ્ઠાથી સાથ આપ્યો અને જીવનના અંત સુધી તે નિષ્ઠા જાળવીને એક ઉદાત્ત જીવનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું છે. ગાંધીજીએ સેવેલા વિચારોને પૂર્ણ શ્રદ્ધાપૂર્વક મૂર્ત સ્વરૂપ આપવા એમણે જીવનભર પ્રામાણિકપણે જે પ્રયત્નો કર્યા તે આપણે કરી શક્યા હોત તો ?

(એમનો વિસ્તૃત પરિચય હવે પછી.)

ભારતના વિખ્યાત ખગોળજ્ઞ સ્વ. ડૉ. વેણુ બાપ્પુ

પ્રો. એમ. જી. કે. મેનને જેમને 'વીસમી સદીના સહુથી મહાન ખગોળશાસ્ત્રી' તરીકે બિરદાવ્યા છે તે ડૉ. વેણુ બાપ્પુનું ગયા ઑગસ્ટની ૧૯ તારીખે અવસાન થતાં ખગોળનો એક પ્રકાશપુંજ ખરી પડયો! એમનો જન્મ પણ ઑગસ્ટની ૯મી તારીખે ઈ. ૧૯૨૭માં થએલો.

સત્તર ઑગસ્ટના અખબારમાં જ્યારે વાંચ્યું કે મ્યુનિખ ખાતે હૃદય ઉપરની એક શસ્ત્રક્રિયા બાદ કિડનીની કામગીરીમાં મુશ્કેલી ઊભી



થતાં ડૉ. બાપ્પુની સ્થિતિ વધુ ગંભીર થઇ રહી છે, ત્યારે જ મન આશંકાઓથી ઘેરાઈ ગયું હતું. હજી તો થોડા સમય પૂર્વે જ એમનાં બે પ્રવચનો અમદાવાદમાં સાંભળ્યાં હતાં — 'ધ રીટર્ન' ઑવ ધ કૉમેટ, (તા. ૨૮-૧૨-૧૯૮૧) અને 'ડિસ્ટન્સીઝ ઈન ધી યુનિવર્સ' (૮-૧-૮૨), જેમાં એમણે ૧૯૧૦માં છેલ્લે દેખાએલા અને હવે ૧૯૮૬માં દેખાનારા હેલીના ધૂમકેતુ અંગેની વાતો કરી હતી. એ વખતે કલ્પના પણ ન હતી કે હેલીનો ધૂમકેતુ તો આવશે, પણ ત્યારે આ મહાન ખગોળશાસ્ત્રી નહિ હોય! ખુદ મૃત્યુને પણ વિજ્ઞાનમાં રસ પડ્યો હશે, નહિ તો માત્ર ૫૫ વર્ષની વયે, એમને આમ અધવચ્ચેથી ઉપાડી લેવાનો આવો અવિવેક ન કરે.

ડૉ. વેણુ બાપ્પુએ મદ્રાસ યુનિવર્સિટીમાંથી ભૌતિકશાસ્ત્રમાં ડિગ્રી મેળવી, હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી ખગોળ ભૌતિકશાસ્ત્રમાં ડૉક્ટરેટ કર્યું હતું. બૅંગલોર ખાતેના 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑવ ઍસ્ટ્રોફિઝિક્સ'ના તેઓ સ્થાપક અને નિયામક હતા તથા છેલ્લાં ત્રણ વર્ષથી તેઓ 'ઈન્ટરનેશનલ ઍસ્ટ્રૉનૉમિકલ યુનિયન'ના પ્રમુખ પણ હતા. આવી સંસ્થાના પ્રમુખ થવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત કરનાર તેઓ એકમાત્ર ભારતીય હતા. તેઓને એસ. એસ. ભટનાગર ઍવૉર્ડ પણ અપાયો હતો. સંખ્યાબંધ રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય ખગોળશાસ્ત્રીય મંડળો સાથે તેઓ સંકળાએલા હતા, જેમાં લંડનની 'રૉયલ ઍસ્ટ્રૉનૉમિકલ સોસાયટી' તેમ જ બેલ્જિયમની 'રૉયલ સોસાયટી ઑવ સાયંસિસ' ઉલ્લેખનીય છે.

ભગવાન પણ આપતાં થાકે એટલી બધી આપણી અપેક્ષાઓ હોય છે. પણ ખગોળશાસ્ત્રમાં રસ ધરાવનાર વ્યક્તિને ઓછામાં ઓછી ત્રણેક મહેચ્છાઓ તો હોય જ છે: (૧) સારું ટેલિસ્કોપ-દૂરબીન બનાવવાની યા વસાવવાની, (૨) પોતાનું નામ પામે તેવો નવો ધૂમકેતુ શોધવાની અને ખગોળક્ષેત્રે કોઈ આંતરરાષ્ટ્રીય સમ્માન પામવાની. વિજ્ઞાનને ચકચૂર પીને બેઠેલા ડૉ. બાપ્પુની આ ત્રણે મહેચ્છાઓ ફળી હતી.

ડૉ. બાપ્પુએ અમેરિકામાં અભ્યાસ દરમિયાન ઈ. ૧૯૪૯માં એક ધૂમકેતુ શોધી કાઢેલો, જે હવે ૬૦,૦૦૦ વર્ષ પછી ફરી દેખાશે. એ ધૂમકેતુ એમના તથા એમના ગુરુ પ્રો. બાર્ટ જાન બૉક તેમ જ બૉબ ગૉર્ડન ન્યૂકિર્કના સંયુક્ત નામે 'બાપ્પુ, બૉક ઍન્ડ ન્યૂકિર્ક' (Bappu, Bok and Newkirk)'ના ધૂમકેતુ તરીકે ઓળખાય છે. આ અગાઉ ભારતની ધરતી પરથી છેક ઇ. ૧૬૮૨માં ભારતીય નહિ, પણ એક ફ્રેન્ચ પાદરીએ પૉન્ડિચેરીમાંથી શોધેલા ધૂમકેતુ પછી કોઈ પણ ભારતવાસીએ આજ સુધી નવો ધૂમકેતુ શોધ્યો નથી! આ રીતે ડૉ. બાપ્પુ નવો ધૂમકેતુ શોધનાર સૌપ્રથમ ભારતીય હતા.

ટેલિસ્કોપ તો ખગોળશાસ્ત્રીની મહામૂલી મિરાત છે. આવા ટેલિસ્કોપ અને એના વસ્તુકાચ યા દગકાચ (લેન્સ) તેમ જ દર્પણ (મિરર) બનાવવાનો કસબ ડૉ. બાપ્પુને હસ્તામલકવત્ હતો. એમના જવાથી ટેલિસ્કોપ બનાવવાના ક્ષેત્રે આપણે ત્યાં મોટો શૂન્યાવકાશ સર્જાયો છે. માઉન્ટ આબુ ખાતે બંધાનાર ૪૮ ઇંચ વ્યાસના ઇન્ફ્રારેડ ટેલિસ્કોપનો દર્પણ-કાચ બનાવવાની કામગીરી એમણે ઉપાડી હતી. છેલ્લાં થોડાં વર્ષોથી બૅંગલોર પાસેના કાવલૂર ખાતે તેઓ ભારતના સહુથી મોટા પ્રકાશીય દૂરબીન બનાવવાના કાર્યમાં વ્યસ્ત હતા. આ દૂરબીનનો વ્યાસ ૯૦ ઇંચનો થશે. દુનિયાભરમાં આનાથી મોટાં માત્ર ૧૫ ટેલિસ્કોપ જ હાલ અસ્તિત્વમાં છે. આ ઉપરાંત, ૪૦ થી ૧૫ ઇંચનાં અનેક નાનાંમોટાં ટેલિસ્કોપ એમણે તૈયાર કર્યાં હતાં. હકીકતે નૈનિતાલ અને કાવલૂર ખાતેની વેધશાળાઓ એમની જ રાહબરી નીચે તૈયાર થઇ છે, તો કોડાઇકેનાલ વેધશાળાને આગળ લાવવામાં પણ એમનો ફાળો નાનોસૂનો નથી. આમ, એક અચ્છા ખગોળશાસ્ત્રી અને કાબેલ વ્યવસ્થાપક ઉપરાંત, ડૉ. બાપ્પુ ટેલિસ્કોપ અને વેધશાળા ઊભી કરનાર અત્યંત કુશળ ઈજનેર પણ હતા.

ડૉ. બાપ્પુનું મુખ્ય સંશોધન સૌર તથા તારકીય ભૌતિકશાસ્ત્ર **(Solar and Stellar Physics)** સંબંધી તેમ જ તારા અને ધૂમકેતુના વર્ણક્રમ (સ્પેક્ટ્રમ)ને અનુલક્ષીને હતું. આ ઉપરાંત, એમનાં સંશોધનોનો વ્યાપ આપણા તારાવિશ્વ (Galaxy)થી માંડીને અન્ય તારાવિશ્વો સુધી પ્રસર્યો હતો. પણ ખગોળશાસ્ત્રમાં એ વધુ જાણીતા તો થયા એમની 'વિલ્સન-બાપ્પુ ઇફેક્ટ' તરીકે ઓળખાતી એક શોધથી.

ખગોળશાસ્ત્રમાં લાલ તારા ઠંડા ગણાય છે, જ્યારે નીલ તારા અતિ ગરમ. આમ, તારાઓના રંગ એમનું ઉષ્ણતામાન સૂચવે છે. જેમ તારો ગરમ એમ તેમાં આયનિત હિલિયમ વાયુનું પ્રમાણ વધુ. જ્યારે ઠંડા તારામાં ભારે તત્ત્વો કે ધાતુઓનું પ્રાધાન્ય હોય છે. આપણો સૂર્ય ઠંડો તારો છે. એવી જ રીતે, રોહિણી (આલ્ડિબરાન), ધ્રુવ, તારો, અગત્સ્ય, સ્વાતિ, આર્દ્રા વગેરે ઠંડા વર્ગના તારા છે. આ તારાઓના પ્રકાશનું સ્પેક્ટ્રોસ્કોપ (વર્ણપટદર્શક)માં વિશ્લેષણ કરીએ તો એમાં ભારે તત્ત્વોનું પ્રાધાન્ય સૂચવતી રેખાઓ જણાય છે. આવા ઠંડા તારાઓમાં રહેલું કૅલ્સિયમ તત્ત્વ પોતાની આગવી રેખા બનાવે છે. આ રેખાની પહોળાઇ વગેરે જેવા ગુણધર્મો તેમ જ એમની અને તારાનાં નિરપેક્ષ કાંતિમાન **(Absolute magnitude)** વચ્ચેનો સંબંધ પુરવાર કરતા ડૉ. બાપ્પુના સંશોધનને 'વિલ્સન-બાપ્પુ ઇફેક્ટ' કહેવાય છે.

આમ તો, ડૉ. બાપ્પુ ભારતની ખગોળ સંબંધી સર્વ પ્રવૃત્તિમાં ધરી રૂપ હતા, પણ ટેલિસ્કોપ બનાવવાનું એમનું કૌશલ્ય ખાસ દાદ માગી લે તેવું હતું. ભારતની મર્યાદિત સાધન-સંપત્તિ અને જરૂરી ટેક્નૉલૉજીનો અભાવ જોતાં ડૉ. બાપ્પુના આ કાર્યની સરખામણી ૨૦૦ ઇંચનું ટેલિસ્કોપ બનાવનાર જ્યૉર્જ હેલ (George Ellery Hale) અને એના સાથી રસેલ પૉર્ટર (Russell W. Porter) સાથે કરવી એ ખરું પૂછો તો ડૉ. બાપ્પુને અન્યાય કરવા જેવું છે. એમના જવાથી ખગોળક્ષેત્રે આપણે તેજસ્વી તારક ખોયો છે. —ડૉ. સુશ્રુત પટેલ

માણસ

—માણસની આંખ જો પૂરેપૂરી તંદુરસ્ત હોય તો લગભગ ૧૭,૦૦૦ જેટલા રંગભેદ પારખી શકે છે.

—માણસ પોતાના શરીરમાં કુલ લગભગ ૫૦,૦૦૦ માઈલ જેટલી લાંબી રક્તવાહિનીઓ લઈને હરેફરે છે.

—સરાસરી વજન ધરાવતો માણસ એક દિવસ માત્ર બેસી જ રહે તોયે તેના શરીરમાંની શર્કરાને કાર્બન ડાયૉક્સાઈડ તથા પાણીમાં ફેરવવા એટલી શક્તિ વપરાય છે કે તેનાથી એક ડીઝલ એંજિન પૂર ઝડપે ચાલે.

—માણસનું હૃદય એક વર્ષમાં ૧૫૦ લાખ ગેલન જેટલું લોહી ધકેલે છે. આ રીતે સરાસરી આવરદા દરમિયાન એ એટલું લોહી ધકેલે કે બોઇંગ ૭૪૭ જેટ વિમાનની લગભગ ૨૧૦૦ જેટલી ટાંકી ભરાય.

ઇતિહાસ-ધારા

અશોક હર્ષ

ભારતની વિશ્વવિખ્યાત 'મુલ્કમેદાન' તોપ આજે યે દુનિયા-ભરનું એક આશ્ચર્ય રહેલું છે, અને વિજાપુરના બુરજ પરની એ તોપ ઉપર પ્રેક્ષકોના સતત ફરતા રહેતા હાથને લઇને તે એવી લીસી બની ગઇ છે કે જોનાર તેમાં પોતાના ચહેરાનું પ્રતિબિંબ જોઇ શકે. એને ત્યાંથી ખસેડવાના તમામ પ્રયત્નો નિષ્ફળ ગયા છે. આ દેશ પર અંગ્રેજોના અમલ દરમિયાન ઇંગ્લૅન્ડના રાજા ચોથા વિલિયમે ઇ. ૧૮૨૩માં એ તોપ ઇંગ્લૅન્ડ લઇ જવા કેટલાક ઈજનેરોને મોકલી આપેલા, પણ એ તોપને બુરજ પરથી ખસેડવાના તેમના તમામ પ્રયત્નો નિષ્ફળ ગયેલા.

આ તોપ પર કશીક નક્કર વસ્તુ પછાડતાં તેમાંથી ઘંટ જેવો અવાજ નીકળે છે. એ કઇ ધાતુની બનેલી છે તે આજ સુધી નક્કી થઇ શક્યું નથી. તુર્કીના હુસેનખાં નામના કારીગરે અહમદનગર મુકામે તે બનાવી હોવાનું અને પરંડાના કિલ્લા પર મૂકી હોવાનું કહેવાય છે. વિજાપુરના સુલતાનના પ્રધાન મુરાર પંડિતે તેને પરંડાથી વિજાપુર આણી હતી.

ચૌદ ફૂટ લાંબી અને એક ફૂટ જાડી આ તોપના પોલાણનો વ્યાસ ૨ ફૂટ ૪ ઇંચ છે. તેનું મોઢું સિંહના જડબા જેવું છે અને તેમાં હાથીને પકડેલો દર્શાવેલ છે. તેનું વજન ૩૧૦૦૦ પૌંડ અંદાજવામાં આવે છે અને એના નિર્માણથી માંડી આજ સુધીમાં તે એક જ વાર ફોડવામાં આવી હોવાનું કહેવાય છે.

આ તોપ પહેલવહેલી દાગવામાં આવેલી ત્યારે શહેરની કેટલીય ઇમારતો પાયામાંથી હલી ઊઠેલી, કેટલીય જમીનદોસ્ત થઇ ગયેલી, કેટલાય ઘોડેસવારો તેમના ઘોડા ભડકતાં ઊથલી પડેલા. તોપચી તેને દાગ્યા પછી નજીકની વાવમાં કૂદી પડેલો, પરંતુ એ વાવનું પાણી એટલું ખળભળી ઊઠેલું કે તે એ વાવમાં જ મૃત્યુ પામેલો.

શાહજહાંએ ઇ. ૧૬૩૪માં આ તોપ મેળવવા પોતાનું સૈન્ય મોકલી આપેલું, પણ તે પરાજય પામેલું. એ પછી ઔરંગઝેબે વિજાપુર જીતી એ તોપ દિલ્હી લઇ જવાનો પ્રયત્ન કરેલો, પણ એ નિષ્ફળ જતાં છેવટે તોપના મુખે આવેલા સિંહના માથા પર ફારસીમાં પોતાનો એક લેખ કોતરાવીને તેણે સંતોષ માની લીધો હતો.

મરાઠા ઇતિહાસમાં શાહજીનો સસરો ને શિવાજીનો નાનો લખુજી જાધવ એક વિલક્ષણ વ્યક્તિ તરીકે તરી આવે છે. અહમદનગરના સુલતાન નિઝામશાહના એક સરદાર તરીકે તેણે દોલતાબાદનો અજેય ગણાતો કિલ્લો તેને જીતી આપીને નામના મેળવેલી. દેવગિરિ અથવા દોલતાબાદથી એ પૂરેપૂરો પરિચિત હતો. કિલ્લામાં કોઈ વસ્તુની તંગી નહોતી, માત્ર ઘોડાઓ તથા અન્ય પશુઓ માટે ઘાસની તંગી રહેતી, એટલે દરરોજ ઘાસની ગાંસડીઓ કિલ્લા પર મોકલવામાં આવતી. લખુજીએ એ ઘાસવાળાઓને ફોડ્યા અને ઘાસની દરેક ગાંસડીમાં એણે નિઝામશાહી સૈનિકોને સંતાડીને મોકલી આપ્યા. ગાંસડીઓ છૂટતાં જ અંદરથી સૈનિકોએ નીકળી પડી પહેરેદારોને પૂરા કર્યા અને પછી કિલ્લાને બહારથી લાગેલાં તાળાં તોડી નાખી કિલ્લાની અંદર ધૂસી જઈ ત્યાંના અસાવધ સૈનિકોની કત્લ શરૂ કરી કિલ્લો કબજે કરી લીધો.

શિવાજીનો પિતા શાહજી પણ લખુજી જેવો શૂરવીર અને નિઝામશાહનો વફાદાર સેવક હતો. નિઝામશાહ મુર્તિજા અને તેના વઝીર મલિક અંબરે લખુજીને તેની દીકરી શાહજીને પરણાવવાનો આગ્રહ કર્યો. લખુજીને શાહજી વિરુદ્ધ મનમાં તેજોદ્વેષ હોઇ તેને આ પ્રસ્તાવ રુચ્યો નહિ, પણ પોતાની જાગીર, મરતબો ને સરદારી ચાલુ રહે એ માટે તેણે નામરજીએ પણ શાહજીને પોતાનો જમાઈ બનાવ્યો.

પરંતુ એ પછી તો નિઝામશાહ મૂર્તિજાએ શાહજીને જાગીર આપી તેનો મરતબો વધારી દીધો. પરિણામે લખુજીનો તેજોદ્વેષ એટલો તો પ્રજળી ઊઠયો કે તે નિઝામશાહને છોડી વિજાપુરના આદિલશાહને ત્યાં જઈ શાહજીને પાડવાના પ્રયત્ન કરવા લાગ્યો. પરંતુ પછી શાહજી પણ આદિલશાહને ત્યાં આવી જતાં આ જમાઇદ્વેષી સસરાએ પાછો નિઝામશાહનો આશરો લીધો જ્યાં નિઝામશાહી સૈનિકોએ તેની હત્યા કરી.

આજીવન પોતાની સાથે દુશ્મનાવટ રાખ્યા છતાં લખુજીની આ હત્યા શાહજીને ખટકી અને તેનો બદલો તેણે નિઝામશાહ સામે મેદાને પડી, તેનો પૂણેથી સંગમનેર સુધીનો પ્રદેશ અને ખાનજહાં લોદીની મદદ લઈ જુન્નરથી દોલતાબાદ સુધીના કિલ્લાઓ જીતી લીધા.

આટલેથી જ ન અટકતાં તે એ વખતે નિઝામશાહ સામે ચડી આવેલા શાહજહાંને મળ્યો, અને આદિલશાહ, શાહજહાં અને શાહજી એ ત્રણેનાં સંયુક્ત લશ્કરે નિઝામશાહ સામે આક્રમણ શરૂ કર્યું. ખુદ કુદરત પણ નિઝામશાહની વિરુદ્ધ પડી અને તેના મુલ્કમાં ભયંકર દુકાળ પડતાં તેનો ખજાનો ખાલી થઈ ગયો, તેનું સૈન્ય ભૂખે મરવા લાગ્યું.

ગમે તેમ પણ એ જ નિઝામશાહે એક કાળે પોતાના પર પુત્ર સમાન પ્રેમ રાખેલો, એની આ દુર્દશા શાહજીથી સહન ન થઈ શકી. તેણે આદિલશાહને સમજાવ્યો, અને બંનેએ પોતપોતાનાં સૈન્યો પાછાં ખેંચી લીધાં.

શિવાજીની મા જિજાબાઈ આ લખુજી જાધવની પુત્રી. શાહજી એક વાર તેને શિવનેરી મૂકીને કશાક અગત્યના કામે ગએલો ત્યારે એ ગેરહાજરીની તક સાધી લખુજી પોતાની દીકરી પાસે આવી પહોંચ્યો અને શિવનેરીમાં રહીને મુગલોના હાથે પકડાઈ જવાનો ભય હોઈ પોતાની સાથે પિયર ચાલવા કહ્યુ. જિજાબાઇને પતિ અને પિતા વચ્ચેના હાડવેરની જાણ હોઇને તેણે ત્યાંથી ખસવાની ચોખ્ખી ના સંભળાવી દેતાં કહ્યું, 'એમના (શાહજીના) બદલે હું જ તમારા હાથમાં આવી છું તો જે બદલો લેવો હોય તે લઈ લો!' પરિણામે લખુજી ભોંઠો પડીને ચાલતો થયો.

શિવાજીના ઘડતરમાં સૌથી મોટો ફાળો તેની આ સ્વમાની ને શૂર માતાનો હતો. શિવાજી તેની સલાહ વિના આગળ પગલું ન ભરતા. ઉત્તરવયે રાયગઢનું હવામાન જિજાબાઇને માફક ન આવતાં તેને માટે તળેટીના પાંચાડ નામના ગામમાં રહેવાની વ્યવસ્થા કરી હતી અને તેની તહેનાત માટે જ એક અલગ ખાતું ઊભું કર્યું હતું. જિજાબાઈનું અવસાન આ પાંચાડ મુકામે જ થયું.

પેશવાઓમાં સૌથી વધુ કમનસીબ કોઈ પેશવા હોય તો નારાયણરાવ. રાઘોબાના કહેવાથી તા. ૩૦મી ઑગસ્ટ ૧૭૭૩ના રોજ ગાર્દીઓએ તેનું ખૂન કર્યું ત્યારે રાઘોબા ચોકમાં માથે હાથ દઈ બેઠેલા ત્યાં એક નાયક આવી બોલ્યો, 'વાહવાહ, દાદાસાહેબ, કમાલ કરી તમે તો!' ત્યાં તો બેફામ બનેલા ગાર્દીઓ ત્યાં આવી પહોંચ્યા અને નાયકના શબ્દો સાંભળી સીધું જ તેનું માથું ઉડાવી દીધું અને શનવારવાડાના તમામ દરવાજા બંધ કરી દઈ રાઘોબા પાસે નારાયણરાવના ખૂન બદલ નક્કી કરેલી રકમ આપી દેવા તકાદો કરવા લાગ્યા-

ખૂનની વાત સાંભળી મોટામોટા સરદારો શનવારવાડા પર દોડી આવ્યા. વાડામાંથી રોકકળના અવાજો સંભળાતા હતા, પણ બધા દરવાજા બંધ હતા. છેવટે સરદારોએ હથિયારો નીચાં નાખી દેતાં તેમનામાંથી ભવાનરાવ પ્રતિનિધિ માલોજી ઘોરપડે તથા બાપુજી નાઈકને અંદર આવવા દીધા. તેમણે રાઘોબાએ નક્કી કર્યા મુજબ નવ લાખ રૂપિયા ગાર્દીઓને અપાવતાં તેમણે દરવાજા ખોલી નાખ્યા.

નારાયણરાવ પેશવાના શરીરના આમતેમ વેરાયેલા ટુકડા ભેગા કરી એક પોટલીમાં બાંધવામાં આવ્યા. એમની નનામી ઉપાડવા કોઈ તૈયાર ન થતાં છેવટે તેલંગી બ્રાહ્મણો દ્વારા તે ઉપડાવી શબનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો.

જબ મૈં થી તબ પિયુ નાહિં, અબ પિયુ હૈં મૈં નાહિં;
પ્રેમગલી અતિ સાંકરિ, યા મેં દુઈ ન સમાહિં.

—કબીર—

એક વાર કાંગડી ગુરુકુળમાં મોટી આગ લાગી. આશ્રમમાં કૂવો અને રેંટ હતા, પણ બળદ નહિ તેથી અનેક જણ મૂંઝાતા હતા. પણ તેમાંનો એક દૂબળો માણસ તરત રેંટના બળદની જગ્યાએ જોડાઈ ગયો, રેંટ ચાલુ થયો, પાણી મળવા માંડ્યું ને આગ થોડી વારમાં બુઝાવી શકાઈ. બળદની જગ્યાએ જોડાનાર એ વ્યક્તિ તે ગુજરાતમાં 'સસ્તા સાહિત્ય'ના આદ્ય પ્રવર્તક ભિક્ષુ અખંડાનંદજી.

~

કહેવતોના અર્થ: 'લોઢી પર ત્રચકો'– આંગળી પર પાણી ચડાવીને તેનો ત્રચકો– છાંટો ખૂબ તપાવેલી લોઢી પર નાખવાથી જેમ તેની કશી અસર ન થતાં તે વરાળ થઈને ઊડી જાય છે, તેમ અસાધારણ દુઃખ, મહાન આપત્તિ કે અસાધ્ય મુશ્કેલીના ઘોડાપૂરને રોકી ન શકાય તેવી સ્થિતિમાં કરેલા પ્રયત્નોનું મિથ્યાપણું દર્શાવવા આ કહેવત વપરાય છે. એવી જ બીજી કહેવતો: 'કાગળે દવ ન હોલાય'; 'ફૂંકે વાદળું ન ખસે'; 'મણનાં તૂટ્યાં શેરે ન સંધાય'; 'લાખનાં તૂટ્યાં સોયે ન સંધાય'; 'ખાલખોસના ઘા (ફક્ત ચામડી જ ચિરાય એવા આછા ઘા)થી દુશ્મન ગાંજે નહિ.' વગેરે.

~

મહર્ષિ વ્યાસની લગભગ પ્રત્યેક રચનામાં ૧૮નો અંક નજરે પડશે: જેમ કે ૧૮ પુરાણ, મહાભારતનાં ૧૮ પર્વ, યુદ્ધના ૧૮ દિવસો, ૧૮ અક્ષૌહિણી સૈન્ય, ગીતાના ૧૮ અધ્યાય વ.

~

અનેકાર્થી શબ્દ: **ઘાણ**=એક ફેરે રંધાય, તળાય કે કચરાય, ખંડાય એટલો જથો; આખા જથાનો એવો એકમ કે ભાગ; સંહાર, ખરાબી; મોટો હથોડો, ઘણ; લાકડું કોરી ખાનાર એક કીડો; ગંધ, બદબુ.

~

માણસના શરીરમાં અર્ધા ઉપરાંતનો ભાગ પાણી છે. પૂર્ણિમાના ચંદ્રના આકર્ષણથી જેમ સમુદ્રમાં મોટી ભરતી આવે છે તેમ પૂનમને દિવસે માણસના શરીર પર પણ તેનો વિશેષ પ્રભાવ રહે છે. આ શારીરિક ભરતીના કારણે તેના માનસમાં પણ કેટલાક ફેરફાર થાય છે, જેમાંની એક અસર એ પણ છે કે ત્યારે તે ઝેર લેવા કે આપવા પણ પ્રેરાય છે.

~

બે પુત્રો અને બે પિતા–ત્રણ ફળને સરખે ભાગે વહેંચીને એકએક ફળ કઈ રીતે ખાઇ શકે?

(જો એ પુત્ર, પિતા અને પિતામહ હોય તો.)

बलवानपि निस्तेजाः
कस्य नाभिभवास्पदम् ।
निःशंकं दीयते लौकैः
पश्य भस्मचये पदम् ॥

ગમે તેવા બલિષ્ઠની–ભલા ભૂપની–પણ તેના નિસ્તેજ થયા પછી કોઈ ગણના કરતું નથી. અંગારો અંગારા મારતો હોય ત્યાં સુધી જ લોકો તેનાથી દૂર રહે છે. તે બળીને રાખ થતાં સૌ નીડરતાથી તેના પર પગ મૂકીને ચાલ્યા જાય છે.

~

કોઈ પણ રકમને તે જ રકમ વડે ગુણો તો ગુણાકારને છેડે ૨, ૩, ૭ કે ૮ કદી નહિ આવે; ને ગુણાકારને છેડે એકી અંક આવશે તો દશકની જગ્યાએ હમેશાં બેકી અંક આવશે.

~

કહેવાય છે કે અનુભવ મૂર્ખને પણ ડાહ્યો બનાવે છે.

'એટલે જ તો હું મારા અનુભવોનો તને લાભ આપી રહ્યો છું ને!'



કલાકણિકા: માટી-પાત્રોના સુશોભન માટે જગવિખ્યાત ક્રીટ ટાપુનો એક પ્રાચીન કુંજો.

અનુસંધાન] **સાહિત્યસંપર્ક** [પૃ. ૨૧૩થી અને બીજામાં ૫૮) પ્રતિનિધિ રચનાઓનો સમાવેશ છે. અનેક નિમિત્તો અને અનેક રીતે ખીલેલા ગુજરાતી ગદ્યમાં અભ્યાસનો એક જુદો જ વિષય બની રહે એટલું વૈવિધ્ય અને એટલી સમૃદ્ધિ છે. પ્રસ્તુત સંચયનાં ૬૫૦ પૃષ્ઠ જેટલી મર્યાદામાં તેમાંથી ચયન કરી આપવું એ અલબત્ત, અતિ ભારે કામ હોવા છતાં તેના સંપાદકો (પ્રથમ ભાગના શ્રી ઉપેન્દ્ર પંડ્યા ને શ્રી પ્રમોદકુમાર પટેલ તથા બીજાના શ્રી યશવન્ત શુક્લ અને શ્રી પ્રવીણ દરજી) એ વિષય-વૈવિધ્ય જાળવવા સાથે તે પ્રશંસનીય રીતે પાર પાડ્યું છે. પ્રાચીન ગુજરાતી ગદ્યના આ સાથેના નમૂના એ સંચયમાંથી લીધા છે અને નોંધ પણ તેના આધારે કરેલી છે. ગુજરાતી ગદ્યના અભ્યાસાર્થે અનેક રીતે રસપ્રદ આ 'ગદ્યસંચય ૧–૨' (કિં. અનુક્રમે ૩૦ અને ૩૨ રૂ.) ખરેખર આવકાર્ય છે.

'જીવનનું કાવ્ય'
કાકાસાહેબની કવિતા

ગાંધીયુગમાં ગુજરાતી ગદ્યે જે સરળ-સહજ રૂપ ધારણ કર્યું તેમાં વિવિધ બોલીના લય-લહેકાવાળું અને આગવા ઓજસ-ઓથના કૌવતવાળું સ્વામી આનંદનું લખાણ ખાસ ધ્યાન આકર્ષે છે. આ જ રીતે કાકાસાહેબ કાલેલકરના સંસ્કૃતના સ્પર્શ અને વિનોદના હળવા પુટ સાથે કાવ્યતત્ત્વભર્યા કલ્પનાપ્રવાના લખાણે પણ આગવી પ્રતિષ્ઠા મેળવી છે. પહાડો, નદીઓ, વૃક્ષો, સાગર, આકાશ, તારા, સવાર-સાંજ કે મધ્યાહ્ન અને કાદવ સુધ્ધાંમાં કાવ્ય શોધી કાઢતી કાકાસાહેબની સૌન્દર્યદૃષ્ટિ સાથે એમની લલિત લેખનશૈલીએ અનન્ય સમન્વય સાધ્યો છે. એમનાં એ બધાં લખાણોમાંથી ઉત્તમ અને બહુજનભોગ્ય લખાણોનો પાંચસો પાનામાં એક રસપ્રચુર સંચય કરાવીને 'લોકમિલાપ ટ્રસ્ટે' 'જીવનનું કાવ્ય' નામે એક સરસ પ્રકાશન કર્યું છે. સ્મરણયાત્રા, હિમાલયનો પ્રવાસ, ઊગમણો દેશ, રખડવાનો આનંદ, જીવનનો આનંદ, જીવનલીલા, ઓતરાતી દીવાલો, અવારનવાર, મીઠાના પ્રતાપે, જીવનવિકાસ, જીવન-સંસ્કૃતિ, જીવનભારતી અને પરમ સખા મૃત્યુ એ કાકાસાહેબની કૃતિઓમાંથી સંચયના સંપાદક શ્રી ભોળાભાઈ પટેલે તારવીને આપેલા ૧૦૬ લેખો કાકાસાહેબની સૌન્દર્યદૃષ્ટિ અને લેખનસિદ્ધિનો ઉમદા પરિચય આપવા સાથે કાવ્યમય ગદ્યનાં ઉત્તમ ઉદાહરણો પૂરાં પાડે છે. ફરીફરી વાંચવું ગમે એવું આ સંપાદન છે.

(પ્રકાશક: લોકમિલાપ ટ્રસ્ટ, સહજાનંદ સ્વામી માર્ગ, ભાવનગર. કિં. ૩૦ રૂપિયા).